# બાઈબલની સરળ વાર્તાઓ

## નવી અને ગ્રામ્ય મંડળીઓ માટે




લેખકો :

જ્યોર્જ અને મે ઈનગ્રામ

અનુવાદક :

એમ. એમ. દાસ

14BGB2

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

# બાઈબલની સરળ વાર્તાઓ
# નવી અને ગ્રામ્ય મંડળીઓ માટે

આ વાર્તાઓ ઉપરાંત શિક્ષકને ઉપયોગી તેવી અન્ય માહિતી જેવી કે
ગીતો, બાપ્તિસ્મા, ભક્તિસભાની રૂપરેખા, સાદી પ્રાર્થનાઓ,
સોનેરી વચનો, વગેરેનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે

લેખકો: જ્યોર્જ અને મે ઈનગ્રામ
અનુવાદક: એમ. એમ. દાસ

સુધારેલી આવૃત્તિ
૧૯૯૯

***(With the help and guidance of***
***Miss Joeclyn Gordon - a retired missionary)***

♦ પ્રકાશક :
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી
સાહિત્ય સેવાસદન,
એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

♦ લેખક :
જયોર્જ અને મે ઈનગ્રામ

♦ અનુવાદક :
એમ. એમ. દાસ

♦ પ્રથમ આવૃત્તિ :
નવેમ્બર, ૧૯૯૯

♦ પ્રત : ૧૦૦૦

♦ કિંમત : રૂ. ૧૦

© સર્વ હકક લેખકને સ્વાધીન

♦ મુદ્રક :
જેન્સન કોમ્પ્યુટર્સ,
એ-૪ બેથલેહેમ ફ્લેટ, પટેલવાડી, ખોખરા સ્નાનાગાર સામે,
મણીનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮.
ફોન : ૨૧૬૨૪૪૧

અર્પણ

વૃધ્ધિ પામતા વિશ્વાસુઓને

# અનુક્રમણિકા


સંપાદકના બે બોલ
લેખકોની પ્રસ્તાવના
અનુવાદકનું આવેદન

વાર્તા ૧. સૃષ્ટિકર્તા ઈશ્વર
૨. માણસનું પાપમાં પડવું
૩. ખ્રિસ્તનો જન્મ
૪. ઉડાઉ દીકરો
૫. બી વાવનાર
૬. મોટું ભોજન
૭. ખોવાયેલું ઘેટું
૮. પક્ષઘાતીને સાજાપણું
૯. જન્મથી આંધળા માણસને ઈસુએ દેખતો કર્યો
૧૦. મૃત્યુ પામેલા લાજરસને જીવતો કર્યો
૧૧. પ્રભુ ઈસુ ખ્રિસ્તનું વધસ્તંભે જડાવું
૧૨. પુનરૂત્થાન અને સ્વર્ગારોહણ
૧૩. સ્વર્ગ
૧૪. સંત પાઉલનું બદલાણ
૧૫. પવિત્ર આત્મા
૧૬. સામુહિક પ્રાર્થના

૧૭. વ્યકિતગત કામ
૧૮. રવિવાર
૧૯. ઈશ્વરને આપવા વિષે (વિધવાની અધેલી)
૨૦. દશ કુમારિકાઓ
૨૧. આપણા પ્રભુનું પાછા આવવું
૨૨. સતાવણી
૨૩. જૂઠું બોલવું
૨૪. મૂર્તિપૂજા કરવાનું પાપ
૨૫. મરણ
૨૬. પ્રાર્થનાવાદી દાનિયેલ
૨૭. ખ્રિસ્તી લગ્ન (ઈબ્રાહિમના દીકરાનું લગ્ન)
૨૮. ઈશ્વરનો ન્યાય
૨૯. અગ્નિની ભઠ્ઠીમાં ત્રણ જુવાન
૩૦. દશાંશ આપવા સંબંધી
૩૧. ઈશ્વરનું કુટુંબ

## શિક્ષણમાં ઉપયોગી બાબતો

* પ્રત્યેક વ્યકિત વધારાની બીજી વ્યકિતઓને શીખવે
* આત્માઓ જીતનાર વ્યકિતને શિક્ષણ
* નમૂનાનો પાઠ
* દેખરેખ
* સાદા સવાલ જવાબ, બાઈબલની કલમો, ટૂંકી પ્રાર્થનાઓ ગીતો
* તારણનો માગ *(શબ્દ વગરના પુસ્તકમાં જણાવ્યા પ્રમાણે)*
* ગામના આગેવાને તથા નવા વિશ્વાસુઓ માટે શિક્ષણ
* શોધકો તથા નવા વિશ્વાસુઓ માટે પ્રશ્નોત્તરી

* દશ આજ્ઞાઓ (ટૂંકમાં)– પ્રશ્નોત્તરી ૧૦
* પ્રભુએ શીખવેલી પ્રાર્થના
* નીચેના વિષયોનું વધારાનું શિક્ષણ આપવામાં આવે
* શોધકોને શીખવવા માટેના ૧૬ અગત્યના મુદ્દા (બાપ્તિસ્મા પહેલાં)
* ગ્રામ્ય અને નવી મંડળીઓમાં ભકિતસભા ચલાવવાની સરળ રૂપરેખા
* પ્રેરિતોનું વિશ્વાસનામું
* પવિત્ર આત્માનું વ્યકિતત્વ અને કાર્ય
* પવિત્ર આત્મા દ્વારા પચાસમા દિવસે અને ત્યારબાદ થયેલું કાર્ય
* કષ્ટમય અઠવાડિયું *(તે અઠવાડિયા દરમિયાન દરરોજના બનાવો)*
* જૂના કરારની પૂરી થયેલી કેટલીક ભવિષ્યવાણીઓ
* બાઈબલમાંથી મોઢે કરવાનાં ૩૬ સોનેરી વચનો *(શોધકો, વિશ્વાસુઓ અને બાળકો માટે)*
* નમૂનાની સાદી પ્રાર્થનાઓ
* ગીતોની યાદી

# સંપાદકના બે બોલ

ખ્રિસ્તી શિક્ષણ માટે અતિ ઘણા ઉપયોગી એવા આ પુસ્તકની પ્રસ્તાવના લખવામાં હું ઘણો આનંદ અનુભવું છું.

આમ તો આ પુસ્તકના મૂળ લેખકોએ આ વાર્તાઓ નવી તથા ગ્રામ્ય મંડળીઓને ખ્રિસ્તી સિધ્ધાંતોનું શિક્ષણ આપવા માટે લખેલી. પણ આ પુસ્તકનો ઉપયોગ શહેર વિસ્તારની કે ગમે તે ક્ષેત્રની મંડળીઓમાં સફળતાપૂર્વક કરી શકાય તેમ છે. તેમાં બાઈબલમાંથી લીધેલી સાદી, સીધી તથા સરળ વાર્તાઓ મારફતે કોઈ પણ વ્યકિત સહેલાઈથી સમજી શકે તે રીતનું ખ્રિસ્તી સિધ્ધાંતોનું શિક્ષણ આપવામાં આવ્યું છે.

સન્ડે સ્કુલના શિક્ષકો માટે, પાળકો માટે, બાઈબલ અભ્યાસમાં દોરવણી આપતા આગેવાનો માટે, તેમ જ બાઈબલનો અંગત અભ્યાસ કરવા માગતી કોઈ પણ વ્યકિત માટે આ પુસ્તક ઘણું ઉપયોગી થઈ શકશે. ખ્રિસ્તી સિધ્ધાંતોથી બિલકુલ પરિચિત ન હોય તેવી વ્યકિતથી માંડી ખ્રિસ્તી સિધ્ધાંતોના જ્ઞાનમાં આગળ વધેલ હોય તેવા લોકો સુધી સર્વને જુદી જુદી રીતે આ પુસ્તક કામમાં આવશે.

સરળ ૩૦ વાર્તાઓ ઉપરાંત ખ્રિસ્તી શિક્ષણમાં ઉપયોગી એવી બીજી ઘણી બાબતોનો તેમાં સમાવેશ કરવામાંઆવ્યો છે જેની નોંધ પુસ્તકના મુખપૃષ્ઠ પર લેવામાં આવી છે. એ રીતે ઈશ્વરવિદ્યાના મૂળભુત સિધ્ધાંતોની સમજ આપવામાં આ પુસ્તક ઘણો મહત્વનો ફાળો આપે છે. માત્ર ગામડાના નવા બનેલા ખ્રિસ્તીઓ જ નહિ, પણ શહેરી વિસ્તારના લોકો પણ જો આ પુસ્તકનો

વિચારપૂર્વક ઉપયોગ કરે તો ખ્રિસ્તી ઈશ્વરવિદ્યાના મૂળ સિધ્ધાંતોથી તેઓ સુપરિચિત થઈ શકશે.

મૂળમાં અંગ્રેજીમાં લખાયેલ આવા ઘણી રીતે ઉપયોગી આ પુસ્તકને આપણી ગુજરાતી ભાષામાં ઉપલબ્ધ કરવા માટે આપણે મુ. દાસ અંકલનાં ઘણાં આભારી છીએ. સુંદર, સરળ અને ભાવવાહી અનુવાદ માટે તેમને અભિનંદન ઘટે છે. મુ. દાસ અંકલ તથા તેમનો ઈશ્વર પ્રત્યેનો ભક્તિભાવ તેમ જ ગુજરાતની ખ્રિસ્તી જનતા માટે શું કરું ને શું ના કરુંની ભાવનાથી આપણે બધાં સુપરિચિત છીએ. આટલી પાકી ઉંમરે પણ આ અને આવાં બીજાં સેવાકાર્યોમાં તેઓ વ્યસ્ત રહે છે તે માટે ઈશ્વરપિતાની સ્તુતિ કરીએ છીએ.

આ પુસ્તકના સંપાદનકાર્યની તક માટે હું મુ. દાસ અંકલનો ઘણો આભારી છું. આમ તો દાસ અંકલે કરેલો અનુવાદ યથાયોગ્ય જ હતો અને તેમાં મારે ખાસ મહત્વના ફેરફારો કરવા પડયા નથી.

ઘણા શોધકોને ઈશ્વરપિતાના વિશ્વાસમાં લાવવા માટે અને જેઓ ઈશ્વરના વિશ્વાસમાં આવેલા છે તેઓને તે વિશ્વાસમાં દૃઢ કરવા અને આત્મિક તથા શૈક્ષણિક આશીર્વાદ આપવા માટે ઈશ્વરપિતા આ પુસ્તકનો ઉપયોગ કરે તેવી મારી અંતરની પ્રાર્થના છે.

**– ઈમાનુએલ ક્રિશ્ચિયન**

**માર્ચ, ૧૯૯૯**

# લેખકોની પ્રસ્તાવના

## (શીખવતાં પહેલાં જરૂરથી આ વાંચો)

આ પુસ્તક એક દિવસમાં લખાયું નથી. નવા વિશ્વાસુઓ–ખ્રિસ્તીઓ સાથે વર્ષો સુધી કાર્ય કરી અમે બાઈબલની આ વાર્તાઓ અમારા અનુભવથી લખી છે. જેમ અમને તે ઉપયોગી થઈ તેમ પ્રભુના અન્ય સેવકોને પણ તે ઉપયોગી થશે તેવી અમારી પ્રાર્થના છે.

અમારું ગામડાનું કાર્ય ધાર્યા જેવું સફળ થયું નહોતું. અમારી સાથે કામ કરનારા પ્રભુની પ્રાર્થના, દશ આજ્ઞાઓ, પ્રેરિતોનું વિશ્વાસનામું વગેરે બાબતો શીખવતા અને કેટલીક વખત સવાલ–જવાબ કરતા, પરંતુ જોઈએ તેવું સઘન કાર્ય થતું નહિ. તે સમયે અમે ૨૪ વાર્તાઓ પસંદ કરી તે શીખવવા લાગ્યા અને લોકોને વાર્તા સાંભળવામાં તથા તેમાંથી શિક્ષણ મેળવવામાં વધુ રસ પડવા લાગ્યો. આમ જુઓ તો પ્રભુ ઈસુ ખ્રિસ્તે પોતે વાર્તાઓનો ખૂબ ઉપયોગ તેમના શિક્ષણમાં કર્યો છે. આ એક સફળ સાધન છે.

વાર્તાની પસંદગીમાં બે બાબતોએ મુખ્ય ભાગ ભજવ્યો છે. પ્રથમ તો પ્રભુ ઈસુ ખ્રિસ્તના જીવન, કાર્ય અને શિક્ષણને અમે અગ્રસ્થાન આપ્યું છે. તે પછી કેટલીક બાબતો જે વિશ્વાસુઓમાં કમતી માલુમ પડતી હતી, જેવી કે રવિવારને પવિત્ર પાળવો, કમાણીમાંથી અમુક હિસ્સો ઈશ્વરને આપવો, વગેરે બાબતો અમે બાઈબલમાંથી પસંદ કરી છે.

વાર્તાઓની રૂપરેખા નીચેની યોજના પ્રમાણે ગોઠવવામાં આવી છે:

૧. પ્રથમ ભાગ શિક્ષકની તૈયારી માટેનો શાસ્ત્રપાઠ છે. શિક્ષકોએ પોતે આ

ભાગમાં જે શાસ્ત્રવચનો વાંચવાનાં આપ્યાં છે તે પ્રાર્થનાસહિત વાંચી તૈયારી કરવાની છે. સામાન્ય નવા કાર્યકરને પણ તે મદદરૂપ થાય તે પ્રમાણે પસંદગી કરવામાં આવી છે.

૨. વિદ્યાર્થી માટેનો શાસ્ત્રપાઠ ટૂંકો અને સરળ રાખ્યો છે. શિક્ષકના પાઠમાં આ કલમો આવી જાય છે, પરંતુ વિદ્યાર્થી માટે તે ઓછી રાખી છે. આ કલમોમાં જે વિષય પર ભાર મૂકવાનો છે તે જ આવે છે. શિક્ષકે વિદ્યાર્થીઓ આગળ બાઈબલમાંથી આ કલમો વાંચવી, જેથી તેમને લાગે કે તે પ્રભુનાં વચનો છે. ગામડાંના લોકોને લાંબાં અને અઘરાં વાક્યો બહુ મદદરૂપ થતાં નથી. તેથી ઘણી સંભાળ રાખી થોડી જ કલમો પસંદ કરી છે. ધીમેથી અને સ્પષ્ટ રીતે તે વાંચજો.

૩. વાર્તાની શરૂઆત કરવા માટે આ વિભાગમાં લોકોને અમુક વિષયનું કેટલું જ્ઞાન હોય છે તે જાણવા પ્રશ્નો પૂછવામાં આવ્યા છે, અને જાણીતી બાબતમાંથી અજાણી બાબત પર વિદ્યાર્થીને લઈ જવા પ્રયત્ન કરવામાં આવ્યો છે. આ પ્રશ્નોથી તેઓમાં રસ ઉત્પન્ન થાય છે અને તેઓ ધ્યાનથી સાંભળે છે.

૪. શીખવવા માટેના મુખ્ય મુદ્દા એ માટે પસંદ કરવામાં આવ્યા છે કે શિક્ષક બીજી નજીવી બાબતોની ચર્ચામાં ન પડે, પરંતુ જે શીખવવાનું છે તે પર જ ખાસ ધ્યાન આપે અને તેને જ વળગી રહે. બને ત્યાં સુધી થોડા પણ જરૂરી મુદ્દા પસંદ કરવામાં આવ્યા છે. મુદ્દાની બહાર ન જવાની ખાસ કાળજી રાખશો.

૫. વાર્તા પરથી મળતું આત્મિક શિક્ષણ અતિ જરૂરી વિભાગ છે. તમે જે શીખવો છો તેમાં આત્મિક બોધ શો છે તે સ્પષ્ટ તરી આવવો જોઈએ. આ માટે જેમ બને તેમ જરૂરી શબ્દોનો જ ઉપયોગ કરવામાં આવ્યો છે. અનુભવે પ્રેક્ષકને આ શિક્ષણ સરળતાથી મળે છે. આત્મિક શિક્ષણ માટે એક જ બાબત પર ભાર મૂકશો, બીજી બાબતો ઉમેરશો નહિ.

૬. મોઢે કરવાનું સોનેરી વચન દરેક પાઠમાં આત્મિક શિક્ષણના નીચોડરૂપ ટૂંકું પણ અનુકુળ એવું બાઈબલ વચન પસંદ કરવામાં આવ્યું છે. વિદ્યાર્થી કદાચ તે વાંચી ન શકે, પરંતુ અવારનવાર આ વાક્ય બોલાવી તેઓ તેને મોઢે બોલી જાય તે જોશો. તે પછીના બીજા રવિવારે તે વાક્ય મોઢે બોલાવવાનું યાદ રાખશો. ખૂબ જ ટૂંકમાં આગલા પાઠનું પુનરાવર્તન કરાવશો.

૭. વ્યકિતગત લાગુકરણ કોઈ પણ શાસ્ત્રપાઠ શીખવવામાં આવે, પરંતુ જ્યાં સુધી વ્યકિતના જીવનને તે લાગુ ન પાડીએ તો શિક્ષકનું શીખવવું નકામું છે. આપણે આત્માઓ જીતવાના કાર્યમાં રોકાયેલા હોઈ લાગુકરણ અગત્યનો ભાગ ભજવે છે. આ સમયે જો કોઈને કાંઈ પ્રશ્ન હોય તો ટૂંકમાં સ્પષ્ટીકરણ કરવું જોઈએ, જેથી શા માટે વાર્તામાં આપેલો બોધ પોતાના જીવનને લાગુ કરવો જરૂરી છે, તે બાબતનો તેમને ખ્યાલ આવે.

૮. ગીત બનતાં સુધી વાર્તાને બંધબેસતું ગીત પસંદ કરવા પ્રયત્ન કર્યો છે, તેમ છતાં શિક્ષકને વધુ અનુકુળ એવું બીજું કોઈ ગીત શીખવવું હોય તો તેની છૂટ છે. બધાં જ ગીતો ખ્રિસ્તી ભજન સંગ્રહમાંથી પસંદ કરેલાં છે, જેથી વિદ્યાર્થીને ગાવા સુગમતા પડશે. ગીતો આત્મિક શિક્ષણમાં મહત્વનો ભાગ ભજવે છે. એવું પણ કરી શકાય કે કોઈ શાસ્ત્રપાઠ વાંચે, વાર્તા કહે, પ્રાર્થના કરાવે અને બધાં સાથે ગીતો ગાય. કોઈ કોઈ ગીત લાંબાં છે. આવાં ગીતોમાંથી શિક્ષક પોતાને પસંદ પડે તેવી થોડી કડીઓ ગવડાવી શકે છે.

એ ખાસ યાદ રાખશો કે વાર્તાનું માળખું અને બીજાં સુચનો ફકત શિક્ષકો માટે જ છે. વિદ્યાર્થી આગળ તે વાંચી સંભળાવવાનાં નથી. શિક્ષકને શરૂમાં એમ લાગે કે આવી રૂપરેખાની શી જરૂર છે, કિન્તુ ખંતથી અભ્યાસ કરવાથી પાઠ તૈયાર કરવાનું સરળ બનશે અને તમે ટેવાઈ જતાં સંતોષ અનુભવશો . આ અમે અમારા અનુભવે કહીએ છીએ.

**– જ્યોર્જ અને મે ઈનગ્રામ**

# અનુવાદકનું આવેદન

ઈ. સ. ૧૯૨૦ થી ૧૯૫૨ માં નોર્થ ઈન્ડિયા બાઈબલ અને ટ્રાકટ સોસાયટી, અલ્લાહાબાદ તરફથી આ પુસ્તકની પ્રથમ ચાર આવૃત્તિઓ બહાર પાડવામાં આવી હતી (૧૯૨૦, ૧૯૩૯, ૧૯૫૨, સુધારેલી અને વિસ્તૃત આવૃત્તિ ૧૯૫૨).

આ ઉપરથી જ આપણે આ પુસ્તકની અગત્યતા અને ઉપયોગિતા જોઈ શકીએ છીએ.

જ્યોર્જ અને મે ઈનગ્રામ નામનાં મિશનરીઓ હતા. તેઓ મોટા ભાગે આગ્રા જીલ્લાના ગામડાંઓમાં સેવા આપતાં હતાં. તેમના કાર્યના ફળરૂપ આ પુસ્તક ગણી શકાય. સાચે જ આવાં પ્રભુને સમર્પિત અને નિઃસ્વાર્થી સેવકોનો આભાર માનીએ કે ઈશ્વરે તેમને આ પુસ્તક દ્વારા અજાયબ રીતે વાપર્યાં છે.

૧૯૫૨થી ૧૯૯૭ સુધી આ પુસ્તકની બીજી આવૃતિઓ બહાર પડી હોય તેવું લાગતું નથી, પરંતુ મારાં પરમ મિત્ર મિશનરી જોસલીન ગોર્ડને (Miss Jocelyn Gordon) સને ૧૯૯૭ માં પોતાના ખર્ચે આ સુધારેલી આવૃત્તિ બહાર પાડી. મિસ જોસલીને વર્ષો સુધી ઉત્તર ભારતમાં કાર્ય કર્યુ છે. ઈશ્વરે તેમના હૃદયમાં બોજ મૂક્યો કે આ પુસ્તક સુધારીને બહાર પાડવામાં આવે. તે માટે આપણે મિસ જોસલીન ગોર્ડનનો આભાર માનીએ છીએ. મારી આગળ અંગ્રેજી, હિંદી અને ગુજરાતી એમ ત્રણ આવૃત્તિઓ પડી છે. ગુજરાતી આવૃત્તિ **પવિત્ર શાસ્ત્રની ૨૪ વાતો** એવા શિર્ષક હેઠળ ૧૯૫૪ માં રેવ. એચ.પી.ક્રોમી સાહેબે ટ્રાકટ અને બુક સોસાયટી વતી સૂરત મિશન પ્રેસમાં છપાવી બહાર પાડી હતી.

૧૯૫૪ની એ આવૃત્તિ જોતાં ભાષાની દૃષ્ટિએ ઘણા સુધારા કરવાની જરૂર હતી. વળી સુધારેલી અંગ્રેજી આવૃત્તિમાં ઘણા ફેરફાર થયેલા હોઈ ગુજરાતીમાં

પણ તેનો સમાવેશ થવો જરૂરી હતો, તેથી અંગ્રેજી પુસ્તકને આધારે જ આ નવો અનુવાદ કરવામાં આવ્યો છે. જૂની આવૃત્તિમાં જે ગીત હતાં તે અત્યારે ગ્રામ્ય મંડળીઓમાં ગવાતાં નથી. તેથી આપણા હાલના ભજન સંગ્રહમાંથી બીજાં ગીતોની કાળજીપૂર્વક પસંદગી કરવામાં આવી છે. જો શિક્ષકને એમ લાગે કે આ ગીતો કરતાં પાઠને અનુકુળ બીજાં ગીતો છે, તો તેઓ તેનો ઉપયોગ કરી શકે છે.

પ્રથમ ૨૪ વાર્તાઓ હતી. ત્યારબાદ તેમાં બીજી ૬ વાર્તાઓનો સમાવેશ કરવામાં આવ્યો, પરંતુ અત્યારે ૩૧ વાર્તાઓ હોવાથી બાઈબલની ૩૧ વાર્તાઓ એવું શિર્ષક આપવા વિચાર્યું, પરંતુ વધુ વિચાર કરતાં **બાઈબલની સરળ વાર્તાઓ (નવી અને ગ્રામ્ય મંડળીઓ માટે)** એવું શિર્ષક રાખવાનું મને યોગ્ય લાગ્યું છે. આપણો મૂળ હેતુ આ પુસ્તક સરળતાથી નવી અને ગ્રામ્ય મંડળીઓમાં વપરાય તે છે.

અનુવાદ કરતાં એમ લાગ્યું કે શહેરી વિસ્તારોમાં પણ આપણાં બાળકોને પાયાનું બાઈબલ શિક્ષણ આપવા માટે આ થોડી વાર્તાઓ ઘણી ઉપયોગી થઈ પડશે.

આ પુસ્તકનો ઉપયોગ કરતાં એ જણાઈ આવશે કે વાર્તાઓનું માળખું એકસરખું છે. મૂળ લેખકોએ તેમના વિશાળ અનુભવ પરથી આ પ્રમાણે ગોઠવ્યું છે. આ પ્રમાણેની વ્યવસ્થા તેમને સૌથી સારી લાગી. દરેક વાર્તામાં આઠ ભાગ જોવા મળશે.

મારી આશા તથા પ્રાર્થના છે કે ગુજરાતના મિશનરીઓ અને ઉપદેશકો તેમના કાર્યમાં આ પુસ્તકનો ઉપયોગ કરશે.

ડો. ઈમાનુએલ ક્રિશ્ચિયન જેઓએ સ્વંતત્ર રીતે સભાશિક્ષક અને અયૂબનાં પુસ્તકો પર ખુલાસા લખ્યા છે અને હાલમાં યશાયાના પુસ્તકનો ખુલાસો લખી રહ્યા છે. તેઓશ્રીએ આ પુસ્તકનો હસ્તલેખ તપાસી જઈ યોગ્ય સુધારાવધારા કરી પુસ્તકને વધુ સરળ બનાવ્યું છે, માટે અંતકરણથી તેમનો આભાર માનું છું.

મને પોતાને ટાઈપ કરતાં આવડતું ન હોવાથી મારી વિનંતિને માન આપી ઈમાનુએલભાઈનાં પત્ની વાયોલેટબહેને હસ્તલેખ ટાઈપ કર્યો માટે તેમનો પણ ખૂબ ખૂબ આભાર માનું છું.

આ પુસ્તકમાં ભવિષ્યમાં કાંઈ સુધારા વધારા કરી શકાય એમ લાગે તો કૃપા કરી મને લખી જણાવશો.

સાથી સેવક
એમ. એમ. દાસ

**ખાસ નોંધ : અમે ઈચ્છીએ છીએ કે શીખવતી વખતે શિક્ષક કે આગેવાન પ્રભુ ઈસુ ખ્રિસ્તને માનાર્થે સંબોધે.**

# પ્રસ્તાવના

"બાઈબલની સરળ વાતો"ને આવકારતાં આનંદ થાય છે. અમેરિકામાં બહાર પડેલ આ પુસ્તકને આપણા જાણીતા વિચારક અને ચિંતક શ્રી એમ.એમ. દાસ સાહેબે શોધી કાઢ્યું, તેનો અનુવાદ કર્યો, અનુવાદને તપાસડાવ્યો અને તેના પ્રકાશન માટે એક અમેરિકનને શોધી કાઢ્યા ! આ અમેરિકનભાઈ મિ. ગોર્ડને આ પુસ્તકના પ્રકાશન માટે આશરે રૂ. ૨૫,૦૦૦/-નું ઉદાર દાન પણ આપ્યું. આ સર્વ માટે ઈશ્વર પિતાનો આભાર માનતા આપણે દાસ અંકલ અને શ્રી ગોર્ડનનો પણ હૃદયના ઊંડાણથી આભાર માનીએ છીએ. 'બાઈબલની સરળ વાતો'એ પુસ્તક માત્ર નાનાઓ માટે પણ નહિ પરંતુ મોટાંઓ માટે પણ આશીર્વાદ અને ઉત્તેજનનું કારણ બનશે તેમાં અમને કોઈ શંકા નથી.

**ભગવતપ્રસાદ ચૌહાણ**
*સેક્રેટરી*

# ૧. સૃષ્ટિકર્તા ઈશ્વર

**૧. શિક્ષકની તૈયારી માટેનો શાસ્ત્રપાઠ :**
ઉત. ૧, ૨:૧–૩.

**૨. વિદ્યાર્થી માટેનો શાસ્ત્રપાઠ :**
ઉત. ૧:૧, ૩–૬, ૮, ૯, ૧૧, ૧૬, ૨૦, ૨૪, ૨૬, ૨૭, ૩૧.

**૩. વાર્તાની શરૂઆત કરવા માટે :**

(૧) ઘડો વગેરે માટીનાં વાસણો કોણ બનાવે છે તે શું તમે જાણો છો?

(૨) હળ,ખાટલા, કબાટ, વગેરે લાકડાની વસ્તુઓ કોણ બનાવે છે?

(૩) પણ તમે શું એ કહી શકશો કે માટી, લાકડું, સ્ત્રી અને પુરુષને કોણે બનાવ્યાં?

તો સાંભળો, આજે હું તમને ઈશ્વરે આ પૃથ્વી, તેમાંનું સર્વ કાંઈ, ઉપરાંત સ્ત્રીને અને પુરુષને બનાવ્યાં તે વિષે શીખવીશ.

**૪. શીખવવા માટેના મુખ્ય મુદ્દા :**

(૧) સૃષ્ટિની કોઈ વસ્તુ હયાતીમાં આવી તે પહેલાં ઈશ્વર અસ્તિત્વમાં હતા. તે શરૂથી છે અને તેમણે જ બધું બનાવ્યું છે (ઉત. ૧:૧).

(૨) ઈશ્વરના કાર્યમાં વ્યવસ્થા હતી અને તે સારી તથા સંપૂર્ણ હતી (ઉત. ૧:૩–૨૦).

(૩) જ્યારે બધું સૃજવાનું પૂરૂં થયું ત્યારે ઈશ્વરે સ્ત્રી અને પુરુષને પોતાના સ્વરૂપ તથા પ્રતિમા પ્રમાણે બનાવ્યાં. ઈશ્વર આત્મા છે. તેમણે મનુષ્યને

વિચાર કરવાનો, પસંદગી કરવાનો, લાગણી (જેવી કે સુખ, દુઃખ, પ્રેમ) અનુભવવાનો આત્મા આપ્યો, જે પ્રાણી અને પક્ષીમાં હોતો નથી (ઉત. ૧:૨૬-૨૭).

(૪) ઈશ્વરે મનુષ્યની જરૂરિઆતો પૂરી પાડી, તેમને કામ અને જવાબદારી સોંપવામાં આવ્યાં (ઉત. ૧:૨૮-૩૦).

**૫. વાર્તા પરથી મળતું આત્મિક શિક્ષણ :**

ઈશ્વરનું કાર્ય ઉત્તમ હોય છે. જો કે ઈશ્વર આત્મા છે, પણ આપણે તેમને જાણીએ, તેમની સ્તુતિ કરી તેમના પર પ્રેમ કરીએ એ માટે ઈશ્વરે માણસને એક ખાસ પાત્ર તરીકે બનાવ્યું.

**૬. મોઢે કરવાનું સોનેરી વચન :**

"મેં આ લોકને મારા પોતાના માટે બનાવ્યા છે, તેઓ મારી સ્તુતિ કરશે" યશા. ૪૩:૨૧.

**૭. વ્યકિતગત લાગુકરણ :**

જે ઈશ્વરે મને બનાવ્યો અને મારી સંભાળ રાખે છે તેમને મારે શું ન ઓળખવા જોઈએ? હું તેમને જોઈ શકતો નથી, પરંતુ તેમની સાથે પ્રાર્થના દ્વારા વાત કરી તેમની આરાધના કરી શકું છું .બાઈબલ તેમના બાબતનું જ્ઞાન આપે છે.

**૮. ગીત :**

*"આવો આપણે સહુ ગાઈએ"* (ભ. સં. ગીત ૨૪).

# ૨. માણસનું પાપમાં પડવું

**૧. શિક્ષકની તૈયારી માટે શાસ્ત્રપાઠ :**
ઉત. ૨:૮–૧૦, ૧૬, ૧૭; ૩:૧–૨૧, ૨૩.

**૨. વિદ્યાર્થી માટેનો શાસ્ત્રપાઠ :**
ઉત. ૩:૬–૧૩, ૨૩.

**૩. વાર્તાની શરૂઆત કરવા માટે :**

(૧) તમારા વિસ્તારમાં લોકો ઝઘડતા હોય અને એકબીજાને ગાળો બોલતા હોય તેવું તમે સાંભળ્યું છે? શું તેઓ ચોરી કરે છે, જૂઠું બોલે છે અથવા ખૂન કરે છે?

(૨) શું તમારાં બાળકો તમારી આજ્ઞા માનતાં નથી? સારું શું છે તે જાણ્યા છતાં તમે પોતે તે પ્રમાણે કરતાં નથી તે યાદ છે?

(૩) ઈશ્વરે તો પૃથ્વીને સુંદર અને સારી બનાવી તો આપણને કેમ બધે દુષ્ટતા અને મુશ્કેલીઓ દેખાય છે?

માણસ શરૂમાં પાપરહિત હતો, પરંતુ તેણે ઈશ્વરની આજ્ઞા તોડવાનું ચાહ્યું. આ પ્રમાણે તે પાપી થયો તે વિષે તમને કહીશ.

**૪. શીખવવા માટેના મુખ્ય મુદ્દા :**

(૧) ઈશ્વરે એક વાડી બનાવી, જેમાં મના કરવામાં આવેલું ઝાડ હતું (ઉત. ૨:૮–૧૦, ૧૬–૧૭).

(૨) શેતાનથી લલચાઈને આદમ તથા હવાએ ઈશ્વરની આજ્ઞાનો ભંગ કર્યો (ઉત. ૩:૬).

(૩) આજ્ઞાભંગનું પરિણામ; તેઓને વાડીમાંથી હાંકી કાઢવામાં આવ્યાં. પાપ ઈશ્વરથી આપણને જુદાં પાડે છે (ઉત. ૩:૨૩).

(૪) પાપના માટે ઈશ્વરનો ઈલાજ અને તારણની યોજના (ઉત. ૩:૧૫).

**૫. વાર્તા પરથી મળતું આત્મિક શિક્ષણ :**

પાપ કરવાને કારણે આદમ અને હવા ઈશ્વરથી અલગ પડી જાય છે અને તેમનું આત્મિક મૃત્યુ થાય છે. આપણા માટે પણ એમ જ છે. તોપણ ઈશ્વરે ઈસુ ખ્રિસ્ત દ્વારા તારણનું વચન આપણને આપેલું છે.

**૬. મોઢે કરવાનું સોનેરી વચન :**

"કેમ કે પાપનો મુસારો મરણ છે; પણ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને આસરે ઈશ્વરનું કૃપાદાન અનંતજીવન છે" (રોમ ૬:૨૩).

**૭. વ્યક્તિગત લાગુકરણ :**

તમે પાપી છો અવું ભાન તમને થાય છે? શું તમે આજે પસ્તાવો કરી તમારાં પાપોથી ફરી ઈશ્વર પાસે માફી માગી તેઓ તમને અનંતજીવનનું કૃપાદાન આપે માટે પ્રાર્થના કરવા તૈયાર છો?

**૮. ગીત :**

*"મુજ પાપના ડાઘ ધોશે કોણ"* (ભ. સં. ગીત ૨૮૦)

**નોંધ : *(શિક્ષકની દોરવણી માટે)***

(૧) ઉત. ૩:૧૫ માં પાપમાંથી છોડાવનાર એક આવશે એવું પ્રથમ વચન છે. "તે તારું માથું છુંદશે" નો અર્થ ખ્રિસ્ત શેતાન પર વિજય મેળવશે.

(૨) વ્યક્તિગત લાગુકરણ કરવા "શબ્દરહિત પુસ્તક" નો ઉપયોગ કરી શકાય.

# ૩. ખ્રિસ્તનો જન્મ

**૧. શિક્ષકની તૈયારી માટેનો શાસ્ત્રપાઠ :**

લૂક. ૨:૧–૨૦.

**૨. વિદ્યાર્થી માટેનો શાસ્ત્રપાઠ :**

લૂક.૨:૮–૨૦.

**૩. વાર્તાની શરૂઆત કરવા માટે :**

(૧) તમારા સમયમાં શું વસતિગણતરી થઈ છે?

(૨) વસતિગણતરી કોના હૂકમથી થાય છે? તે સમયે શું શું કરવામાં આવે છે?

(૩) પોતાનાં નામ નોંધાવવા શું લોકોને દૂર જવું પડે છે, અથવા શું કોઈ તેમના ઘેર આવીને જરૂરી માહિતી મેળવે છે?

આજે હું તમને એક વાત કહીશ, જેમાં એક પુરુષ અને સ્ત્રી તેમનાં નામ નોંધાવવા ઘણે દૂર જાય છે. જ્યારે તેઓ ધારેલા સ્થળે આવી પહોંચે છે ત્યારે સ્ત્રીને એક અદ્ભુત પુત્રનો જન્મ થાય છે. આ બાળકની વાત સાંભળવી છે? તો ધ્યાનથી સાંભળો. તેમને કેમ અદ્ભુત કહેવામાં આવ્યા?

**૪. શીખવવા માટેના મુખ્ય મુદ્દા :**

(૧) મરિયમ અને યુસફ વસતિગણતરી માટે બેથલેહેમ જાય છે, જ્યાં પ્રભુ ઈસુ ખ્રિસ્તનો જન્મ થયો (લૂક. ૨:૩–૭).

(૨) નવા જન્મેલા ખ્રિસ્તના સમાચાર દૂત ભરવાડોને જણાવે છે (લૂક. ૨:૧૦–૧૪).

(૩) ભરવાડોને ઉધ્ધારક મળે છે અને આ સમાચાર તેઓ બધે ફેલાવે છે (લૂક. ૨:૧૫–૧૮, ૨૦).

**૫. વાર્તા પરથી મળતું આત્મિક શિક્ષણ :**

આપણે પોતાને તારી શકીએ નહિ માટે પ્રભુ ઈસુ ખ્રિસ્તને આપણાં પાપોથી તારવા ઈશ્વરે મોકલ્યા (લૂક.૧:૩૦-૩૫).

**૬. મોઢે કરવાનું સોનેરી વચન :**

"તેને દીકરો થશે, ને તું તેનું નામ ઈસુ પાડશે; કેમ કે જે પોતાના લોકોને તેઓનાં પાપથી તારશે તે એ જ છે" (માથ્થી.૧:૨૧).

**૭. વ્યકિતગત લાગુકરણ :**

શું તમે પ્રભુ ઈસુ ખ્રિસ્તને આજે જ તમારા તારનાર તરીકે સ્વીકારશો અને પછી તેમના વિષે બીજાને કહેશો?

**૮. ગીત :**

*"આવી આનંદી નાતાલ"* (ભ. સં. ગીત ૬૯)

**નોંધ : (શિક્ષકની દોરવણી માટે)**

પ્રભુ ઈસુ ખ્રિસ્તનો જન્મ ચમત્કારિક હતો તે શીખવવા કાળજી રાખશો. યુસફ નહિ, પરંતુ ઈશ્વર તેમના પિતા હતા (લૂક. ૧:૩૦-૩૫).

# ૪. ઉડાઉ દીકરો

**૧. શિક્ષકની તૈયારી માટેનો શાસ્ત્રપાઠ :**
લૂક ૧૫:૧૧–૨૪

**૨. વિદ્યાર્થી માટેનો શાસ્ત્રપાઠ :**
લૂક ૧૫:૧૭–૨૨, ૨૪.

**૩. વાર્તાની શરૂઆત કરવા માટે :**

(૧) શું તમે એવા છોકરા વિષે સાંભળ્યું છે, જેણે પોતાનાં માતાપિતા સાથે ઘરમાં રહેવાનું પસંદ ન કર્યું અને તેમને છોડીને બીજે
રહેવા જતો રહ્યો ?
(૨) કયા કારણથી કોઈ છોકરો આવું વર્તન કરે ?
(૩) જો તે ઘર છોડીને ચાલ્યો જાય તો વારસામાં મળનાર હિસ્સો તેને મળી શકે ખરો?

આજે હું તમને એવા એક દીકરાની વાત કહીશ, જે પિતાને છોડીને જતો રહે છે. તેના ચાલી જવાથી પિતાના દિલમાં ઘણું દુઃખ થાય છે. આખરે આ દુઃખ આનંદમાં ફેરવાઈ જાય છે, તે વિષે આપણે જોઈશું.

**૪. શીખવવા માટેના મુખ્ય મુદ્દા:**
(૧) દીકરો વારસાનો હિસ્સો મળતાં પિતાને તજીને નાસી જાય છે. તે દૂર દેશમાં જઈ પાપી જીવન જીવી પોતાની પાસે જે કાંઈ
હતું તે વેડફી નાખે છે (લૂક ૧૫:૧૩).
(૨) દીકરો પસ્તાવો કરી પાછો આવે છે (લૂક ૧૫:૧૭–૨૧).
(૩) પિતા દીકરાને માફી આપે છે અને તેનો પ્રેમ તથા આનંદ સાથે સ્વીકાર કરે છે (લૂક ૧૫:૨૦–૨૪).

**૫. વાર્તા પરથી મળતું આત્મિક શિક્ષણ :**

જે પ્રમાણે પુત્ર પાપને કારણે પિતાથી જુદો થઈ જાય છે તેમ આપણે પણ જ્યારે પાપ કરીએ છીએ ત્યારે ઈશ્વરપિતાથી અલગ થઈ જઈએ છીએ. તોપણ જો પસ્તાવો કરી ઈશ્વરપિતા પાસે પાછા આવીએ તો તે આપણને અવશ્ય માફી આપી આપણો સ્વીકાર કરે છે.

**૬. મોઢે કરવાનું સોનેરી વચન :**

"જે મારી પાસે આવે છે તેને હું કાઢી નહિ જ મૂકીશ" (યોહાન ૬:૩૭).

**૭. વ્યક્તિગત લાગુકરણ :**

શું તમે હાલ પસ્તાવો કરી પાપોને મૂકી દઈ ઈશ્વરપિતા પાસે આવવા માગો છો?

**૮. ગીત :**

*"ઘેર વળો રે ઘેર વળો"* (ભ. સં. ગીત ૨૩૫).

# ૫. બી વાવનાર

**૧. શિક્ષકની તૈયારી માટેનો શાસ્ત્રપાઠ :**

માર્ક ૪:૩–૮, ૧૪–૨૦.

**૨. વિદ્યાર્થી માટેનો શાસ્ત્રપાઠ :**

માર્ક ૪:૩–૮.

**૩. વાર્તાની શરૂઆત કરવા માટે :**

(૧) શું તમે જુદાં જુદાં અનાજનાં નામ કહી શકશો?

(૨) આવાં અનાજ ક્યાં ઉગે છે?

(૩) ખેડૂત બી વાવવા માટે કેવી તૈયારી કરે છે?

(૪) શું તમે કોઈ ખેડૂતને બી વાવતો જોયો છે?

આજે હું તમને એવા એક ખેડૂત વિષે વાત કહીશ જે બી વાવવા નીકળ્યો, પરંતુ તેનાં બી જુદી જુદી જાતની જમીન પર પડ્યાં. આ ખેડૂત કેવો પાક લઈ શક્યો તે શું તમે જાણવા માગો છો ? તો ધ્યાન દઈને સાંભળો.

**૪. શીખવવા માટેના મુદ્દા :**

(૧) કેટલાંક બી રસ્તાની કોરે પડ્યાં અને પક્ષીઓ તે ખાઈ ગયાં (માર્ક ૪:૪)

(૨) તો કેટલાંક બી પથ્થરવાળી જમીન પર પડ્યાં અને સૂરજ ઉગતાં તે ચીમળાઈ ગયાં (માર્ક ૪:૫, ૬).

(૩) બીજાં કેટલાંક બી કાંટાનાં જાળામાં પડ્યાં; જાળાંએ તેમને દાબી દીધાં (માર્ક ૪:૭).

(૪) તો કેટલાંક બી સારી જમીન પર પડ્યાં અને પુષ્કળ ફસલ થઈ (માર્ક ૪:૮).

**૫. વાર્તા પરથી મળતું આત્મિક શિક્ષણ :**

(૧) જે પ્રમાણે રસ્તાની કોરની જમીન કઠણ હોય છે કે જેથી તેમાં બી ઉગી શકતાં નથી; તે જ પ્રમાણે લોકોનાં હૃદય પણ સખત અને કઠોર હોય છે અને તેથી ઈશ્વરનાં વચનો તેમનામાં ઉગતાં નથી.

(૨) પથ્થરવાળી જમીનમાં જે બી પડ્યાં તે જલદીથી ઉગ્યાં ખરાં, પરંતુ થોડીવારમાં ચીમળાઈ ગયાં. આ જ રીતે ઘણા લોકો ઈશ્વરનાં વચનો ઝડપથી સ્વીકારવા તત્પર થાય છે ખરા, પરંતુ સંકટ અને સતાવણી આવતાં તેઓ પાછા પડી જાય છે.

(૩) જેમ કાંટામાં પડેલાં બી દબાઈને મરી ગયાં, તેમ જ ઘણાલોકો ઈશ્વરનાં વચનો સાંભળે છે ખરા, કિન્તુ આ દુનિયાની ચિન્તા, ધનનો મોહ, સગાં અને મિત્રો તરફથી વિરોધ થતાં તેમની વૃધ્ધિ અટકી જાય છે અને ફળ ઉપજતાં નથી.

(૪) સારી જમીનમાં પડેલાં બી જેમ ઉગે છે અને ઘણાં ફળ આપે છે તેમ જ જેઓ ઈશ્વરની વાત સાંભળી ગ્રહણ કરે છે તેઓ પુષ્કળ ફળવાન થાય છે.

**૬. મોઢે કરવાનું સોનેરી વચન :**

"જેટલાંએ તેમનો અંગીકાર કર્યો...તેટલાંને તેમણે ઈશ્વરનાં છોકરાં થવાનો અધિકાર આપ્યો" (યોહાન ૧:૧૨).

**૭. વ્યક્તિગત લાગુકરણ:**

તમારું હૃદય કેવા પ્રકારની જમીન જેવું છે? શું તમે પ્રાર્થના કરશો કે ઈશ્વર તમને પોચી અને સારી જમીન જેવું હૃદય આપે જેથી તેમાં સારાં ફળ ઉપજે?

**૮. ગીત :**

*"આવો જગના લોક સઘળા"* (ભ. સં. ગીત ૨૬૭).

# ૬. મોટું ભોજન

**૧. શિક્ષકની તૈયારી માટેનો શાસ્ત્રપાઠ :**
લૂક ૧૪:૧૬–૨૪.

૨. વિદ્યાર્થી માટેનો શાસ્ત્રપાઠ :
લૂક ૧૪:૧૬–૨૪.

૩. વાર્તાની શરૂઆત કરવા માટે:
(૧) તમારામાંના કેટલા લગ્નજમણમાં ગયેલા છો?
(૨) આવા મોટા જમણ માટે શું ઘણી પૂર્વતૈયારી કરવી પડતી નથી?
(૩) શું આવા મોટા ભોજન માટે આમંત્રણ મળે તો આનંદ થતો નથી?

આજની વાર્તા એવા એક ધનવાન માણસની છે જેણે ઘણા લોકોને મોટા જમણમાં આમંત્રણ આપ્યું. પરંતુ આ લોકો આમંત્રણ મળ્યા છતાં જમણમાં જતા નથી અને અનેક પ્રકારનાં બહાનાં કાઢે છે.

**૪. શીખવવા માટેના મુખ્ય મુદ્દા :**
(૧) એક મોટા ભોજન માટે ધનવાન માણસે આપેલું આમંત્રણ (લૂક ૧૪:૧૬).
(૨) મહેમાનો માટેનું આમંત્રણ પણ તેમનાં ન જવા માટેનાં ત્રણ બહાનાં (લૂક ૧૪:૧૭–૨૦).
(૩) આમંત્રણ આપનારની નિરાશા અને અન્યને આપેલું આમંત્રણ (લૂક ૧૪:૨૧).

(૪) આમંત્રણનો નકાર કરવાનું પરિણામ (લૂક ૧૪:૨૪).

**૫. વાર્તા પરથી મળતું આત્મિક શિક્ષણ :**

પેલા ધનવાન માણસે મોટું ભોજન કર્યું અને ઘણા મહેમાનોને બોલાવ્યા, પણ તેઓએ તેના આમંત્રણનો સ્વીકાર કર્યો નહિ. આ જ પ્રમાણે ઈશ્વરે પ્રભુ ઈસુ ખ્રિસ્ત મારફતે તારણ તૈયાર કર્યું અને તે સર્વને બોલાવે છે. પરંતુ આજે પણ ઘણા લોકો જાત જાતનાં બહાનાં કાઢી કહે છે, "મને આત્મિક બાબતો માટે સમય નથી" કે "જો હું ખ્રિસ્તી થાઉં તો મારાં સગાંવહાલાં મને ઘરમાંથી કાઢી મૂકશે અને ભવિષ્યમાં મારાં બાળકોનાં લગ્ન વગેરેની વ્યવસ્થા થઈ શકશે નહિ", વગેરે.

**૬. મોઢે કરવાનું સોનેરી વચન :**

"ઓ વૈતરૂં કરનારાઓ તથા ભારથી લદાયેલાઓ તમે સઘળા મારી પાસે આવો, અને હું તમને વિસામો આપીશ" (માથ્થી ૧૧:૨૮).

**૭. વ્યક્તિગત લાગુકરણ :**

ઈશ્વર તમોને હાલમાં જ તારણ આપવા માગે છે. શું તમે તેને સ્વીકારવા તૈયાર છો ? અથવા શું તમે બહાનાં કાઢો છો ?

૮. ગીત :

*"સૂણો સૂણો ત્રાતાની આ વાત જો"* (ભ. સં. ગીત ૨૪૪).

# ૭. ખોવાયેલું ઘેટ

**૧. શિક્ષકની તૈયારી માટેનો શાસ્ત્રપાઠ :**
યોહાન ૧૦:૧–૫, ૧૧, ૧૪, ૧૫, ૨૭; લૂક ૧૫:૩–૭; યશાયા ૫૩:૬.

**૨. વિદ્યાર્થી માટેનો શાસ્ત્રપાઠ :**
લૂક ૧૫:૩–૭.

**૩. વાર્તાની શરૂઆત કરવા માટે :**

(૧) કોઈ ઘેટાં પાળનાર માણસને તમે ઓળખો છો ?

(૨) તે તેમને કેવી રીતે ખોરાક પૂરો પાડે છે?

(૩) ખોરાક પૂરો પાડવા શું તે તેમને વાડામાં પૂરી રાખે છે કે લીલાં બીડમાં લઈ જાય છે?

(૪) ધારો કે તેમાંનું એક ઘેટું ખોવાઈ જાય તો શું તેને ચિન્તા થાય છે અથવા એ શું એમ વિચારે છે કે મારી પાસે ઘણાં ઘેટાં હોવાથી એકની શી ચિંતા કરવાની?

આજે હું તમને એક એવા ઘેટાંપાળકની વાત કહીશ, જેનું એક ઘેટું ખોવાઈ ગયું હતું અને તે ઘણો દુઃખી થઈ ઘણી મુસીબત વેઠી તેને શોધી કાઢે છે.

**૪. શીખવવા માટેના મુખ્ય મુદ્દા :**

(૧) ઘેટાંપાળક અને ઘેટું તથા તેમનો પરસ્પર સંબંધ (લૂક ૧૫:૪, ૫; યોહાન ૧૦:૩, ૪, ૧૪).

(૨) ઘેટું ખોવાઈ જાય છે અને ઘેટાંપાળક શ્રમ ઉઠાવી તેની શોધ કરે છે (લૂક ૧૫:૪; યોહાન ૧૦:૧૧).

(૩) ઘેટાંપાળક ઘેટું શોધી કાઢે છે અને તેને લીધે તેને થતો આનંદ (લૂક૧૫:૫, ૬).

**૫. વાર્તા પરથી મળતું આત્મિક શિક્ષણ :**

આપણે સર્વ ઘેટાંની માફક ભટકી ગયાં છીએ, પરંતુ પ્રભુ ઈસુ ખ્રિસ્ત ઉત્તમ ઘેટાંપાળકની માફક આપણ દરેકને શોધવા તથા તારવા આ જગતમાં આવ્યા છે.

**૬. મોઢે કરવાનું સોનેરી વચન :**

"ખોવાયેલું શોધવા તથા તારવા સારૂ માણસનો દીકરો આવ્યો છે" (લૂક ૧૯:૧૦).

**૭. વ્યક્તિગત લાગુકરણ :**

શું તમે જાણો છો કે પ્રભુ ઈસુ ખ્રિસ્ત તમને શોધે છે? જે પ્રેમાળ ઘેટાંપાળકે આપણને બચાવવા પોતાનો પ્રાણ આપ્યો તેમના પર તમે પ્રેમ કરી તેમને અનુસરશો?

**૮. ગીત :**

*"મારો પાળક દેવ છે, અછત કદી નહિ થાય"* (ભ. સં. ગીત ૧૮).

# ૮. પક્ષઘાતીને સાજાપણું

**૧. શિક્ષકની તૈયારી માટેનો શાસ્ત્રપાઠ :**
માર્ક ૨:૧–૧૨.

**૨. વિધાર્થી માટેનો શાસ્ત્રપાઠ :**
માર્ક ૨:૩–૧૨.

**૩. વાર્તાની શરૂઆત કરવા માટ:**

(૧) જેના હાથોને લકવા થયો હોય અથવા જે ચાલી પણ ન શકે એવી કોઈ વ્યકિતને તમે જોઈ છે?

(૨) માની લો કે તમારા કોઈ સગાને એવી માંદગી હોય અને તમે કોઈ એવા ડોકટરને ઓળખતા હો જે તેની માંદગીમાંથી સાજાપણું આપે છે, તો શું તમે તેને તે ડોકટર પાસે નહિ લઈ જાઓ?

તો સાંભળો, આજે હું તમને એક એવા ડોકટરની વાત કહીશ, જેમણે અજાયબ રીતે એક અપંગને સંપૂર્ણપણે સાજાપણું આપ્યું.

**૪. શીખવવા માટેના મુખ્ય મુદ્દા :**

(૧) પક્ષઘાતી માણસ (માર્ક ૨:૩).

(૨) ઈસુ ખ્રિસ્ત પાસે તે પક્ષઘાતીને લઈ જવામાં ચાર મિત્રો સફળતાપૂર્વક મુશ્કેલીનો સામનો કરે છે (માર્ક. ૨:૪).

(૩) પ્રભુ બે પ્રકારના ચમત્કાર કરે છે. એક તો તેનાં પાપ માફ કરે છે અને બીજું તેને શારીરિક સાજાપણું આપે છે (માર્ક ૨:૫, ૧૦–૧૨).

### ૫. વાર્તા પરથી મળતું આત્મિક શિક્ષણ :

જે પ્રમાણે પ્રભુ ઈસુ ખ્રિસ્તે તે માણસની ગંભીર માંદગીમાંથી તેને સાજાપણું આપ્યું, તેમ જ પ્રભુ આપણાં પણ સર્વ પ્રકારનાં પાપો માફ કરી આપણને આત્મિક સાજાપણું આપી શકે છે.

### ૬. મોઢે કરવાનું સોનેરી વચન :

"જેઓ તેમની (ઈશ્વરની) પાસે આવે છે, તેઓને સંપૂર્ણ રીતે તારવાને એ સમર્થ છે" (હિબ્રૂ. ૭:૨૫).

### ૭. વ્યક્તિગત લાગુકરણ :

શું તમે આજે પ્રભુ ઈસુ ખ્રિસ્ત પાસે આવી તેમની પાસેથી શારીરિક તેમ જ પાપોની માફી દ્વારા આત્મિક સાજાપણું મેળવવા માગો છો ?

### ૮. ગીત :

*"મહાન વૈદ પાસે છે, દયા ભરેલ ઈસુ"* (ભ. સં. ગીત ૨૪૮)

# ૯ જન્મથી આંધળા માણસને ઈસુએ દેખતો કર્યો

**૧. શિક્ષકની તૈયારી માટેનો શાસ્ત્રપાઠ :**
યોહાન ૯:૧–૩૮.

**૨. વિદ્યાર્થી માટેનો શાસ્ત્રપાઠ :**
યોહાન ૯:૬–૧૧.

**૩. વાર્તાની શરૂઆત કરવા માટે :**

(૧) શું તમે કોઈ અંધ વ્યકિતને જોઈ છે?

(૨) શું તે જલદીથી ચાલી શકે? શું તે આપણી જેમ જગતનાં અનેક પ્રકારનાં સારાં વાનાં જોઈ શકે?

(૩) શું તમે એવા કોઈ માણસ વિષે સાંભળ્યું છે જે જન્મથી આંધળો હોય અને પાછળથી દેખતો થયો હોય?

(૪) શું તમે એવા કોઈ ડોકટરને ઓળખો છો જે જન્મથી અંધ વ્યકિતને દેખતી કરે? આજની વાર્તામાં આપણે જોઈશું કે પ્રભુ ઈસુ ખ્રિસ્ત એક જન્મથી આંધળા માણસને દૃષ્ટિ આપે છે. આ વ્યકિત કેવી રીતે દેખતી થઈ તે વિષે સાંભળો.

**૪. શીખવવા માટેના મુખ્ય મુદ્દા :**

(૧) માણસ જન્મથી જ આંધળો હતો (યોહાન ૯:૧).

(૨) આ માણસે પ્રભુ ઈસુનું કહ્યું માન્યું અને તેને દૃષ્ટિ મળી (યોહાન ૯:૬, ૭).

(૩) આ સાજા થયેલા માણસની નિંદા અને વિરોધ કરવામાં આવ્યો. તેને સમાજમાંથી કાઢી મૂકવામાં આવ્યો (યોહાન ૯:૧૮–૨૮, ૩૪).

(૪) સાજા થયેલા માણસે સ્પષ્ટ સાક્ષી આપી પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ મૂક્યો (યોહાન ૯:૨૫, ૩૮).

**૫. વાર્તા પરથી મળતું આત્મિક શિક્ષણ :**

જ્યાં સુધી ઈશ્વરે તેને સાજાપણું આપ્યું ન હતું ત્યાં સુધી તે શારીરિક રીતે અંધ હતો અને અંધકારમાં જ જીવતો હતો. આ જ

પ્રમાણે પ્રભુ ઈસુ ખ્રિસ્ત આપણી આત્મિક આંખો ઉઘાડે નહિ તો આપણે તારનારને જોઈ શકતા નથી અને અંધકારમાં જ રહીએ છીએ.

**૬. મોઢે કરવાનું સોનેરી વચન :**

"એક વાત હું જાણું છું કે હું આંધળો હતો અને હવે હું દેખતો થયો છું" (યોહાન ૯:૨૫).

**૭. વ્યક્તિગત લાગુકરણ :**

શું તમે આજે પ્રભુ ઈસુ ખ્રિસ્ત પાસે આવી કહેવા માગો છો, "ઓ ઈસુ, મારી આંખો ઉઘાડો, જેથી હું તમને તારણહાર અને મિત્ર તરીકે ઓળખી શકું"?

**૮. ગીત :**

*"જે હાથ પૂર્વે શક્તિમાન હતો"* (ભ. સં. ગીત ૩૯૬)

# ૧૦. મૃત્યુ પામેલા લાજરસને જીવતો કર્યો

**૧. શિક્ષકની તૈયારી માટેનો શાસ્ત્રપાઠ :**
યોહાન ૧૧:૧–૪૪.

**૨. વિદ્યાર્થી માટેનો શાસ્ત્રપાસ :**
યોહાન ૧૧:૧૪,૩૮–૪૦, ૪૩, ૪૪.

**૩. વાર્તાની શરૂઆત કરવા માટે :**
(૧) શું તમે કોઈ મૃત્યુ પામેલી વ્યકિતને જોઈ છે?
(૨) માણસને એક વખત કબરમાં મૂક્યા પછી શું તે પાછો જીવતો થઈ શકે?

એક મરણ પામેલા માણસને જીવતો કરવામાં આવે છે તે વિષેની વાર્તા આજે હું તમને કહીશ. આ મૃત્યુ પામેલો માણસ ચાર દિવસ સુધી કબરમાં હતો! શું તે અજાયબ જેવું ના કહેવાય?

**૪. શીખવવા માટેના મુખ્ય મુદ્દા :**
(૧) લાજરસના મરણથી ઘરમાં દુ:ખ અને રૂદન હોય છે (યોહાન ૧૧:૧૯,૩૩,૩૫).
(૨) પ્રભુ ઈસુનો બહેનો માટે દિલાસો અને દુ:ખમાં ભાગીદારપણું (યોહાન ૧૧:૩૩, ૩૫, ૩૬, ૩૮).
(૩) પ્રભુ પરનો માર્થાનો વિશ્વાસ અને ઈશ્વરનું પરાક્રમ (યોહાન ૧૧:૨૧, ૨૨, ૨૭).
(૪) પ્રભુ ઈસુ ખ્રિસ્ત લાજરસને જીવતો કરે છે અને તે લોકોનું દુ:ખ આનંદમાં પલટાઈ જાય છે (યોહાન ૧૧:૪૩, ૪૪).

**૫. વાર્તા પરથી મળતું આત્મિક શિક્ષણ :**

જે પ્રમાણે લાજરસ શારીરિક રીતે મૃત્યુ પામ્યો હતો ,તેમ જ આપણે પણ જો પ્રભુ ઈસુ ખ્રિસ્તને આપણા તારનાર તરીકે ન સ્વીકાર્યા હોય તો આત્મિક રીતે મરણ પામેલાં છીએ. પ્રભુ ઈસુ હાલમાં જ આત્મિક જીવન આપી શકે છે, જે જીવન સદાકાલિક અથવા અનંતજીવન છે.

**૬. મોઢે કરવાનું સોનેરી વચન :**

"આપણે પાપમાં મૂએલા હતા ત્યારે ઈશ્વરે ખ્રિસ્તની સાથે આપણને સજીવન કર્યાં" (એફેસી ૨:૫).

**૭. વ્યકિતગત લાગુકરણ :**

ખ્રિસ્ત જે જીવન છે તેમને શું તમે સ્વીકાર્યા છે? જો તમે તે પ્રમાણે કર્યું નથી તો આજે જ શું તમે તમારું જીવન પ્રભુ ઈસુ ખ્રિસ્તને આપવા પ્રાર્થના કરશો ? તેમ કરવાથી મૃત્યુ બાદ તમે સદાના માટે સ્વર્ગમાં ઈશ્વરની સાથે જીવતા હશો.

**૮. ગીત :**

*"આકાશમાં મારો છે મુકામ"* (ભ. સં . ગીત ૪૧૮).

# ૧૧. પ્રભુ ઈસુ ખ્રિસ્તનું વધસ્તંભે જડાવું

**૧. શિક્ષકની તૈયારી માટેનો શાસ્ત્રપાઠ :**
માથ્થી ૨૭:૧–૫૬; માર્ક ૧૫:૧–૪૧; લૂક ૨૩:૧–૪૯;
યોહાન ૧૮:૨૮–૪૦, ૧૯:૧–૩૭.

**૨. વિદ્યાર્થી માટેનો શાસ્ત્રપાઠ :**
લૂક ૨૩:૩૩, ૩૪, ૩૯–૪૬.

**૩. વાર્તાની શરૂઆત કરવા માટે :**
(૧) શું તમારે એવો કોઈ મિત્ર છે, જેના પર તમે પુષ્કળ પ્રેમ કરો છો ?
(૨) ધારો કે તે માંદો હોય અથવા કોઈ સંકટમાં હોય તો શું તમે તેને મદદરૂપ નહિ થાઓ?
(૩) પરંતુ જો તમારા આ મિત્રને મોતની સજા થઈ હોય તો શું તમે તેના બદલે મરવા તૈયાર થશો ?

સાંભળો, આજે હું તમને એક એવા અજાયબ મિત્ર વિષે શીખવીશ, જેમણે આપણ સર્વ પર ખૂબ જ પ્રેમ કર્યો અને આપણા માટે પોતાનો પ્રાણ અર્પી દીધો.

**૪. શીખવવા માટેના મુખ્ય મુદ્દા :**
(૧) ઈસુનો મુકરદમો અને તેમને છોડી મૂકવા પોંતિયસ પિલાતના પયત્નો (લૂક ૨૩:૧–૪, ૧૩, ૧૬, ૨૨).
(૨) ખૂન કરનારને મુકિત અને નિર્દોષ એવા જીવનના સ્વામિ પ્રભુ ઈસુને ગુનેગાર ઠરાવવામાં આવ્યા (લૂક ૨૩:૧૭–૧૯, ૨૫).
(૩) ખ્રિસ્તનાં દુ:ખો :

(અ) કોરડા માર્યા (માથ્થી ૨૭:૨૬).

(બ) કાંટાનો મુગટ (માથ્થી ૨૭:૨૯, ૩૦).

(ક) ખ્રિસ્તના ઠઠ્ઠા (માર્ક ૧૫:૧૬-૨૦).

**(૪) વધસ્તંભ અંગેની કેટલીક બીનાઓ :**

(અ) સિમોનને બળજબરીથી વધસ્તંભ ઉંચકવા દબાણ (લૂક ૨૩:૨૬).

(બ) લોકોનું મોટું ટોળું (લૂક ૨૩:૨૭, ૨૮).

(ક) ખીલાઓ (યોહાન ૨૦:૨૫).

(ખ) બે ચોરો (લૂક ૨૩:૩૨, ૩૩, ૩૯-૪૩).

(ગ) પ્રભુ ઈસુ ખ્રિસ્તની દુશ્મનો માટેની પ્રાર્થના (લૂક ૨૩:૩૪).

(ઘ) ખ્રિસ્તનું મૃત્યુ (લૂક ૨૩:૪૬).

**૫. વાર્તા પરથી મળતું આત્મિક શિક્ષણ :**

(૧) પ્રભુ ઈસુએ આપણા પર કેટલો બધો પ્રેમ કર્યો કે આપણને બચાવવા તેમણે આટલું બધું સહન કર્યું?

(૨) પાપ કેટલું બધું ભયંકર છે કે આપણને તેમાંથી બચાવવા પ્રભુએ પ્રાણ આપ્યો?

**૬. મોઢે કરવાનું સોનેરી વચન :**

"તેમણે (ઈશ્વરે) મારા પર પ્રેમ રાખ્યો અને મારે સારૂ પોતાનું અર્પણ કર્યું" (ગલાતી ૨:૨૦).

**૭. વ્યકિતગત લાગુકરણ :**

જે પ્રભુએ આપણા માટે પ્રાણ આપ્યો, તેમને શું તમે સંપૂર્ણ આધીન નહિ થાઓ?

**૮. ગીત :**

*"જુઓ આ થંભને ધારી રે"* (ભ. સં. ગીત ૧૧૦).

# ૧૨. પુનરૂત્થાન અને સ્વર્ગારોહણ

૧. **શિક્ષકની તૈયારી માટેનો શાસ્ત્રપાઠ :**
માથ્થી ૨૭:૫૭–૬૧; ૨૮:૧–૧૦, ૧૬–૨૦; માર્ક ૧૬:૧–૭, ૧૯;
યોહાન ૧૯:૩૮–૪૨; ૨૦:૧–૧૬; પ્રે. કૃ. ૧:૩, ૯–૧૧.

૨. **વિદ્યાર્થી માટેનો શાસ્ત્રપાઠ :**
માર્ક ૧૬:૧–૭.

૩. **વાર્તાની શરૂઆત કરવા માટે :**

(૧) પ્રભુ ઈસુ ખ્રિસ્ત કેવી રીતે વધસ્તંભ ઉપર મૃત્યુ પામ્યા તે આગળના પાઠમાં આપણે શીખી ગયા તે શું યાદ છે?

(૨) પ્રભુનાં મિત્રોએ તેમનું મૃત શરીર વધસ્તંભ પરથી ઉતારીને ક્યાં મૂક્યું હતું?

(૩) ઈસુ ખ્રિસ્તના શરીરને કબરમાં મૂકવાથી શું તે વાતનો અંત આવે છે?

સાંભળો, હું તમને તેઓ કેવી રીતે સજીવન થયા અને તે જીવતા પ્રભુ છે તે શીખવીશ.

૪. **શીખવવા માટેના મુખ્ય મુદ્દા :**

(૧) પ્રભુ ઈસુનું શરીર વધસ્તંભ પરથી ઉતારીને કબરમાં મૂકવામાં આવે છે (માથ્થી ૨૭:૫૭–૬૧).

(૨) ત્રીજા દિવસે કેટલીક સ્ત્રીઓ અને પાછળથી બે શિષ્યો કબરે જાય છે અને તેમને જાણવા મળે છે કે ઈસુ ખ્રિસ્ત ઉઠયા છે.

(૩) પુનરૂત્થાન પામ્યા પછી ઈસુ ખ્રિસ્ત ૪૦ દિવસ સુધી શિષ્યોને દર્શન દે છે (માર્ક ૧૬:૧-૭; યોહાન ૨૦:૧-૧૦; પ્રે. કૃ. ૧:૩).

(૪) પ્રભુની છેલ્લી આજ્ઞા અને વચન તથા તેમનું પર્વત પરથી સ્વર્ગમાં ચઢી જવું (માથ્થી ૨૮:૧૬-૨૦; માર્ક ૧૬:૧૯; પ્રે. કૃ. ૧:૯).

**૫. વાર્તા પરથી મળતું આત્મિક શિક્ષણ :**

પ્રભુ ઈસુ ખ્રિસ્ત મૃત્યુમાંથી સજીવન થયા અને આજે જીવતા છે. તેમના વચન પ્રમાણે તે સદા આપણી સાથે રહે છે. તે આપણા શકિતમાન મિત્ર અને મદદગાર છે અને આપણને પાપ તથા શેતાન પર વિજય અપાવે છે.

**૬. મોઢે કરવાનું સોનેરી વચન :**

"હું જીવંત છું; હું મૂઓ પણ હતો, અને જુઓ સદાકાળ જીવતો છું" (પ્રકટીકરણ ૧:૧૮).

**૭. વ્યક્તિગત લાગુકરણ :**

ઉત્થાન પામેલા જીવતા પ્રભુનું પરાક્રમ શું તમે દરરોજ અનુભવો છો? જો તે પ્રમાણે ન હોય તો શું તમે તમારા જીવનમાં વિજયવાન થાઓ એવી વિનંતિ પ્રભુને કરશો ?

**૮. ગીત :**

*"ઈસુ જે બાળનો તારણહાર"* (ભ. સં. ગીત ૪૯૫).

# ૧૩. સ્વર્ગ

**૧. શિક્ષકની તૈયારી માટેનો શાસ્ત્રપાઠ :**

યોહાન ૧૪:૨, ૩, ૬; પ્રકટીકરણ ૭:૧૩–૧૭; ૨૧:૧–૫, ૧૦, ૧૧, ૧૮, ૨૧–૨૭; ૨૨:૧–૫.

**૨. વિદ્યાર્થી માટેનો શાસ્ત્રપાઠ :**

પ્રકટીકરણ ૨૨:૧–૫.

**૩. વાર્તાની શરૂઆત કરવા માટે :**

(૧) તમારામાંના કેટલાએ મોટું શહેર જોયું છે?

(૨) શું તમે કદી સુંદર રાજમહેલ અથવા મોટો બંગલો જોયો છે?

(૩) દીવાલો અને દરવાજા શાનાં બનાવેલાં હોય છે?

આજે હું તમને એક ખૂબ સુંદર શહેર વિષે વાર્તા કહેવાનો છું, જેની દીવાલો કિંમતી પથ્થરોની અને દરવાજા મોતીના તથા રસ્તા સોનાના બનાવેલા હતા. આ અજાયબ જેવા શહેર વિષે શું તમે સાંભળવા માગો છો? તો ધ્યાનથી સાંભળજો.

**૪. શીખવવા માટેના મુખ્ય મુદ્દા :**

(૧) સ્વર્ગ કેવું હશે?

(અ) સ્વર્ગમાં જે વસ્તુઓ હશે તે :

(૧) સોનેરી શહેર (પ્રકટીકરણ ૨૧:૧૮);

(૨) મોતીના દરવાજા (પ્રકટી. ૨૧:૨૧);

(૩) મારા બાપના ઘરમાં રહેવાનાં ઘણાં રહેઠાણો (યોહાન ૧૪:૨);

(૪) નિર્મળ નદી (પ્રકટી. ૨૨:૧);

(૫) જીવનનું ઝાડ (પ્રકટી. ૨૨:૨);

(૬) મધુર ગીતો અને સંગીત (પ્રકટી. ૧૪:૨, ૩);

(૭) આરાધના–ઈશ્વરસ્તુતિ (પ્રકટી. ૭:૧૧, ૧૨, ૧૪).

(૨) સ્વર્ગમાં કોણ રહેશે?

ઈશ્વરપિતા, પ્રભુ ઈસુ ખ્રિસ્ત, પવિત્ર આત્મા અને દૂતો. તે ઉપરાંત ખ્રિસ્તના રકતમાં શુધ્ધ કરાયેલાં માણસો (પ્રકટીકરણ ૭:૯–૧૩).

(૩) કેવી જાતનાં લોકો સ્વર્ગમાં જઈ શકે?

જેઓએ પોતાનાં પાપોનો પસ્તાવો કર્યો છે અને પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર પ્રેમ અને વિશ્વાસ કરી તેમની સેવા કરે છે.

જેઓનાં નામ હલવાનના જીવનના પુસ્તકમાં નોંધાયેલાં છે, તેઓ જ સ્વર્ગમાં જશે (પ્રકટીકરણ ૨૧:૨૭).

(૪) સ્વર્ગમાં જવાનો રસ્તો કયો છે?

પ્રભુ ઈસુ ખ્રિસ્ત પોતે જ તે રસ્તો છે (યોહાન ૧૪:૬).

**૫. વાર્તા પરથી મળતું આત્મિક શિક્ષણ :**

એકલા પ્રભુ ઈસુ ખ્રિસ્ત જ આ પૃથ્વી પરનાં પાપોમાંથી આપણને બચાવે છે. એટલું જ નહિ પરંતુ પૃથ્વી પરના જીવન પછી સ્વર્ગ જેવી સુંદર જગા આપણા માટે બનાવી છે; જ્યાં આપણે તેમની સાથે સદાકાળ સંપૂર્ણ આનંદમાં રહીશું.

**૬. મોઢે કરવાનું સોનેરી વચન :**

"મારા બાપના ઘરમાં રહેવાનાં ઠેકાણાં ઘણાં છે, નહિ તો હું તમને કહેત; કેમકે હું તમારે માટે જગા તૈયાર કરવાને જાઉં છું" (યોહાન. ૧૪:૨).

**૭. વ્યકિતગત લાગુકરણ :**

જ્યારે તમે મૃત્યુ પામશો ત્યારે શું તમારે સ્વર્ગમાં જવું છે? જો તે પ્રમાણે હોય તો શું તમે તે માટે તૈયાર છો? જો તેમ ન હોય તો શું તમે હાલમાં તે માટે તૈયારી કરશો?

**૮. ગીત :**

*"સ્વર્ગ ભુવન મારૂં વહાલું ભુવન હાં"* (ભ. સં. ગીત ૪૧૧).

# ૧૪. સંત પાઉલનું બદલાણ

૧. શિક્ષકની તૈયારી માટેનો શાસ્ત્રપાઠ :

પ્રે. કૃ. ૯:૧–૨૯; ૧ તિમોથી ૧:૧૨–૧૬.

**૨. વિદ્યાર્થી માટેનો શાસ્ત્રપાઠ :**

પ્રે. કૃ. ૯:૧–૧૧, ૧૭–૨૨.

**૩. વાર્તાની શરૂઆત કરવા માટે :**

(૧) તમારામાંના કેટલાએ સુંદર પતંગિયું જોયું છે?

(૨) શું તમે જાણો છો કે પંતગિયું એક કદરૂપા કીડામાંથી પેદા થાય છે?

(૩) આ કેવી રીતે થાય છે તે તમે કહી શકશો ?

આજની વાર્તામાં જેમ એક કદરૂપા કીડામાંથી સુંદર પંતગિયું પેદા થાય છે, તેમ જ મનુષ્યનો નવો જન્મ થઈ શકે છે, તેના જીવનમાં ફેરફારો થાય છે અને તે નવો માણસ બને છે, તે વિષે હું શીખવીશ.

૪. શીખવવા માટેના મુખ્ય મુદ્દા:

(૧) પાઉલની ખ્રિસ્ત માટેની દુશ્મનાવટ (પ્રે. કૃ. ૯:૧–૫).

(૨) પાઉલને રસ્તે ચાલતાં ખ્રિસ્તનો ભેટો થાય છે (પ્રે. કૃ. ૯:૪–૬).

(૩) પાઉલનું બદલાણ

(અ) પસ્તાવો (પ્રે. કૃ. ૯:૯; ૧ તિમોથી. ૧:૧૨–૧૬).

(બ) પ્રાર્થના (પ્રે. કૃ. ૯:૧૧).

(ક) પવિત્ર આત્માથી ભરપૂર થવું (પ્રે. કૃ. ૯:૧૭).

(ખ) બાપ્તિસ્મા (પ્રે. કૃ. ૯:૧૮).

(૪) ખ્રિસ્તને પ્રગટ કરતો પાઉલ (પ્રે. કૃ. ૯:૨૦–૨૨).

**૫. વાર્તા પરથી મળતું આત્મિક શિક્ષણ :**

જેવી રીતે પાઉલે પોતાનાં પાપ પ્રભુ ઈસુ ખ્રિસ્ત આગળ કબૂલ કર્યાં અને પોતાનાં પાપ મૂકી દઈ તે નવો માણસ થયો, તેમ જ આપણે પણ પાપને તજી દઈ નવો જન્મ પામી ખ્રિસ્તના સાચા શિષ્ય થઈ શકીએ છીએ.

**૬. મોઢે કરવાનું સોનેરી વચન :**

"તમારે નવો જન્મ પામવો જોઈએ" (યોહાન ૩:૭).

**૭. વ્યક્તિગત લાગુકરણ :**

શું તમારો નવો જન્મ થયો છે? શું તમને નવું જીવન મળ્યું છે?

**૮. ગીત :**

*"હું તો પાપી દીન બિચારો"* (ભ. સં. ગીત ૨૭૭).

**નોંધ : *(શિક્ષકની દોરવણી માટે)***

(૧) ઘણાં ખ્રિસ્તી થયા છતાં વિધર્મી કુરિવાજો તજતા નથી. લગ્નપ્રસંગે, માંદગી વગેરે વખતે મૂર્તિપૂજા, અન્યધર્મી તહેવારો ઉજવવા, મૃત્યુ પામેલા પાછળનું ભોજન જેવું કે શ્રાધ્ધ અથવા બારમું, આ બધું તજવું જ જોઈએ.

(૨) ઈશ્વરને નામે જે નાણાં આપણે આપીએ અથવા સારાં કાર્યો કરીએ, તેમાં શું આપણે અભિમાન લઈએ છીએ?

(૩) નવો જન્મ એટલે માત્ર ખ્રિસ્તી સત્યો શીખીને મોઢે કરીએ એવો થતો નથી, પરંતુ તે પવિત્ર આત્માનું કાર્ય છે એમ ગણી આપણાં હૃદયો બદલીએ. ખ્રિસ્તનાં સાચાં પાત્રો બની આપણા જીવનથી બતાવીએ.

# ૧૫. પવિત્ર આત્મા

**૧. શિક્ષકની તૈયારી માટેનો શાસ્ત્રપાઠ :**

લૂક ૨૪:૪૯; પ્રે. કૃ. ૧:૧–૧૫, પ્રે. કૃ. ૨જો અધ્યાય.

**૨. વિદ્યાર્થી માટેનો શાસ્ત્રપાઠ :**

પ્રે. કૃ. ૨:૧–૪.

**૩. વાર્તાની શરૂઆત કરવા માટે :**

(૧) તમારામાંથી કેટલાને ભેટ મળી છે ?

(૨) જો તમારા કોઈ સગાએ તમને ઈનામ આપવા વચન આપ્યું હોય, તો તે જલદી મળે એવી આશા શું તમે નહિ રાખો?

પ્રભુ ઈસુ ખ્રિસ્તે તેમના શિષ્યોને અજાયબ જેવું ઈનામ આપવા વચન આપ્યું અને શિષ્યો તે મેળવવા રાહ જોઈ રહ્યા હતા. તેઓ તે ઈનામ મળ્યું ત્યાં સુધી આશા રાખતા રહ્યા. તે વિષે હું આજે તમને જણાવીશ.

**૪. શીખવવા માટેના મુખ્ય મુદ્દા :**

(૧) પવિત્ર આત્મા મોકલવા માટે ખ્રિસ્તનું વચન
(લૂક ૨૪:૪૯; પ્રે. કૃ. ૧:૪, ૮; ૨:૩૮,૩૯).

(૨) કોના પર પવિત્ર આત્મા આવ્યો ? (પ્રે. કૃ. ૧:૧૩–૧૫; ૨:૪).

(૩) કઈ નિશાનીઓ સાથે પવિત્ર આત્મા આપવામાં આવ્યો ?
(પ્રે. કૃ. ૨:૧–૪).
(અ) પવન (બ) અગ્નિ (ક) અન્ય ભાષામાં સાક્ષીરૂપે બોલવાની ભેટ.

**૫. વાર્તા પરથી મળતું આત્મિક શિક્ષણ :**

ઈશ્વરે પચાસમાના દિવસે ઈસુ ખ્રિસ્તના શિષ્યો પર આ પવિત્ર આત્મા રેડ્યો અને તેઓ પવિત્ર આત્માથી ભરપૂર થયા. તોપણ આ ભેટ તેઓ એકલા માટે જ હતી નહિ; તે વચન આપણા માટે પણ છે. ઈશ્વરની એ ઈચ્છા છે કે આપણે પણ પવિત્ર આત્માથી ભરપૂર થઈએ, જેથી કરીને આપણને પ્રભુ વિષેની સાક્ષી આપવાનું બળ મળે.

**૬. મોઢે કરવાનું સોનેરી વચન :**

"પવિત્ર આત્મા તમારા પર આવશે ત્યારે તમે સામર્થ્ય પામશો અને ...તમે મારા સાક્ષી થશો" (પ્રે. કૃ. ૧:૮).

**૭. વ્યક્તિગત લાગુકરણ :**

પવિત્ર આત્મા તમારાં હૃદયોને ભરે એવું શું તમે ઈચ્છો છો, જેથી તમારાં હૃદયો શુધ્ધ થાય અને તમને સાક્ષી આપવાનું બળ મળે? તો પ્રભુને પ્રાર્થના કરો કે આજે તમારામાં તે વચન પૂર્ણ થાય.

**૮. ગીત :**

*"જીવનદાતા, પવિત્ર આત્મા"* (ભ. સં. ગીત ૨૧૧).

# ૧૬. સામુહિક પ્રાર્થના

**૧. શિક્ષકની તૈયારી માટેનો શાસ્ત્રપાઠ :**
માથ્થી ૧૮:૧૯, ૨૦; પ્રે. કૃ. ૧૨:૧-૧૯.

**૨. વિદ્યાર્થી માટેનો શાસ્ત્રપાઠ :**
પ્રે. કૃ. ૧૨:૧–૧૨.

**૩. વાર્તાની શરૂઆત કરવા માટે :**

(૧) આ સ્થળે રહેતાં ખ્રિસ્તીઓ શું તમે પ્રાર્થના કરવા ભેગાં મળો છો?
(૨) તમારી સામુહિક પ્રાર્થનાના જવાબ શું મળ્યા છે?
(૩) સામુહિક પ્રાર્થના વિષે પ્રભુ ઈસુ ખ્રિસ્તે એક ખાસ વચન આપ્યું છે તે શું છે તે તમે જાણો છો ? (માથ્થી ૧૮:૧૯, ૨૦).

લોકોની સામુહિક પ્રાર્થનાનો ઈશ્વર કેવી અજાયબ રીતે જવાબ આપે છે તે વિષે આજે આપણે શીખીશું.

**૪. શીખવવા માટેના મુખ્ય મુદ્દા :**

(૧) રોમના રાજા દ્વારા ખ્રિસ્તીઓની સતાવણી અને પિતરનું કેદખાનામાં નંખાવું (પ્રે. કૃ. ૧૨:૧–૪).

(૨) મંડળી પિતરના છૂટકારા માટે પ્રાર્થના કરે છે (પ્રે. કૃ. ૧૨:૫).

(૩) તેઓની પ્રાર્થનાના પ્રત્યુત્તર તરીકે પિતરનો છૂટકારો (પ્રે. કૃ. ૧૨:૬–૧૨).

**૫. વાર્તા પરથી મળતું આત્મિક શિક્ષણ :**

જે પ્રમાણે ઈશ્વરે વિશ્વાસુઓની સામુહિક પ્રાર્થના સાંભળી અને તેના જવાબરૂપ પિતરનો છૂટકારો થયો, તેમ જ ઈશ્વર અવશ્ય આપણી પ્રાર્થનાઓ સાંભળી તેનો પ્રત્યુત્તર તેમની ઈચ્છા પ્રમાણે આપશે.

**૬. મોઢે કરવાનું સોનેરી વચન :**

"જો આપણે તેમની (ઈશ્વરની) ઈચ્છા પ્રમાણે કંઈ માગીએ, તો તે આપણું સાંભળે છે" (૧ યોહાન ૫:૧૪).

**૭. વ્યક્તિગત લાગુકરણ :**

શું ખ્રિસ્તીઓ તરીકે તમે નીયમિત પ્રાર્થના માટે મળો છો? જો ન મળતા હો તો આજે જ તે પ્રમાણે કરવાનું ચાલુ કરો અને ઈશ્વરને વિનંતિ કરો કે તે કેવી રીતે પ્રાર્થના કરવી તે તમને શીખવે.

**૮. ગીત :**

*"પ્રાર્થ કરો સહુ ખ્રિસ્ત જનો "* (ભ. સં. ગીત ૩૧૭).

# ૧૭. વ્યક્તિગત કામ

**૧. શિક્ષકની તૈયારી માટેનો શાસ્ત્રપાઠ :**
પ્રે. કૃ. ૮:૨૬–૩૯

**૨. વિદ્યાર્થી માટેનો શાસ્ત્રપાઠ:** પ્રે. કૃ. ૮:૨૬–૩૨, ૩૫–૩૮.

**૩. વાર્તાની શરૂઆત કરવા માટે :**

(૧) તમારા મિત્રોને તમે મળો છો ત્યારે કઈ બાબતોની ચર્ચા કરો છો?

(૨) ખ્રિસ્તે તમારા માટે શું શું કર્યું છે તે વિષે તેમને કહેવાનો તમે કદી વિચાર કર્યો છે?

(૩) ખ્રિસ્ત સાથેની તમારી મિત્રાચારીથી તમને જે આનંદ પ્રાપ્ત થાય છે તેના ભાગીદાર તેમને બનાવવા તમે કોશિશ કરી છે? તેઓ ખ્રિસ્તને તેમના અંગત તારનાર તરીકે સ્વીકારે એવા પ્રયત્નો તમે કર્યા છે?

આજે હું તમને એક વાર્તા કહેવાનો છું જેમાં ઈશ્વરના સેવકે માર્ગમાં એક મુખ્ય પ્રધાનને પ્રભુ ઈસુ ખ્રિસ્ત વિષે કહી તેનું બદલાણ કરાવી તેને પ્રભુ ઈસુ પાસે લાવ્યો.

**૪. શીખવવા માટેના મુખ્ય મુદ્દા :**

(૧) ફિલિપને ઈશ્વરની આજ્ઞા અને તેનું પાલન (પ્રે. કૃ. ૮:૨૬, ૨૭).

(૨) માર્ગમાં ખોજાને ખ્રિસ્ત વિષેનું શિક્ષણ આપવું (પ્રે. કૃ. ૮:૨૮–૩૫).

(૩) ખોજો ખ્રિસ્તી થયો અને તેને બાપ્તિસ્મા આપવામાં આવ્યું (પ્રે. કૃ. ૮:૩૮).

**૫. વાર્તા પરથી મળતું આત્મિક શિક્ષણ :**

જે પ્રમાણે ફિલિપે ખ્રિસ્ત વિષે કહીને તેના વાર્તાલાપ દ્વારા એક આત્માને ખ્રિસ્ત તરફ દોર્યો, તેમ જ આપણને પણ પ્રભુ લોકોને ખ્રિસ્ત વિષે કહેવાની ઘણી તકો આપે છે, જે મારફતે આપણે તેમને ખ્રિસ્ત પાસે લાવી શકીએ છીએ. જેમ કે રસ્તા ઉપર, તાપતાં તાપતાં, ચોરા પર, ખેતરમાં વાવતાં કે કાપણી કરતાં, અથવા કારખાનામાં અગર બીજે કોઈ જગામાં પ્રસંગ મળતાં તમે બીજાને ખ્રિસ્ત વિષે જણાવી શકો છો.

**૬. મોઢે કરવાનું સોનેરી વચન :**

"ઈસુએ કહ્યું, મારી પાછળ આવો, ને હું તમને માણસોને પકડનારા કરીશ" (માથ્થી ૪:૧૯).

**૭. વ્યક્તિગત લાગુકરણ:**

તમારા દરરોજના જીવનમાં શું તમે પવિત્ર આત્માના સામર્થ્ય વડે અન્યને પ્રભુ ઈસુ ખ્રિસ્ત પાસે લાવવા પ્રયત્ન કરશો?

**૮. ગીત :**

*"ધીરો મીઠો પ્રેમી અવાજ"* (ભ. સં. ગીત ૨૭૬).

# ૧૮. રવિવાર

**૧. શિક્ષકની તૈયારી માટેનો શાસ્ત્રપાઠ :**
નિર્ગમન ૧૬:૧–૩૧; ગણના ૧૧:૭–૯; પ્રે. કૃ. ૨૦:૭; ૧ કરિંથી ૧૬:૨; હિબ્રૂ.૧૦:૨૫.

**૨. વિદ્યાર્થી માટેનો શાસ્ત્રપાઠ :**
નિર્ગમન ૧૬:૨૧–૨૭.

**૩. વાર્તાની શરૂઆત કરવા માટે :**

(૧) અઠવાડિયામાં કેટલા દિવસો છે? તેમનાં નામ કહો.
(૨) શું તમે જાણો છો કે તેમાંનો એક દિવસ બહુ અગત્યનો છે?
(૩) આ ખાસ દિવસ અને અન્ય દિવસો વચ્ચે શો તફાવત છે?

ઈશ્વરે આ ખાસ દિવસને શા માટે પવિત્ર દિવસ ગણવાની આજ્ઞા આપી તે હું તમને આજે જણાવીશ. તો સાંભળો.

**૪. શીખવવા માટેના મુખ્ય મુદ્દા :**

(૧) ઈશ્વરના લોકોને ઈજિપ્તની ગુલામગીરીમાંથી છૂટકારો અપાયા બાદ તેઓ મુસાફરી કરતા કરતા અરણ્યમાં થઈને વચનના પ્રદેશ કનાનમાં આવે છે (નિર્ગમન ૧૬:૧).
(૨) લોકોને ખોરાકની જરૂર હોવાથી ઈશ્વરે તેમને ખોરાક તરીકે માન્ના આપ્યું, જે દરરોજ સવારે ઝાકળની સાથેપડતું હતું (નિર્ગમન ૧૬:૧૪, ૧૫).
(૩) છઠ્ઠા દિવસે લોકો બે દિવસ ચાલે એટલું માન્ના ભેગું કરતા હતા. સાતમો દિવસ ઈશ્વરનો પવિત્ર દિવસ હતો, ત્યારે માન્ના પડતું નહિ, કારણ કે

લોકોને તે દિવસે કોઈ પણ જાતનું કામ કરવાની મના હતી (નિર્ગમન ૧૬:૫, ૨૨, ૨૩, ૨૫–૨૭).

**૫. વાર્તા પરથી મળતું આત્મિક શિક્ષણ :**

ઈશ્વરે તે સમયના યહૂદી લોકોને આ દિવસ પવિત્ર પાળવા શીખવ્યું; તેમ જ આપણે પણ તે દિવસ પવિત્ર ગણીને પાળીએ. તે દિવસે આરામ કરી ઈશ્વરસ્તુતિ કરીએ અને તેમનાં કાર્યો પણ કરીએ.

**૬. મોઢે કરવાનું સોનેરી વચન :**

"છ દિવસ કામ કરવામાં આવે; પણ સાતમો દિવસ યહોવાને સારુ પવિત્ર એવો વિશ્રામનો સાબાથ્થ છે" (નિર્ગમન ૩૧:૧૫).

**૭. વ્યક્તિગત લાગુકરણ :**

જે કાર્ય અતિ જરૂરી અને અગત્યનું ન હોય તે ન કરી શું તમે ઈશ્વરના દિવસને પવિત્ર રાખવા પ્રયત્ન કરો છો? વળી તેમની આજ્ઞા પ્રમાણે શું તમે આરામ કરી, ભક્તિસભામાં જાઓ છો? જો એ પ્રમાણે તમે ન કરતા હો તો ભવિષ્યમાં તેમ કરી શકો માટે ઈશ્વરની સહાય માગશો?

**૮. ગીત : *"શુભ દિન આદિતવાર"* (ભ. સં. ગીત ૪૧)**

**નોંધ : *(શિક્ષકની દોરવણી માટે)***

(૧) રવિવારે જે પ્રકારનાં કાર્યો ન કરીએ તે આ છે; ખરીદવું, વેચવું, દળવું, ખેતીકામ, મુસાફરી, ટોપલીઓ, પંખા, સુપડાં બનાવવાં, જોડા સીવવા, દરજીકામ કરવું વગેરે. અમારૂં માનવું છે કે જે કાર્ય કરવું કે ન કરવું તે ખ્રિસ્તી માણસ પોતે નક્કી કરી શકતો હોય તે કામો ન કરવાં.

(૨) રવિવારે આ પ્રમાણે કરવું જોઈએ; ઈશ્વરસ્તુતિ, બાઈબલ વાચન, પ્રાર્થના, બીજાઓને પ્રભુ ઈસુ વિષે જણાવવું.

ઈશ્વરના કાર્ય માટે દાન આપો, રાંધવું જરૂરી હોય તો રાંધો, અને જાનવરોની પણ સંભાળ રાખો.

# ૧૯. ઈશ્વરને આપવા વિષે (વિધવાની અધેલી)

**૧. શિક્ષકની તૈયારી માટેનો શાસ્ત્રપાઠ :**
માર્ક ૧૨:૪૧–૪૪.

**૨. વિદ્યાર્થી માટેનો શાસ્ત્રપાઠ :**
માર્ક ૧૨:૪૧–૪૪.

**૩. વાર્તાની શરૂઆત કરવા માટે :**

(૧) ઈશ્વર આપણને ઘણું આપે છે. તેમણે જે આશીર્વાદો તમને આપેલા છે તેમાંથી થોડા કહી શકશો? (દા. ત. ઘર, તંદુરસ્તી, ખોરાક, વગેરે)
(૨) તમે કદી એવો વિચાર કર્યો છે કે ઈશ્વર આપણી પાસેથી પણ કંઈ અપેક્ષા રાખે છે? એક ગરીબ બાઈએ તેનું સર્વસ્વ ઈશ્વરને આપી દીધું, તે વિષેની વાત ધ્યાનથી સાંભળો.

**૪. શીખવવા માટેના મુખ્ય મુદ્દા :**
(૧) ઈસુ ખ્રિસ્ત મંદિરમાં બેસી જુએ છે કે કોણ કેટલું દાન આપે છે (માર્ક ૧૨:૪૧).
(૨) દાન આપનાર લોકોમાં બે પ્રકારના લોકો હતા; ધનવાન અને ગરીબ (માર્ક ૧૨:૪૧, ૪૨).
(૩) પ્રભુ ઈસુ ખ્રિસ્તની દૃષ્ટિમાં કોણે સૌથી વધારે દાન આપ્યું અને શા માટે તે વધારે ગણાયું? (માર્ક ૧૨:૪૩, ૪૪).

**૫. વાર્તા પરથી મળતું આત્મિક શિક્ષણ :**
જે પ્રમાણે પ્રભુ ઈસુ ગરીબ વિધવાનું થોડું દાન વધારે ગણી તેને વખાણે છે;

તેમ આપણે પણ જો આનંદથી શક્ય તેટલું આપીએ તો આપણા પર પણ પ્રભુ ખુશ થાય છે.

**૬. મોઢે કરવાનું સોનેરી વચન :**

"ખુશીથી આપનારને ઈશ્વર ચાહે છે" (૨ કરિંથી ૯:૭).

**૭. વ્યક્તિગત લાગુકરણ :**

શું તમે પ્રભુનાં કાર્યો માટે તમારાથી બને તેટલું દાન નીયમિત આપો છો ? જો તેમ તમે ન કરતા હો તો આપવાનું આજથી જ શરૂ કરશો?

**૮. ગીત :**

*"આપો પ્રભુને આનંદે"* (ભ. સં. ગીત ૩૪૫)

**નોંધ : *(શિક્ષકની દોરવણી માટે)***

(૧) દાન આપવાની બાબતમાં કેટલીક જગાએ ગામડાંનાં ખ્રિસ્તીઓમાં અને શોધકોમાં "આશીવાર્દનું વાસણ" મદદરૂપ થયું છે. આ વાસણ પર "આશીર્વાદનું વાસણ" શબ્દો અને કુટુંબનું નામ લખેલું હોય છે. દરેક ભોજન બનાવતાં કુટુંબનું કોઈ મુઠ્ઠીભર લોટ કે અનાજ તેમાં નાખે છે. અઠવાડિયામાં એક વખત તે ભકિતસભામાં લાવવામાં આવે અને તેનું વજન કરી જેમને જોઈતું હોય તેમને વેચવામાં આવે. જે નાણાં આવે તેની વ્યકિતગત નોંધ ઉપદેશક કરે અને તેના પર પ્રાર્થના કરવામાં આવે.

(૨) ઉપરની વ્યવસ્થા સ્થાનિક મંડળીની વ્યવસ્થા પ્રમાણે કરવામાં આવે. મહિના અને વર્ષની આખરે જ્યારે તેની ગણતરી કરવામાં આવે ત્યારે તે વેચાણની મોટી રકમ માલૂમ પડશે અને દાન આપનારને આ બાબતનો આનંદ થશે. શરૂઆતમાં આ રીત વાપરી શકાય. પાછળથી લોકો તેમની કમાણીનો દશમો ભાગ આપે એવું શિક્ષણ આપો. .

# ૨૦. દશ કુમારિકાઓ

**૧. શિક્ષકની તૈયારી માટેનો શાસ્ત્રપાઠ :**
માથ્થી ૨૫:૧–૧૩.

**૨. વિદ્યાર્થી માટેનો શાસ્ત્રપાઠ :**
માથ્થી. ૨૫:૧–૧૩.

**૩. વાર્તાની શરૂઆત કરવા માટે :**
(૧) શું તમે લગ્નનો વરઘોડો કદી જોયો છે?
(૨) આવો વરઘોડો કાઢવાનો હોય ત્યારે શું લોકો અગાઉથી તૈયારી કરતા નથી?
(૩) વરઘોડામાં ભાગ લેવા શું લોકો રાજી હોતા નથી? આવા એક મોટા લગ્નના વરઘોડા વિષે અને તેની કેવી તૈયારી કરી હતી તે વિષેની વાર્તા હું તમને કહીશ.

**૪. શીખવવા માટેના મુખ્ય મુદ્દા :**
(૧) દશ કુમારિકાઓ વરરાજા આવનાર હતા તેમની રાહ જોઈ રહી હતી (માથ્થી ૨૫:૧, ૫).
(૨) વરરાજા આવે છે, પરંતુ પાંચ મૂર્ખ કુમારિકાઓની મશાલોમાં પૂરતુ તેલ હતું નહિ (માથ્થી ૨૫:૬–૯).
(૩) પાંચ ડાહી કુમારિકાઓ વરરાજા સાથે લગ્નજમણમાં જાય છે (માથ્થી ૨૫:૧૦).
(૪) પાંચ મૂર્ખ કુમારિકાઓને પ્રવેશ આપવાની ના પાડવામાં આવે છે (માથ્થી ૨૫:૧૧, ૧૨).

**૫. વાર્તા પરથી મળતું આત્મિક શિક્ષણ :**

લગ્નજમણમાં પ્રવેશ આપવાની જે પ્રમાણે પાંચ મૂર્ખ કુમારિકાઓને ના પાડવામાં આવી તેમ જ પ્રભુ ઈસુ ખ્રિસ્ત ફરીથી આ જગતમાં આવશે અને જો આપણે તેમને મળવા તૈયાર નહિ હોઈએ તો તેમની સાથે સ્વર્ગમાં જઈ શકીશું નહિ.

**૬. મોઢે કરવાનું સોનેરી વચન :**

"તારા ઈશ્વરને મળવાને તૈયાર થા" (આમોસ ૪:૧૨).

**૭. વ્યક્તિગત લાગુકરણ :**

શું તમારાં પાપો તજી દેવામાં અને માફ કરવામાં આવ્યાં છે? શું તમે પ્રભુ ઈસુ ખ્રિસ્તને મળવા તૈયાર છો? જો એમ ના હોય તો આજે જ તેમને મળવા રાજી છો?

**૮. ગીત :**

*"દશ કુમારિકાઓ નીકળી"* (ભ. સં. ગીત ૧૪૨).

# ૨૧. આપણા પ્રભુનું પાછા આવવું

**૧. શિક્ષકની તૈયારી માટેનો શાસ્ત્રપાઠ :**
માથ્થી ૨૪:૪૪–૪૬; ૨૫:૧૩; લૂક ૨૧:૨૫–૨૭; પ્રે. કૃ. ૧:૯–૧૧;
૧ થેસ્સા. ૪:૧૬–૧૮; પ્રકટીકરણ ૬:૧૨–૧૭.

**૨. વિદ્યાર્થી માટેનો શાસ્ત્રપાઠ :**
પ્રે. કૃ. ૧:૯–૧૧; ૧ થેસ્સા. ૪:૧૬–૧૮.

**૩. વાર્તાની શરૂઆત કરવા માટે :**
(૧) જેના પર તમે પુષ્કળ પ્રેમ કરો છો તે કોઈ લાંબી મુસાફરીએ કદી ગયા છે?
(૨) ધારો કે તમારો કોઈ મિત્ર મુસાફરીએ જાય અને તમને જલદી પાછા આવવાનું વચન આપ્યું હોય, તો શું તમે તેની હમેશાં આતુરતાથી રાહ નહિ જુઓ?

આજે હું તમને એક મોટા ગુરુની વાત કહીશ, જે પોતાના શિષ્યોને વચન આપીને ગયા હતા કે હું વહેલો પાછો આવીશ.

**૪. શીખવવા માટેના મુખ્ય મુદ્દા :**
(૧) ખ્રિસ્ત પાછા આવવાના છે એવું વચન (પ્રે. કૃ. ૧:૯–૧૧).
(૨) ખ્રિસ્ત ક્યારે પાછા આવશે? (માથ્થી ૨૫:૧૩).
(૩) ઈસુ ખ્રિસ્ત કેવી રીતે પાછા આવશે? (૧ થેસ્સા. ૪:૧૩–૧૮).
(૪) પ્રભુ ઈસુ ખ્રિસ્ત પાછા આવશે ત્યારે શું થશે?
(અ) જેઓ તેમના પર પ્રેમ કરે છે તેમની સાથે મહિમાવંત મિલાપ (૧ થેસ્સા. ૪:૧૭).

(બ) જેઓએ તેમનો નકાર કર્યો છે તેમના માટે ન્યાયનો દિવસ ભય અને ધ્રૂજારીનો દિવસ હશે (લૂક ૨૧:૨૫–૨૭; પ્રકટીકરણ ૬:૧૨–૧૭).

**૫. વાર્તા પરથી મળતું આત્મિક શિક્ષણ :**

જો આપણે ખ્રિસ્તના પાછા આવવાની રાહ સદા જોતા રહીએ તો એ વિચાર જ આપણને પાપ કરતાં રોકશે. તે ઉપરાંત તેમની સેવા વધુ ખંતથી કરવા આપણને બળ મળશે.

**૬. મોઢે કરવાનું સોનેરી વચન :**

"એ માટે તમે પણ તૈયાર રહો, કેમ કે જે ઘડીએ તમે ધારતા નથી તે જ ઘડીએ માણસનો દીકરો આવશે" (માથ્થી ૨૪:૪૪).

**૭. વ્યક્તિગત લાગુકરણ :**

પ્રભુ ઈસુ ખ્રિસ્ત ફરીથી આવનાર છે. શું તમે વિજયવંત જીવન જીવતાં અને તેમના માટે મહેનત કરતાં તેમને મળવાને તૈયાર છો ?

**૮. ગીત :**

*"મારો ખ્રિસ્ત પ્રભુજી આવશે રે"* (ભ. સં. ગીત ૧૩૮).

# ૨૨. સતાવણી

**૧. શિક્ષકની તૈયારી માટેનો શાસ્ત્રપાઠ :**

પ્રે. કૃ. ૧૬:૨૨–૩૪.

**૨. વિદ્યાર્થી માટેનો શાસ્ત્રપાઠ :**

પ્રે. કૃ. ૧૬:૨૨–૩૪.

**૩. વાર્તાની શરૂઆત કરવા માટે :**

(૧) પ્રભુ ઈસુ ખ્રિસ્તને કારણે તમારી સતાવણી કરવામાં આવી હોય એવા તમારામાંના કેટલા છે?

(૨) ખ્રિસ્તી થવાને કારણે શા માટે લોકોની સતાવણી થાય છે?

(૩) શું સતાવણી ખ્રિસ્તના રાજ્યનો ફેલાવો કરે છે કે અડચણરૂપ હોય છે?

(૪) જ્યારે લોકો તમારી સતાવણી કરે છે ત્યારે શું તમે ખુશી થાઓ છો કે તમારો ગુસ્સો દર્શાવો છો?

**૪. શીખવવા માટેના મુખ્ય મુદ્દા :**

(૧) પાઉલ અને સિલાસનો લોકો વિરોધ કરે છે (પ્રે. કૃ. ૧૬:૨૨).

(૨) તેઓને ફટકા મારીને બંદીખાનામાં નાખવામાં આવ્યા અને તેમના પગ હેડમાં મૂક્યા (પ્રે. કૃ. ૧૬:૨૩, ૨૪).

(૩) સતાવણી વચ્ચે પણ આનંદ (પ્રે. કૃ. ૧૬:૨૫).

(૪) પરિણામ– દરોગાનું બદલાણ થયું (પ્રે. કૃ. ૧૬:૨૯–૩૪).

**૫. વાર્તા પરથી મળતું આત્મિક શિક્ષણ :**

જે પ્રમાણે પાઉલ અને સિલાસની સતાવણી કરવામાં આવી અને તેઓએ ખુશીથી ખ્રિસ્તને ખાતર સહન કર્યું; તેમ જ જો આપણી સતાવણી થાય તો આનંદ સાથે તેમના નામને લીધે દુઃખ સહેવા શું આપણે તૈયાર છીએ?

**૬. મોઢે કરવાનું સોનેરી વચન :**

"જ્યારે લોક તમારી નિંદા કરશે, ને પૂંઠે લાગશે, ને મારે લીધે તમારી વિરૂધ તરેહ તરેહની ભૂંડી વાત અસત્યતાથી કહેશે, ત્યારે તમને ધન્ય છે. તમે આનંદ કરો તથા ઘણા હરખાઓ; કેમ કે આકાશમાં તમારો બદલો મોટો છે"
(માથ્થી ૫:૧૧, ૧૨).

**૭. વ્યક્તિગત લાગુકરણ :**

ખ્રિસ્તને ખાતર સતાવણી સહેવાને શું તમે રાજી છો? શું તમે સતાવણીમાં આનંદ માણી શકો?

**૮. ગીત :**

*"રાખજો દીવા સળગતા રાખજો રે"* (ભ. સં. ગીત ૩૯૨)

**નોંધ :** ***(શિક્ષકની દોરવણી માટે)***

જો આપણે ખોટું કરીએ અથવા આપણી ફરજ બરાબર ન બજાવીએ અને તેને કારણે સહન કરવાનું થાય તો તે સતાવણી ન કહેવાય. ખ્રિસ્તને લીધે ખોટી રીતે સહન કરવું પડે તે સતાવણી ગણાય.

# ૨૩. જૂઠું બોલવું

**૧. શિક્ષકની તૈયારી માટેનો શાસ્ત્રપાઠ :**
પ્રે. કૃ. ૪:૩૨–૩૭; ૫:૧–૧૧; એફેસી ૪:૨૫; કલોસી. ૩:૯.

**૨. વિદ્યાર્થી માટેનો શાસ્ત્રપાઠ:** પ્રે. કૃ. ૫:૧–૧૧.

**૩. વાર્તાની શરૂઆત કરવા માટે :**

(૧) તમારી આગળ શું કોઈ કદી જૂઠું બોલ્યું છે?
(૨) જૂઠું બોલનાર પર તમે વિશ્વાસ મૂકી શકો ખરા?
(૩) જૂઠું બોલીને શું આપણે ઈશ્વરથી કાંઈ સંતાડી શકીએ?

એક માણસ અને તેની પત્નીએ જૂઠું બોલવા કેવી યોજના કરી તે વિષે આજે હું તમને કહીશ. તોપણ ઈશ્વર અજાયબ રીતે તેમનું જૂઠાણું ખુલ્લું પાડે છે.

**૪. શીખવવા માટેના મુખ્ય મુદ્દા :**

(૧) શરૂઆતની મંડળીમાં ખ્રિસ્તીઓ વચ્ચે સર્વ વસ્તુઓ સામાન્ય હતી (પ્રે. કૃ. ૪:૩૨, ૩૪, ૩૫).
(૨) અનાન્યા અને સાફિરાએ તેમની મિલકત વેચી અને પ્રેરિતો આગળ તેમાંનો અમુક ભાગ જ લાવ્યાં અને ઢોંગ કર્યો કે તેમણે બધું જ તેઓની આગળ રજૂ કર્યું છે (પ્રે. કૃ. ૫:૧, ૨).
(૩) તેમનું જૂઠું બોલવું ખુલ્લું પડી જાય છે (પ્રે. કૃ. ૫:૩, ૪, ૭–૯).
(૪) જૂઠું બોલવાને કારણે શિક્ષા (પ્રે. કૃ. ૫:૫, ૬, ૧૦, ૧૧).

**૫. વાર્તા પરથી મળતું આત્મિક શિક્ષણ :**

અનાન્યા અને સાફિરા જૂઠું બોલ્યાં તેના કારણે ઈશ્વર ઘણા દુ:ખી થયા; તેમ જ જો આપણે જૂઠું બોલીએ તો તે નારાજ થાય છે. આપણને સ્પષ્ટ શિક્ષણ

આપવામાં આવ્યું છે કે ખ્રિસ્તીઓએ હમેશાં સાચું જ બોલવું જોઈએ.

**૬. મોઢે કરવાનું સોનેરી વચન :**

"જૂઠા હોઠો યહોવાને કંટાળારૂપ છે" (નીતિવચન ૧૨:૨૨).

**૭. વ્યક્તિગત લાગુકરણ :**

ઈશ્વર જૂઠાને કેટલું ધિક્કારે છે તેનો ખ્યાલ આવે છે? શું પ્રભુને તમે પ્રાર્થના કરશો કે તે તમને હમેશાં સાચું બોલવા સહાય કરે?

**૮. ગીત :**

*"સાચું સદાય બોલતાં ખોટું કર તું દૂર"* (ભ. સં. ગીત ૪૮૩).

# ૨૪. મૂર્તિપૂજા કરવાનું પાપ

**૧. શિક્ષકની તૈયારી માટેનો શાસ્ત્રપાઠ :**

૧ રાજા ૧૮:૧૭–૩૯.

**૨. વિદ્યાર્થી માટેનો શાસ્ત્રપાઠ :**

૧ રાજા ૧૮:૨૯–૩૯.

**૩. વાર્તાની શરૂઆત કરવા માટે :**

(૧) મૂર્તિઓ શાની બનાવેલી હોય છે?

(૨) શું તેઓ ચાલી અથવા બોલી શકે છે?

(૩) શું તેઓ સાંભળી કે જવાબ આપી શકે છે અને તેમના પૂજનારાને કોઈ રીતે મદદરૂપ થઈ શકે છે?

સાંભળો, કેટલાક મૂર્તિપૂજકોને શરમ ભોગવવી પડી અને તેઓ મુંઝવણમાં મૂકાઈ ગયા, કારણ કે તેમની મૂર્તિઓ તરફથી તેમને કશી મદદ મળી નહિ, તે વિષે હું તમને આજે શીખવીશ.

**૪. શીખવવા માટેના મુખ્ય મુદ્દા :**

(૧) ઈશ્વરનો સેવક એલિયાહ રાજાની આગળ (૧ રાજા ૧૮:૧૭–૨૦).

(૨) એલિયાહનો ઈશ્વરના લોકો તેમ જ મૂર્તિપૂજકોને પડકાર (૧ રાજા ૧૮:૨૧–૩૫).

(૩) એલિયાહનો વિશ્વાસ અને પ્રાર્થના (૧ રાજા ૧૮:૩૦, ૩૬, ૩૭).

(૪) ઈશ્વરની મદદથી એલિયાહ વિજય મેળવે છે (૧ રાજા ૧૮:૩૮, ૩૯).

**૫. વાર્તા પરથી મળતું આત્મિક શિક્ષણ :**

જે પ્રમાણે એ જમાનાના મૂર્તિપૂજકોને કોઈ મદદ મળી નહિ, તેમ જ આજે પણ મૂર્તિને ભજનારાને કશી મદદ મળશે નહિ.
મૂર્તિઓ નહિ, એકલા ઈશ્વર જ સ્તુતિ અને સેવા કરવાને યોગ્ય છે.

**૬. મોઢે કરવાનું સોનેરી વચન :**

"તું તારે સારુ કોઈ કોરેલી મૂર્તિ ન કર...કોઈપણ ચીજની પ્રતિમા ન કર; તું તેઓની આગળ ન નમ, ને તેઓની સેવા ન કર" (નિર્ગમન ૨૦:૪, ૫).

**૭. વ્યક્તિગત લાગુકરણ :**

તમે કોની પર વિશ્વાસ રાખો છો? મૂર્તિઓ પર કે પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર? જો તમે પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ રાખતા હો તો શું તમે મૂર્તિપૂજાનાં સર્વ ચિહ્નો તજી દીધાં છે? જો તેમ ન કર્યું હોય તો શું આજે જ મૂર્તિઓ અને અન્ય ચિહ્નો તજી દેશો?

**૮. ગીત :**

*"પ્રેમ ઈસુનો છે અવિનાશી"* (ભ. સં. ગીત ૧૭૫).

**નોંધ : *(શિક્ષકની દોરવણી માટે)***

શિક્ષકે એ બાબત પર ખાસ ભાર મૂકવો જોઈએ કે મુશ્કેલી, માંદગી, દુઃખ, મરણ અને સર્વ પ્રકારની ચિન્તાના પ્રસંગે જીવંત ઈશ્વરની જ મદદ માગીએ. તેઓ એકલા જ સહાય કરી શકે છે.

# ૨૫. મરણ

**૧. શિક્ષકની તૈયારી માટેનો શાસ્ત્રપાઠ :**
પ્રે. કૃ. ૬:૭–૧૫; ૭:૫૪–૬૦; ૮:૨.

**૨. વિદ્યાર્થી માટેનો શાસ્ત્રપાઠ :**
પ્રે. કૃ. ૭:૫૪–૬૦; ૮:૨.

**૩. વાર્તાની શરૂઆત કરવા માટે :**
(૧) જેમના પર તમે ઘણો પ્રેમ કરતા હોય તેવી કોઈ વ્યકિત મૃત્યુ પામી છે?
(૨) તે મરણ સમયે શું શું થયું?
(૩) શું મૃત્યુથી આપણે બીવું જોઈએ?
(૪) મરણ બાદ શું થાય છે?

આજે હું તમને એક એવા વિશ્વાસુ માણસ વિષે કહીશ જેણે મરણની જરા પણ બીક રાખી નહિ, કારણ કે પ્રભુ ઈસુ ખ્રિસ્ત તેની સાથે હતા.

**૪. શીખવવા માટેના મુખ્ય મુદ્દા :**
(૧) સ્તેફન નામનો એક ઈશ્વરભકત હતો તેના પર ખોટું તહોમત મૂકવામાં આવ્યું અને તેનો વિરોધ કરવામાં આવ્યો (પ્રે. કૃ. ૬:૮–૧૪).

(૨) પોતાના સેવક સાથે પ્રભુ ઈસુ ખ્રિસ્તની હાજરી (પ્રે. કૃ. ૭:૫૫, ૫૬).

(૩) સ્તેફનના મરણ સમયે તે ખ્રિસ્તને જૂએ છે અને તેમની પ્રાર્થના કરે છે (પ્રે. કૃ. ૭:૫૫, ૫૬, ૫૯, ૬૦).

(૪) સ્તેફનનું મૃત્યુ અને દફન (પ્રે. કૃ. ૭:૫૯, ૬૦; ૮:૨).

**૫. વાર્તા પરથી મળતું આત્મિક શિક્ષણ :**

જે પ્રમાણે સ્તેફનના મરણ સમયે પ્રભુ ઈસુ ખ્રિસ્ત તેની સાથે હતા અને તેની સર્વ બીક દૂર કરી, તે પ્રમાણે જો આપણે તેમના પર વિશ્વાસ રાખીશું તો આપણા મરણ વખતે તેઓ આપણી સાથે હશે અને આપણને આનંદ તથા મહિમા સહિત તેમના ઘરમાં એટલે કે સ્વર્ગમાં લઈ જશે.

**૬. મોઢે કરવાનું સોનેરી વચન :**

"જો કે મરણની છાયાની ખીણમાં હું ચાલું તો એ હું કંઈ પણ ભૂંડાઈથી બીશ નહિ, કેમ કે તમે (ઈશ્વર) મારી સાથે છો" (ગીતશાસ્ત્ર ૨૩:૪).

**૭. વ્યક્તિગત લાગુકરણ :**

શું તમને મરણની બીક લાગે છે? જો તમે પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરતા હશો તો બીક રાખવાની જરૂર નથી. શું તમે આજે તેમના પર વિશ્વાસ કરશો ?

**૮. ગીત :**

*"હોડી હંકારો, નાવિક, મારી"* (ભ. સં. ગીત ૪૦૦)

**નોંધ : *(શિક્ષકની દોરવણી માટે)***

શિક્ષકે એ બાબત પર ખાસ ભાર મૂકવો જોઈએ કે મરણ અને દફનક્રિયા પ્રસંગે કોઈ પણ વિધર્મી કુરિવાજો ન કરવામાં આવે; પરંતુ મૃત શરીરને પ્રાર્થનાસહિત કબરમાં ઉતારવામાં આવે. અમે ઈચ્છીએ છીએ કે તે સમયે નીચેનાં વચનોમાંથી વાંચવામાં આવે: યશાયા ૨૫:૮; લૂક ૨૩:૪૩; યોહાન ૧૧:૨૩–૨૬; ૧૪:૧–૩; ૧ કરિંથી ૨:૯; ૧૫:૫૧–૫૭; ફિલિપી ૧:૨૩; ૧ થેસ્સા. ૪:૧૩–૧૮; પ્રકટીકરણ ૭: ૯–૧૭; ૨૧:૪.

# ૨૬. પ્રાર્થનાવાદી દાનિયેલ

**૧. શિક્ષકની તૈયારી માટેનો શાસ્ત્રપાઠ :**
દાનિયેલ ૨:૧–૩૫; ૬:૧–૨૮; ૯:૧–૨૩; ૧૦:૧૦–૧૫.

**૨. વિદ્યાર્થી માટેનો શાસ્ત્રપાઠ :**
દાનિયેલ ૬:૧૦–૧૩; ૧૬:૧૯–૨૩.

**૩. વાર્તાની શરૂઆત કરવા માટે :**
(૧) પ્રાર્થના શું છે તે તમે સમજો છો?
(૨) પ્રાર્થના કોને કહેવાય?
(૩) શું તમે પ્રાર્થના કરો છો?
(૪) શું પ્રાર્થના તમારા દરરોજના જીવનનો એક ભાગ છે?

આજે હું તમને એક એવા શમાણસ વિષે શીખવીશ, જે પ્રાર્થનાની અગત્યતા સમજી દિવસમાં ત્રણ વખત પ્રાર્થના કરતો હતો. જો કે તેના કારણે તેને મુશ્કેલીમાં મૂકાવું પડ્યું.

**૪. શીખવવા માટેના મુખ્ય મુદ્દા :**
(૧) દાનિયેલ એક ધાર્મિક માણસ હતો જેને વિધર્મી દેશમાં કેદી તરીકે લઈ જવામાં આવ્યો હતો. જ્યારથી તે યુવાન હતો ત્યારથી જ પ્રાર્થના કરવાની ટેવ તેને પડી હતી (દાનિયેલ ૨:૧૭–૨૪; ૬:૧૦; ૯:૧–૫, ૧૬–૨૩; ૧૦:૧૨).

(૨) ઈર્ષા રાખનાર અધિકારીઓની દાનિયેલને બરબાદ કરવાની યોજના (દાનિયેલ ૬:૪–૯).

(૩) દાનિયેલ પ્રાર્થના કરવાનું ચાલુ રાખે છે અને તેના પરિણામે તેને સિંહોના બીલમાં નાખવામાં આવે છે (દાનિયેલ ૬:૧૦, ૧૧, ૧૬, ૧૭).

(૪) દાનિયેલનો છૂટકારો થાય છે, એ રીતે ઈશ્વરને મહિમા મળે છે (દાનિયેલ ૬:૧૯–૨૩, ૨૫–૨૭).

**૫. વાર્તા પરથી મળતું આત્મિક શિક્ષણ :**

જે પ્રમાણે દાનિયેલ દરરોજ પ્રાર્થના કરતો હતો અને તેમ કરવાનું ચાલુ રાખતો હતો તે પ્રમાણે જ આપણે પ્રાર્થના કરવી જોઈએ અને સર્વ બાબતો ઈશ્વર આગળ લાવવી જોઈએ.

**૬. મોઢે કરવાનું સોનેરી વચન :**

"આત્મામાં સર્વ પ્રકારે તથા હર વખત પ્રાર્થના તથા વિનંતિ કરો" (એફેસી ૬:૧૮).

**૭. વ્યક્તિગત લાગુકરણ :**

શું તમે સર્વ બાબતો વિષે દરરોજ પ્રાર્થના કરો છો? જો તેમ ન કરતા હો તો પ્રાર્થના કરવાની ટેવ આજથી પાડશો?

**૮. ગીત :**

*"હે સતસ્વામી સતના બેલી"* (ભ. સં. ગીત ૩૧૮).

**નોંધ : (શિક્ષકની દોરવણી માટે)**

આ પુસ્તકના પાછળના ભાગમાં ગ્રામ્ય અને નવા વિશ્વાસુઓ માટે જે સાદી પ્રાર્થનાઓ આપેલી છે તેમાંની એકાદ લઈ તેઓને પ્રાર્થના કરતાં અહીં શીખવો

# ૨૭. ખ્રિસ્તી લગ્ન (ઈબ્રાહિમના દીકરાનું લગ્ન)

**૧. શિક્ષકની તૈયારી માટેનો શાસ્ત્રપાઠ :**
ઉત. ૨૪:૧-૬૭.

**૨. વિદ્યાર્થી માટેનો શાસ્ત્રપાઠ :**
ઉત. ૨૪:૧-૪, ૭, ૧૦-૩૧, ૫૭, ૫૯.

**૩. વાર્તાની શરૂઆત કરવા માટે :**
(૧) શું તમે કોઈ લગ્નમાં ગયા છો?
(૨) એ લગ્ન શું ખ્રિસ્તી લગ્ન હતું કે અન્યધર્મી?
(૩) શું ખ્રિસ્તી માણસના કુટુંબમાં અખ્રિસ્તી લગ્ન થવું જોઈએ?

આજે હું તમને એક વાત કહીશ, જેમાં એક માણસે પોતાના દીકરા માટે અન્યધર્મી લગ્ન કરવાની ના પાડી; અને મુશ્કેલીઓ હોવા છતાં ઈશ્વરની બીક રાખનાર કુટુંબમાંથી કન્યા લાવવાની વ્યવસ્થા કરી.

**૪. શીખવવા માટેના મુખ્ય મુદ્દા :**
(૧) ઈબ્રાહિમ પોતાના એક વિશ્વાસુ મુખ્ય નોકરને ઈશ્વરનો ડર રાખનાર લોકો પાસે પોતાના દીકરા માટે પત્ની લાવવા મોકલે છે (ઉત. ૨૪:૪,૫,૧૦).
(૨) લગ્ન અંગેની બધી જ વ્યવસ્થા પ્રાર્થના સહિત કરવામાં આવી હતી (ઉત. ૨૪:૧૨-૧૪, ૨૬, ૨૭, ૪૨-૪૮).
(૩) મુસાફરી (ઉત. ૨૪:૧૦) અને પ્રાર્થનાનો પ્રત્યુત્તર (ઉત. ૨૪:૧૫-૨૭). નોકર ઈશ્વરના આશીર્વાદસહિત તેના કાર્યમાં આગળ વધે છે (ઉત. ૨૪:૪૨-૬૦).

આનું પરિણામ એ આવ્યું કે ઈશ્વરે પસંદ કરેલી પત્ની ઈસ્હાક માટે મેળવી શકાઈ (ઉત. ૨૪:૬૧-૬૭).

**૫. વાર્તા પરથી મળતું આત્મિક શિક્ષણ :**

જે પ્રમાણે ઈબ્રાહિમ અન્યધર્મી સ્ત્રી લાવવાનું ના પાડે છે, તે જ પ્રમાણે તમે શું તમારાં બાળકો માટે કરશો? જો તે પ્રમાણે કરીશું તો જ તે લગ્નજીવન પર આપણે ઈશ્વરનો આશીર્વાદ મેળવી શકીશું.

**૬. મોઢે કરવાનું સોનેરી વચન :**

"અવિશ્વાસીઓની સાથે અઘટિત સંબંધ ન રાખો" (૨ કરિંથી ૬:૧૪).

**૭. વ્યક્તિગત લાગુકરણ :**

શું તમે ઈબ્રાહિમની માફક તમારાં બાળકો માટે અન્યધર્મી લગ્ન ટાળશો અને ઈશ્વરની દોરવણી માગી બધી લગ્નવ્યવસ્થા ખ્રિસ્તી રીત પ્રમાણે કરશો?

**૮. ગીત :**

*"દેવે નરનારીનું જોડું જોડિયું"* (ભ. સં. ગીત ૪૩૪).

# ૨૮. ઈશ્વરનો ન્યાય

**૧. શિક્ષકની તૈયારી માટેનો શાસ્ત્રપાઠ :**

લૂક ૩:૭; યોહાન ૩:૧૮, ૩૬; રોમન ૨:૨–૬; ૨ કરિંથી ૫:૧૦, ૧૧; હિબ્રૂ. ૨:૧–૩; પ્રકટીકરણ ૬:૧૨–૧૭; ૨૦:૧૧–૧૫; ૨૧:૮, ૨૭; ૨૨:૧૨.

**૨. વિદ્યાર્થી માટેનો શાસ્ત્રપાઠ :**

પ્રકટીકરણ ૨૦:૧૧–૧૫.

**૩. વાર્તાની શરૂઆત કરવા માટે :**

ધારો કે તમારે ન્યાયાધીશ આગળ કચેરીમાં હાજર થવાનું આવે અને તમને ખબર પડે કે ન્યાયાધીશ બિલકુલ પ્રામાણિક અને અદલ ઈન્સાફ કરનાર છે તો શું તમને આનંદ નહિ થાય? તો સાંભળો હું તમને જે ન્યાય થવાનો છે તે અદાલતનું દષ્ય રજૂ કરીશ, જેમાં જેમનો ન્યાય થવાનો છે તે દરેક વ્યકિત વિષે ન્યાયાધીશ સારું શું છે તે જાણે છે અને તેમના ન્યાયચૂકાદામાં કદી ભૂલ કરતા નથી.

**૪. શીખવવા માટેના મુખ્ય મુદ્દા :**

(૧) ઈશ્વરે તેમના એક શિષ્ય યોહાનને એક દર્શન આપ્યું, જેમાં છેલ્લા ન્યાયના દિવસે જે થવાનું છે તે જણાવ્યું. યોહાને એક મોટું શ્વેત ન્યાયાસન જેના પર ઈશ્વર બેઠેલા છે તે જોયું . તે ઉપરાંત દરેક મૃત પામેલી નાની કે મોટી વ્યકિત પોતે જીવન દરમિયાન જે કૃત્યો કરેલાં છે તેનો ન્યાય કરવામાં આવે માટે ઊભી રહેલી જોઈ (પ્રકટીકરણ ૨૦:૧૧, ૧૨).

(૨) દરેક સ્ત્રી અને પુરુષે જીવન દરમિયાન જે કૃત્યો કરેલાં છે તે ઈશ્વરે સ્વર્ગમાં પોતાના પુસ્તકોમાં નોંધેલાં છે. યોહાને આ પુસ્તકો ન્યાય માટે લાવવામાં અને ઉઘાડવામાં આવતાં જોયાં (પ્રકટીકરણ ૨૦:૧૧–૧૩).

(૩) સ્વર્ગમાં ઈશ્વર પાસે બીજું એક પુસ્તક છે જેને "જીવનનું પુસ્તક" કહેવામાં આવે છે. જેઓએ પ્રભુ ઈસુ ખ્રિસ્તનો પોતાના અંગત તારનાર તરીકે સ્વીકાર કર્યો છે તેમનાં નામ આ પુસ્તકમાં નોંધાયેલાં છે. જ્યારે ન્યાયચૂકાદો પૂરો થશે અને જેમનાં નામ આ જીવનના પુસ્તકમાં નહિ હોય તેમને અગ્નિની ખાઈમાં નાખવામાં આવશે, જે બીજું મરણ છે (પ્રકટીકરણ ૨૦:૧૨, ૧૫).

**૫. વાર્તા પરથી મળતું આત્મિક શિક્ષણ :**

ઈશ્વરનાં વચનો શીખવે છે કે જેઓએ પાપમાં જીવન જીવવાનું ચાલુ રાખ્યું અને પ્રભુ ઈસુ ખ્રિસ્તને પોતાના તારનાર તરીકે સ્વીકારવાની ના પાડી છે તેઓ માટે ભયંકર ન્યાય નક્કી છે. તેઓ નર્કની આ ચોક્કસ અને સખત શિક્ષામાંથી છટકી શકશે જ નહિ.

**૬. મોઢે કરવાનું સોનેરી વચન :**

"કેમ કે દરેકે શરીરમાં રહીને જે જે ભલું કે ભૂંડું કર્યું હશે તે પ્રમાણે ફળ પામવાને આપણ સર્વેને ખ્રિસ્તના ન્યાયાસન આગળ પ્રગટ થવું પડશે" (૨ કરિંથી. ૫:૧૦).

**૭. વ્યક્તિગત લાગુકરણ :**

શું તમે પ્રભુ ઈસુ ખ્રિસ્તને તમારા અંગત તારનાર તરીકે સ્વીકાર્યા છે? શું તમે જાણો છો કે તમારું નામ જીવનના પુસ્તકમાં નોંધાયેલું છે? જો તે વિષે ખાતરી હોય તો આવનાર ન્યાયના દિવસની તમને કોઈ બીક હશે નહિ. જો પ્રભુને તમે ન સ્વીકાર્યા હોય તો શું હાલ જ તેમને તારનાર તરીકે સ્વીકારશો?

**૮. ગીત : *"ખ્રિસ્ત તો આવશે"* (ભ. સં. ગીત ૧૪૦)**

નોંધ : *(શિક્ષકની દોરવણી માટે)* પાપ માટેનો ઈશ્વરનો ન્યાયચૂકાદો અચૂક છે. તેમાંથી કોઈ પણ છટકી શકશે નહિ. તોપણ એક માર્ગ ખુલ્લો છે જે વડે પાપી બચી જઈ શકે છે, કારણ કે ખ્રિસ્તે આપણા વતી વધસ્તંભે જડાઈ તે પાપ તેમના શીર લીધાં છે.

# ૨૯. અગ્નિની ભઠ્ઠીમાં ત્રણ જુવાન

**૧. શિક્ષકની તૈયારી માટેનો શાસ્ત્રપાઠ :**
દાનિયેલ ૩:૧-૩૦

**૨. વિદ્યાર્થી માટેનો શાસ્ત્રપાઠ :**
દાનિયેલ ૩:૧૪,૧૬-૧૮, ૨૧, ૨૪, ૨૫.

**૩. વાર્તાની શરૂઆત કરવા માટે :**

(૧) તમારા કોઈ મિત્રો અગર સગાંની વિરૂધ્ધ જુદો અભિપ્રાય ધરાવતા હો અને સત્યને કારણે તમારો વિરોધ કરવામાં આવે તો શું ઈશ્વરને માટે તમે દઢ રહ્યા છો?

(૨) આવી સાક્ષીને કારણે શું તમારે સહન કરવું પડ્યું છે? આજે હું તમને ત્રણ જુવાનો વિષે વાત કહીશ, જેઓ સાચી સાક્ષી આપી ઈશ્વરના પક્ષે ઊભા રહ્યા, જો કે તેઓને ખબર હતી કે તેમ કરવાથી તેમની જિંદગી જોખમમાં છે.

**૪. શીખવવા માટેના મુખ્ય મુદ્દા :**

(૧) વિધર્મી રાજાની આજ્ઞા હતી કે તેણે ઊભી કરેલી ભવ્ય મૂર્તિનું દરેક ભજન કરે (દાનિયેલ ૩:૪-૬).

(૨) દાનિયેલના ત્રણ મિત્રોએ તેમને શું થશે તે જાણવા છતાં બહાદૂરીથી તે આજ્ઞાનો ભંગ કર્યો (દાનિયેલ ૩:૧૬-૧૮).

(૩) તેઓને જીવતા સળગાવી દેવામાં આવે માટે બળતી ભઠ્ઠીમાં ફેંકવામાં આવે છે (દાનિયેલ ૩:૧૯-૨૧).

(૪) પ્રભુ ઈસુ અગ્નિમાં તેમની સાથે હતા અને તેમને બચાવે છે (દાનિયેલ ૩:૨૫).

**૫. વાર્તા પરથી મળતું આત્મિક શિક્ષણ :**

જીવનના જોખમે ઈશ્વર માટે બહાદૂરીથી સાક્ષી આપવાનું સાહસ આ ત્રણ જુવાનો સ્વીકારે છે. તે જ પ્રમાણે જો આપણે ખ્રિસ્તને માટે કોઈ પણ જોખમ સહેવા તૈયાર હોઈશું તો ઈશ્વર આપણને હિંમત આપશે જ.

**૬. મોઢે કરવાનું સોનેરી વચન :**

"તારે જે જે સહન કરવું પડશે, તેનાથી બીતો ના... તું મરણ પર્યંત વિશ્વાસુ થઈ રહે, અને હું તને જીવનનો મુગટ આપીશ" (પ્રકટીકરણ ૨:૧૦).

**૭. વ્યક્તિગત લાગુકરણ :**

તમે કોઈ પણ જોખમે ઈશ્વર માટે ઊભા રહી સાક્ષી આપી શકો માટે જરૂરી શકિત અને હિંમત મેળવવા પ્રાર્થના કરશો?

**૮. ગીત :**

*"પરમેશ્વર બોલાવે, આવો રે"* (ભ. સં. ગીત ૨૬૮) .

# ૩૦. દશાંશ આપવા સંબંધી

**૧. શિક્ષકની તૈયારી માટેનો શાસ્ત્રપાઠ :**
પ્રે. કૃ. ૧૬: ૯–૧૫; ૨ કરિંથી ૮:૧–૨૪; ૯:૧–૧૫.

**૨. વિદ્યાર્થી માટેનો શાસ્ત્રપાઠ :**
૨ કરિંથી ૮:૧–૫.

**૩. વાર્તાની શરૂઆત કરવા માટે :**
(૧) ઈશ્વર, જે આપણને ભરપૂરતાંથી આપે છે; તેમને શું તમે કાંઈ આપો છો?
(૨) ઈશ્વરને આપણે શું શું આપી શકીએ?
(૩) ઈશ્વરને આપવા શું તમારી પાસે કોઈ વ્યકિતગત યોજના છે કે પછી તમે મરજીમાં આવે તેમ ગમે તેમ આપો છો?

૪. શીખવવા માટેના મુખ્ય મુદ્દા :
(૧) પાઉલ તેના કેટલાક મિત્રો સાથે મુસાફરીમાં છે. તેઓ મકોદોનિયા નામના શહેરમાં આવે છે (પ્રે. કૃ. ૧૬:૯–૧૨).
(૨) વિશ્રામવારના દિવસે તેઓ શહેરની બહાર નદીના કિનારે પ્રાર્થનાસ્થાને ગયા. ત્યાં જે સ્ત્રીઓ ભેગી મળેલી હતી તેઓને તેમણે સુવાર્તા પ્રગટ કરી (પ્રે. કૃ. ૧૬:૧૩).
(૩) તેમાંની એક સ્ત્રીએ તેનું હૃદય ખોલ્યું અને પ્રભુ ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કર્યો; અને તે તથા તેના કુટુંબનાં બધાં બાપ્તિસ્મા પામ્યાં. તે બાદ બીજાઓનું પણ બદલાણ થયું અને તેમણે બાપ્તિસ્મા લીધું. ત્યાં એક મંડળી સ્થાપવામાં આવી (પ્રે. કૃ. ૧૬:૧૪, ૧૫, ૩૦–૩૪, ૪૦).

(૪) આ નવી મંડળીમાં કેવા પ્રકારના ખ્રિસ્તીઓ હતા? (૨ કરિંથી ૮:૧-૫).

(અ) પ્રથમ તો તેઓએ ઈશ્વરને પોતાના જીવનનું સંપૂર્ણ સ્વાર્પણ કર્યું.

(બ) જો કે તેઓ મોટી મુશ્કેલીમાંથી પસાર થઈ રહ્યા હતા અને ઘણા ગરીબ હતા, તોપણ ખૂબ જ ઉદારતા અને પુષ્કળ આનંદથી તેઓ પાસે જે કાંઈ હતું તેમાંથી ઈશ્વરને આપ્યું.

(ક) તેઓની ઉદારતાને કારણે તેઓ બીજાને ઉત્તેજનરૂપ થઈ ઘણા જાણીતા થયા.

**૫. વાર્તા પરથી મળતું આત્મિક શિક્ષણ :**

આ બધા ખ્રિસ્તીઓએ સૌ પ્રથમ ઈશ્વરને પોતાના જીવનનું સંપૂર્ણ સ્વાર્પણ કર્યું; તે પછી ખૂબ ગરીબ હોવા છતાં ઈશ્વરના કાર્ય માટે ઉદારતાથી આપ્યું. તે જ પ્રમાણે આપણે પણ સંપૂર્ણ રીતે પ્રભુને સોંપાઈ જવું જોઈએ અને ઓછામાં ઓછું આપણી આવકનો દસમો ભાગ ઈશ્વરને આપવો જોઈએ.

**૬. મોઢે કરવાનું સોનેરી વચન :**

"અને જે તું મને આપશે તે સર્વનો દશાંશ હું તને ખચીત આપીશ" (ઉત. ૨૮:૨૨).

**૭. વ્યક્તિગત લાગુકરણ :**

શું તમે તમારું જીવન પ્રભુને સંપૂર્ણપણે સોંપ્યું છે? શું તમારી કમાણીમાંથી ઓછામાં ઓછો દશમો ભાગ આનંદ અને ઉદારતાથી પ્રભુને આપવા રાજી છો?

**૮. ગીત :**

*"તન, મન, ધન, પ્રભુ તું જ ચરણે"* (ભ. સં. ગીત ૩૨૯).

# ૩૧. ઈશ્વરનું કુટુંબ

**શાસ્ત્રપાઠ :**

એફેસી ૩:૧૪-૧૬, ૨:૧૯

સાચા ખ્રિસ્તી હોવાને કારણે આપણને ઘણા આશીર્વાદ પ્રાપ્ત થાય છે. પ્રભુ ઈસુ ખ્રિસ્ત વ્યકિતગત રીતે આપણા ઉધ્ધારક અને મિત્ર બને છે. પાપોની માફી મળવાથી હૃદયને શાંતિ મળે છે અને પ્રાર્થના દ્વારા પ્રભુ પાસે જવાનો માર્ગ મોકળો બને છે, વગેરે. તે ઉપરાંત એક મોટો આશીર્વાદ એ મળે છે કે આપણે ઈશ્વરના કુટુંબનાં સભ્ય બનીએ છીએ.

૧. **ઈશ્વરનું આ કુટુંબ એટલે શું? તેમાં કેવા પ્રકારના સગપણનો સંબંધ જોવા મળે છે?**

(૧) ઈશ્વર આપણા પિતા છે (માથ્થી. ૨૩:૯); ખ્રિસ્ત આપણા વડીલ ભાઈ છે (રોમન ૮:૨૯; હિબ્રૂ. ૨:૧૧, ૧૨); અને આપણ બધાં અરસપરસ ભાઈઓ અને બહેનો છીએ (માથ્થી. ૨૩:૮).

(૨) આ કુટુંબનું લક્ષણ શું હોવું જોઈએ? પ્રેમ, એકતા અને અરસપરસ સહાય. ઈશ્વરના કુટુંબમાં શું આપણે એ પ્રમાણે વર્તીએ છીએ? (૧ પિતર ૧:૨૨; હિબ્રૂ. ૧૩:૧).

૨. **કૌટુંબિક સામ્યતા અથવા સમાનતા :**

રોમન ૮:૨૯; ૧ કરિંથી. ૩:૧૮.

આ ગુણ આપણે જગિક અથવા માનવી કુટુંબોમાં જોઈએ છીએ. માબાપ અને ભાઈબહેનોના ચહેરા પરથી તેમની સામ્યતા આપણે જોઈ શકીએ છીએ. શું આપણે આપણા સ્વર્ગીય પિતાના જેવાં છીએ? શું આપણે વડીલ ભાઈ ઈસુ ખ્રિસ્ત જેવાં છીએ?

પવિત્ર આત્મા આપણને તે પ્રમાણે એટલે ખ્રિસ્ત જેવાં થવા ઈચ્છે છે. શું આપણે પ્રભુને પ્રાર્થીશું કે તેઓ આપણને તેવાં કરે?

**૩. કૌટુંબિક પ્રાર્થના:** માથ્થી ૬:૯–૧૩.

આપણે બધાં પ્રભુએ શીખવેલી આ પ્રાર્થના શીખ્યાં છીએ. આપણે તેને પ્રભુની પ્રાર્થના કહીએ છીએ અને તે તે પ્રમાણે જ છે, કારણ કે ઈસુ ખ્રિસ્તે તેમના શિષ્યોને તે શીખવી હતી. આ જ પ્રાર્થના કુટુંબનાં દરેક સભ્યો માટે છે. આપણે તે પ્રાર્થનાની શરૂઆત "અમારા બાપ" થી કરીએ છીએ. જે લોકોનો નવો જન્મ થયેલો છે અને ઈશ્વરના કુટુંબમાં જન્મેલાં છે તેઓ જ સાચા અર્થમાં ઈશ્વરને બાપ કહીને સંબોધી શકે છે.

**૪. કૌટુંબિક ભોજન:**

જેઓ ઈશ્વરના કુટુંબમાં આત્મિક રીતે વૃધ્ધિ પામી રહ્યાં છે અને હવે "બાળકો" જેવાં રહ્યાં નથી તેઓને જ આ કૌટુંબિક ભોજન, જે પ્રભુ ઈસુ ખ્રિસ્તના મૃત્યુની યાદગીરીમાં લેવામાં આવે છે, તેમાં ભાગ લેવા અને પ્રભુ ફરીથી આવનાર છે તે યાદ કરાવવા આમંત્રણ આપવામાં આવે છે. વળી તે એકતા દર્શાવનાર ભોજન છેક ખ્રિસ્ત અને અન્ય સભ્યો સાથે એકતા દર્શાવનારૂં પ્રતીક છે.

(૧ કરિંથી ૧૧:૨૩–૨૬; ૧૨:૧૨, ૨૭).

**૫. કૌટુંબિક કામકાજ કે ધંધો : ૨ કરિંથી ૬:૧**

ભારતમાં મોટા ભાગે કુટુંબના બધા સભ્યો એક કામકાજમાં રોકાયેલા હોય છે. જો પિતા ખેડૂત હોય તો કુટુંબના સભ્યો ખેતીકામમાં ભાગીદાર થાય છે. કુટુંબના વડીલ ભાઈ–પ્રભુ ઈસુ ખ્રિસ્ત જ્યારે જુવાન છોકરા હતા ત્યારે તેમણે આ શબ્દો ઉચ્ચાર્યા, "મારે મારા બાપના કાર્યમાં (ધંધામાં) હોવું જોઈએ" (લૂક ૨:૪૯). ઈશ્વર ઈચ્છે છે કે તેમના કુટુંબનાં સભ્યો તરીકે આપણે પણ તેમના ધંધામાં હોવું જોઈએ.

**ઈશ્વરનું કાર્ય શું છે?**

ઈસુ જે ઈશ્વરપિતાના એક વહાલા પુત્ર હતા તે સ્વર્ગમાંથી નીચે પૃથ્વી પર આવ્યા, એ માટે કે તેઓ ઘણા લોકની ખંડણીને માટે પોતાનો જીવ આપે (માથ્થી ૨૦:૨૮). વળી લૂક ૧૯:૧૦ માં આ પ્રમાણે આપણે જોઈએ છીએ, "ખોવાયેલું શોધવા તથા તારવા સારૂ માણસનો દીકરો આવ્યો છે." ઈશ્વર તેમના કુટુંબના દરેક સભ્ય પાસે એવી અપેક્ષા રાખે છે કે તેઓ તેમના કાર્યમાં ભાગીદાર થાય. તે એવી રીતે કરી શકાય કે તેમના તારણના મહાન શુભસમાચાર પૃથ્વીનાં સર્વ લોકો જાણે. આની શરૂઆત આપણા પોતાના મિત્રો અને કુટુંબીજનોથી થઈ શકે. પ્રભુ ઈસુ આપણને કહે છે, "તમે મારી સાથે કામ કરનારા થાઓ " (૨ કરિંથી ૬:૧). શું તમે આ વિષે સભાન છો ? શું તમે ઈશ્વરનું કાર્ય કરવા કશું કરો છો ?

**૬. કૌટુંબિક રજીસ્ટર :**

જીવનનું પુસ્તક (ફિલિપી ૪:૩; હિબ્રૂ. ૧૨:૨૩).

મોટા ભાગે કુટુંબના વડા કુટુંબના દરેક સભ્યનાં નામ, જન્મતારીખ, વગેરેની નોંધ રાખે છે. શું તમારું નામ ઈશ્વરના કુટુંબના સભ્ય તરીકે જીવનના પુસ્તકમાં નોંધાયેલું છે?

**૭. કૌટુંબિક ઘર :**

યોહાન ૧૪:૨, ૩.

ઈશ્વરના ઘરમાં આપણા વડીલ ભાઈ પ્રભુ ઈસુ ખ્રિસ્ત દરેકના માટે જગા તૈયાર કરે છે. આ ઘર શાના જેવું હશે? બાઈબલ આપણને તેની પવિત્રતા, સુંદરતા અને ત્યાં મળનાર આનંદ વિષે કહે છે. જે લોકો પ્રભુમાં મૃત્યુ પામે છે તેમને મરણની બીક લાગતી નથી, કારણ કે, તેઓ જાણે છે કે તેઓ અનંત વિશ્રામમાં પ્રવેશ કરનાર છે (૧ થેસ્સા. ૪:૧૩-૧૮). કુટુંબનાં બધાં સભ્યો એક દિવસે સાથે મળશે અને સદાકાળ માટે સાથે રહેશે.

**૮. ૧. આ સ્વર્ગીય કુટુંબમાં કેવી રીતે પ્રવેશ મળી શકે?**

(અ) પ્રભુનો સ્વીકાર કરીને (યોહાન ૧:૧૨; ૧ પિતર ૧:૨૩).

(બ) બાપ્તિસ્મા દ્વારા તેમને કબૂલ કરીને (માથ્થી ૨૮:૧૯; પ્રે. કૃ. ૨:૩૮).

જો તમે આ બે બાબતો કરશો તો ઈશ્વરના મહાન કુટુંબના સાચા સભ્ય થઈ શકશો.

**૨. કુટુંબના સભ્ય તરીકે કઈ જવાબદારી અદા કરવી પડે?**

"તમો તેઓમાંથી નીકળી આવો, અને અલગ થાઓ.... મલિન વસ્તુને અડશો મા; હું તમારો પિતા થઈશ અને તમે મારાં દીકરા-દીકરીઓ થશો, એ પ્રમાણે સર્વશકિતમાન પ્રભુ કહે છે" (૨ કરિંથી ૬:૧૭, ૧૮).

આનો અર્થ એ કે પાપ અને મૂર્તિપૂજાથી અલગ થાઓ.

**૯. ગીત :**

*"આત્મિક શણગાર સજો, વીરલા રે"* (ભ. સં. ગીત ૩૮૬).

# પ્રત્યેક વ્યક્તિ વધારાશની બીજી વ્યક્તિઓને શીખવે

આપણે દરેક હૃદયથી એવું ઈચ્છીએ છીએ કે દરેક ખ્રિસ્તી વ્યકિત આત્મા જીતનાર બને. અનુભવે અમને જણાયું છે કે લાગુકરણ સાથેની વાર્તાઓ ગ્રામ્ય મંડળીઓમાં આ દિશામાં વધુ શક્યતાઓ ઊભી કરે છે. જે તેઓ શીખ્યા છે તે બીજાઓને કહે માટે તેમને ઉત્તેજન આપો.

એ કહેવાની જરૂર નથી કે શિક્ષકે અહીં જે રૂપરેખા અથવા માળખું આપ્યું છે તે વિદ્યાર્થી આગળ ખાલી વાંચી જવાનું નથી. તે તો ફકત શિક્ષકોની પાઠ તૈયારીમાં મદદરૂપ થવા અને દોરવણી માટે જ છે. શિક્ષકે તેમનો શાસ્ત્રપાઠ ઘેર બરાબર વાંચી જવો જોઈએ.

**નોંધ : (શિક્ષકની દોરવણી માટે)**

કેટલીક જગાએ વાર્તા પૂરી થતાં શિક્ષકની દોરવણી માટેની નોંધ તમે જોશો. વાર્તામાં આવતું આત્મિક શિક્ષણ વિદ્યાર્થી રોજબરોજના જીવનમાં ઉતારે તે જોવું જોઈએ.

શરૂમાં શિક્ષકને તેણે તૈયાર કરવાનો શાસ્ત્રપાઠ અને માળખું જરા અઘરૂં લાગશે અને તેને એમ લાગશે કે આ બોજરૂપ અને મુશ્કેલ છે. તોપણ અમે ખાતરીથી જણાવીએ છીએ કે ખંતથી કાર્ય કર્યે જતાં પાછળથી તેને પધ્ધતિની અગત્યતા સમજાશે. તેને તે પછી જણાશે કે તે ચોક્કસ શિક્ષણ વિદ્યાર્થીઓને આપી શકશે. તેનામાં નવી આશા, વિશ્વાસ અને આનંદ આવશે.

# આત્માઓ જીતનાર વ્યક્તિને શિક્ષણ

આપણે જેઓ ગ્રામ્ય મંડળીઓમાં કાર્ય કરીએ છીએ તે કામ ગમે એટલું સારું હોય તોપણ આપણે સતત ધ્યાન રાખવાનું છે કે આખરી ધ્યેય ફક્ત બાઈબલની વાર્તા કહેવાનો જ નથી, પરંતુ પુરુષ, સ્ત્રી અને બાળક પ્રભુ ઈસુ ખ્રિસ્તના વ્યક્તિગત સંબંધ અને અનુભવમાં આવી તેમને પોતાના મિત્ર અને ઉધ્ધારક તરીકે સ્વીકારે તે છે. જેઓ બીજાને શીખવવા આગળ આવે છે તેમના માટે તાલીમ વર્ગ ચલાવવા ઘણા જરૂરી છે. અમે પોતે સાથે શીખ્યાં છીએ, લખ્યું છે અને અનુભવ્યું છે કે આવા શિક્ષણ મારફતે જ લોકોને ખ્રિસ્ત તરફ દોરવાનું સરળ બને છે. તે પછી જ બહાર જઈને અમે શિક્ષણ આપેલું છે.

"તારણનો માર્ગ" એ વિષય પર તમને સાદી અને સ્પષ્ટ રૂપરેખા પાછળના ભાગમાં જોવા મળશે. આ રીતથી ફક્ત ઓછું ભણેલા લોકોને જ નહિ, પરંતુ સર્વને પ્રભુ ઈસુ ખ્રિસ્તનો સ્વીકાર કરવા ચોક્કસ માર્ગે દોરી જઈ શકીએ.

# નમૂનાનો પાઠ

બાઈબલની વાર્તાનું માળખું જેટલું બને તેટલું સરળ અને સાદું બનાવ્યું છે. તેથી નવો કાર્યકર્તા તથા ઓછું ભણેલો પણ લાભ ઉઠાવી શકે. રૂપરેખા તેના હાથમાં મૂકવાથી કાર્ય પૂરૂં થતું નથી,પરંતુ તે વ્યવસ્થિત રીતે તેનો અનુભવ કરવો અતિ જરૂરી છે.

અમારા અનુભવે અમને જણાયું છે કે દર અઠવાડિયે એક પાઠ શીખવવો તે પછી બીજો એવું જરૂરી નથી. તેનાથી શીખનાર કેટલીક વખત પૂરેપૂરું સમજતો નથી અને ગુંચવાઈ જવાનો સંભવ રહે છે. તેથી એક જ પાઠ બીજા રવિવારે બરાબર રીતે શીખવવામાં જરાપણ વાંધો નથી. તેઓ આત્મિક શિક્ષણ મેળવી વ્યકિતગત રીતે તેમના જીવનમાં લાગુ કરે એ ખૂબ જરૂરી છે. વળી જે ગીત તેઓ શીખ્યા તે વધુ ને વધુ વખત ગાશે તો લાભદાયી નીવડશે. જો એ વિસ્તારમાં બીજા કાર્યકરો હોય અને જો તેઓ મહિનામાં એકાદ વાર, જેમકે પોતાનો પગાર લેવા એકઠા થાય ત્યારે, પાઠની રૂપરેખા બધા સાથે મળીને વિચારશે તો શીખવવામાં વધુ સરળતા પડશે. કાર્યકરોને ખાસ વિનંતિ કરવામાં આવે છે કે તેમણે બાઈબલનાં સત્યોને જ હમેશાં વળગી રહેવું. દુર્મત અથવા ખોટા શિક્ષણને જરાપણ ઉત્તેજન ન આપવું. જો એવું થાય તો પાછળથી તેને સુધારવાનું મુશ્કેલ પડે છે.

# દેખરેખ

બાઈબલની વાર્તા કહેવામાં એક બીજી બાબત પણ અગત્યની છે, જેથી શિક્ષણમાં સફળતા મળે; તે છે દેખરેખ. અનુકૂળ સમયે મૂખ્ય પાળક અથવા દેખરેખ રાખવા માટે નિમાયેલી વ્યકિત જુદા જુદા વર્ગોમાં જઈને જે શિક્ષણ આપવામાં આવે છે તે પધ્ધતિસર અને પ્રેક્ષકોને પ્રભુ પાસે લાવવામાં મદદરૂપ થાય તે પ્રમાણે છે કે નહિ તે જાણી શકે. આમાં વાર્તા, મોઢે કરવાનું સોનેરી વચન અને ગીત તેઓ બરાબર શીખ્યા છે કે નહિ તેની ખબર પડશે. આ દેખરેખનું કાર્ય કુશળતા અને સાવચેતીથી કરવાનું છે. શિક્ષકને જો કોઈ સુચનો આપવાનાં હોય તો પ્રેમથી વ્યકિતગત રીતે આપવાં, બીજાંની હાજરીમાં નહિ.

# સાદા સવાલ-જવાબ, બાઈબલની ૩૬ કલમો અને સાદી અને ટૂંકી પ્રાર્થનાઓ :

આ વાર્તાઓ સાથે સવાલ-જવાબના રૂપમાં જરૂરી શિક્ષણ વિભાગ અમે ઉમેર્યો છે. આ અમને અતિ ઉપયોગી માલૂમ પડ્યો છે, કારણ તે સાદો અને ટૂંકો છે.

વાર્તાઓ ઉપરાંત ૩૬ કલમો-સોનેરી વચનોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. શોધકો , વિશ્વાસુઓ અને બાળકો તે મોઢે કરશે તો આત્મિક વૃધ્ધિમાં ઘણું મદદરૂપ થશે.

સવાર, સાંજ, જમતી વખતની અને તે પછીની પ્રાર્થના ટૂંકી હોવાથી પ્રેક્ષકને પ્રાર્થના કેવી રીતે કરવી તે શીખવવું સરળ પડશે. આ વિચારો નવા વિશ્વાસુઓને પ્રાર્થના કરવાની ટેવ પડે તે માટેના છે. અમે અનુભવે જોયું છે કે ઘણા લોકો પ્રાર્થના કરતાં ક્ષોભ અનુભવે છે. અમે તેમને પ્રાર્થના કરવાની ટેવ પાડવા અને તેમના સાદા શબ્દોમાં ઈશ્વર સાથે બોલવા ઉત્તેજન આપ્યું છે. જે પ્રમાણે તમે મિત્રો સાથે બોલો તેમ જ પ્રાર્થના એ ઈશ્વર સાથેની વાતચીત છે.

# ગીતો

ઈશ્વરકૃપાએ ગુજરાતીમાં, વિશેષ કરીને ખ્રિસ્તી ભજન સંગ્રહમાં ઘણાં ગીતો છે, જેમાંનાં કેટલાંક ગામડાંની મંડળીઓમાં સહેલાઈથી ગાઈ શકાય એવાં છે. અગાઉ જણાવ્યું તે પ્રમાણે તેનો ઉપયોગ કરશો અને ફેરફાર કરવાનું લાગે તો કરી શકશો. પ્રેક્ષકો ગીતો મોઢે કરશે તો આત્મિક શિક્ષણનો અર્થ સમજી શકશે અને જીવનમાં તે લાગુ કરી શકશે. મોટા ભાગનાં એવાં ગીતો પસંદ કરવામાં આવ્યાં છે જે આપણા સરળ રાગોમાં ગવાય એવાં છે.

## પવિત્ર શાસ્ત્રમાં શું લખેલું છે તે તપાસો :

કાળો રંગ : **પાપી હૃદય :**
રૂમીઓને પત્ર ૩:૧૦, ૨૩; ૧ યોહાન ૧:૮;
યિર્મેયાહ ૧૭:૯; યશાયાહ ૫૯:૨, ૩.

ઓ દેવ, હું પાપી છું, મારા પર દયા કર. લુક ૧૮:૧૩.

♦

લાલ રંગ : **શુદ્ધ કરનાર લોહી :**
હેબ્રીઓને પત્ર ૯:૨૨; ૧ યોહાન ૧:૭;
૧ પીતર ૧:૧૮, ૧૯; ૨:૨૪; પ્રકટીકરણ ૫:૯.

ખ્રિસ્ત આપણે સારુ મરણ પામ્યો. રૂમીઓને પત્ર ૫:૮.

♦

ધોળો રંગ : **શુદ્ધ થયેલું હૃદય :**
ગીતશાસ્ત્ર ૫૧:૭; ૧ યોહાન ૧:૯; હેબ્રીઓને પત્ર
૯:૧૪; ૧ પીતર ૧:૧૫, ૧૬.

હે દેવ, મારામાં શુદ્ધ હૃદય ઉત્પન્ન કર.
ગીતશાસ્ત્ર ૫૧:૧૦.

♦

સોનેરી રંગ : **ઈશ્વર સાથેનું જીવન :**
યોહાન ૧૭:૨૪; ૨ કોરીંથી. ૩:૧૮;
પ્રકટીકરણ ૨૨:૩, ૪; રૂમીઓને પત્ર ૮:૧૮.

અમે સદા પ્રભુની સાથે રહીશું. ૧ થેસ્સા ૪:૧૭.

## તારણનો માર્ગ (શબ્દ વગરના પુસ્તકમાં જણાવ્યા પ્રમાણે):

**નોંધ :** ઈશ્વરના મહાન તારણ વિષે સમજૂતી આપવા તથા ગામડાંના શોધકો તથા ખ્રિસ્તીઓને મદદરૂપ થવા શબ્દ વગરનું પુસ્તક અમને ઘણું કિમતી માલૂમ પડ્યું છે. દરેક ખ્રિસ્તી કાર્યકર પાસે તેની નકલ હોવી જોઈએ અને હમેશાં તેનો ઉપયોગ કરવો જોઈએ.

આ નાનું પુસ્તક ફકત ચાર જુદા જુદા રંગના કાગળો જ છે. તેમાં લખાણ છે જ નહિ. આ રંગો કાળો, લાલ, ધોળો, અને સોનેરી છે. અભણ લોકોમાં કાર્ય કરતાં તે ખાસ મદદરૂપ થાય છે.

જે કાર્યકર્તાઓ આ વિષે જાણતા નથી અથવા જેમણે તેનો ક્યારેય ઉપયોગ કર્યો નથી તેમને ઉપયોગી થવા તે પુસ્તકની ટૂંક રૂપરેખા નીચે પ્રમાણે આપીએ છીએ:

**૧. કાળા રંગનો કાગળ**

અંધકાર અને પાપનું ચિત્ર ખડું કરે છે. આપણે પાપ કર્યું હોવાથી તે રંગ પાપી હૃદય દર્શાવે છે. "કારણ કે સઘળાએ પાપ કર્યું છે, અને ઈશ્વરના મહિમા વિષે સઘળા અધૂરા રહે છે" (રોમન ૩:૧૦, ૨૩). ૧ યોહાન ૧:૮; યશાયા ૫૯: ૨, ૩; યર્મિયા ૧૭ :૯ માં આવો જ વિચાર છે. પાપ કયાં કયાં છે તે વિદ્યાર્થીઓને પૂછો. આવાં પાપ દરેક કરે છે, તેવું શીખવો. "ઓ ઈશ્વર, હું પાપી છું, મારા પર દયા કરો" (લૂક ૧૮:૧૩).

**૨. લાલ રંગનો કાગળ :**

ઈશ્વરે પોતે માર્ગ તૈયાર કર્યો છે. એ એવો માર્ગ છે જેથી આપણાં કાળાં એટલે અશુધ્ધ હૃદયો શુધ્ધ થઈ શકે છે. "ઈસુનું રકત આપણને સઘળાં પાપથી શુધ્ધ કરે છે" (૧ યોહાન ૧:૭). આ દ્વારા ઈશ્વરની સંગતમાં અને સંબંધમાં આપણે આવી શકીએ છીએ. શું તમે તે પ્રમાણે ઈચ્છો છો ? આપણે પ્રાર્થીએ કે પ્રભુ ઈસુ ખ્રિસ્ત જેમણે પોતાનું રકત કાલવરીના વધસ્તંભ પર વહેવડાવ્યું તેમાં નાહીને આપણાં પાપી અને કાળાં હૃદયોને શુધ્ધ અને ઉજળાં બનાવીએ.

**૩. ધોળા રંગનો કાગળ :**

ઈશ્વર તો શુધ્ધ અને પવિત્ર છે. તેમની પાસે આપણે કેવી રીતે જઈ શકીએ; કારણ અજવાળાને અંધકારની સાથે શી સંગત હોય? (૨ કરિંથી ૬:૧૪). શું આપણે આપણાં હૃદયો શુધ્ધ અને સફેદ કરી શકીએ છીએ? (નીતિવચન ૨૦:૯). હા, ઈસુ ખ્રિસ્તના રકતથી. તેમના રકતમાં નાહીને આપણે શુધ્ધ બની શકીએ છીએ.

**૪. સોનેરી રંગનો કાગળ :**

સ્વર્ગમાંથી જે મહિમા આવનાર છે તે સોનેરી રંગ સુચવે છે. પરંતુ આપણે પ્રભુને મસીહ તારણહાર તરીકે સ્વીકારેલ હોવા જોઈએ. આપણી પ્રાર્થના નીચે મુજબ હોઈ શકે. "ઓ પ્રભુ ઈસુ, મારૂં કાળું હૃદય લઈ લો , મને તમારા લાલ લોહીમાં ધોઈ શુધ્ધ કરી શુધ્ધ અને સફેદ હૃદય આપો." આ સાદી અને ટૂંકી પ્રાર્થના સાચા હૃદયથી આપણે કરીશું તો ઈશ્વર આપણી પ્રાર્થના સાંભળે છે અને તેનો જવાબ આપે છે. આ પ્રાર્થના મારફતે ઘણાં પુરુષો, સ્ત્રીઓ અને બાળકોનો ઈશ્વર સાથે મેળાપ થયો છે અને તેઓ ૨ કરિંથી ૫:૧૭ પ્રમાણે ઈસુ ખ્રિસ્ત માં નવી ઉત્પત્તિ થયાં છે. અમારી એ અંત:કરણની પ્રાર્થના છે કે બીજાં પણ આ પ્રાર્થના પોતાની બનાવે અને અંધકારમાંથી અજવાળામાં આવે.

# ગામના આગેવાન અને નવા વિશ્વાસુઓ માટે શિક્ષણ:

૧. મંડળીમાં દાખલ કરતાં પહેલાં નીચે આપેલા સવાલ–જવાબો તેમણે શીખ્યા હોવા જોઈએ.
૨. તેઓને એ પણ શિક્ષણ આપવું પડશે કે જે રીતરિવાજો ખ્રિસ્તી ધર્મના વિશ્વાસથી વિરૂધ્ધ છે તે તેમણે તજી દેવા જ પડશે.
૩. તેમને વધુમાં શિક્ષણ આપવું કે તેમનાં ઘર, કપડાં અને શરીર ચોકખાં રાખે.
૪. જે સ્થળે નવા સભ્યને મંડળીમાં લેવામાં આવે તે સાફ કરેલું અને શક્ય હોય તો સાદી રીતે શણગારેલું હોવું જોઈએ.

**શરૂઆતમાં નીચેની આઠ વાર્તાઓ તેમને શીખવવાની અમારી ભલામણ છે.**

૧. આદમ અને હવા.
૨. પ્રભુ ઈસુ ખ્રિસ્તનો જન્મ.
૩. ઉડાઉ દીકરો અથવા ખોવાયેલું ઘેટું.
૪. જાખી દાણીની વાર્તા.
૫. નાઈન નગરની વિધવા અથવા લાજરસની વાર્તા.
૬. પ્રભુ ઈસુ ખ્રિસ્તનું વધસ્તંભે જડાવું.
૭. ઈસુ ખ્રિસ્તનું પુનરૂત્થાન અને સ્વર્ગારોહણ.
૮. પચાસમાનો દિવસ.

એ બાબત ખાસ યાદ રાખશો કે ઉપરના પાઠો શીખવવાનો હેતુ એ છે કે શોધક સાચું બદલાણ પામે.

# શોધકો તથા નવા વિશ્વાસુઓ માટે પ્રશ્નોતરી:

૧. **સવાલ** – તમે કોણ છો?
જવાબ – ***હું ખ્રિસ્તી છું.***

૨. **સવાલ** – ખ્રિસ્તી એટલે શું?
જવાબ – ***જે વિશ્વાસુઓએ પ્રભુ ઈસુ ખ્રિસ્તનો અંગત તારનાર તરીકે સ્વીકાર કરી બાપ્તિસ્મા લીધેલું હોય તે.***

૩. **સવાલ** – પ્રભુ ઈસુ ખ્રિસ્ત કોણ છે?
જવાબ – ***પ્રભુ ઈસુ ખ્રિસ્ત ઈશ્વરપુત્ર અને તારણહાર છે.***

૪. **સવાલ** – ઈસુ ખ્રિસ્તે આપણને બચાવવા શું કર્યુ?
જવાબ – ***તેમણે પોતાનો પ્રાણ આપણા વતી આપ્યો.***

૫. **સવાલ** – તેમણે પોતાનો જીવ કેવી રીતે આપ્યો?
જવાબ – ***તેઓ વધસ્તંભે જડાયા*** (પ્રેક્ષકને વધસ્તંભનો ખ્યાલ આપવો)

૬. **સવાલ** – ઉધ્ધાર અથવા તારણ એટલે શું?
જવાબ – ***આપણાં પાપ અને તેની શિક્ષામાંથી છૂટકારો અને ઈશ્વરના બાળક થવું.***

૭. **સવાલ** – તારણનાં ફળ કયાં?
જવાબ – ***ઈશ્વર સાથે આ જીવનમાં અને સ્વર્ગમાં જે જીવન મળનાર છે તેમાં તેમની સાથે અંગત મિલાપ તે તારણનાં ફળ છે.***

૮. **સવાલ** – પાપ એટલે શું?
જવાબ – ***ઈશ્વરની આજ્ઞા તોડવી અથવા તે ન માનવી તે પાપ છે.***

૯. **સવાલ** – પાપ કરવાથી શું પરિણામ આવે છે ?

જવાબ – ***આ જીવન તેમ જ મરણ પછીના જીવનમાં ઈશ્વરથી જુદાપણું તે પાપનું પરિણામ છે.***

**૧૦. સવાલ** – ઈશ્વરની આજ્ઞાઓ કઈ છે?

જવાબ – ***ઈશ્વરે આપેલી દશ આજ્ઞાઓ નીચે મુજબ છે (ટૂંકમાં) :***

૧. એક જ ઈશ્વરને માનવા.
૨. મૂર્તિને પગે લાગવું નહિ.
૩. ઈશ્વરનું નામ વૃથા લેવું નહિ.
૪. વિશ્રામવાર પવિત્ર પાળવો.
૫. માબાપનું સન્માન કરવું.
૬. ખૂન કરવું નહિ.
૭. વ્યભિચાર કરવો નહિ.
૮. ચોરી કરવી નહિ.
૯. જૂઠી સાક્ષી પૂરવી નહિ.
૧૦. લોભ કરવો નહિ.

(આ આજ્ઞાઓ વિસ્તૃત રીતે નિર્ગમન ૨૦:૩–૧૭ અને પુનર્નિયમ ૫:૭–૨૧ માં આપેલી છે).

**૧૧. સવાલ** – તારણ કેવી રીતે મેળવી શકાય છે?

જવાબ – ***પાપનો પસ્તાવો કરી પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરવાથી તારણ એટલે ઉધ્ધાર મળે છે.***

**૧૨. સવાલ** – સાચો પસ્તાવો એટલે શું?

જવાબ – ***ખરો પસ્તાવો એ કહેવાય કે આપણે આપણાં પાપો કબૂલ કરીએ અને તેમને સદાના માટે તજી દઈએ.***

**૧૩. સવાલ** – સાચા પસ્તાવાનાં શાં પરિણામ આવે છે ?

જવાબ – સાચો પસ્તાવો કરવાથી આપણને પાપની માફી મળે છે. તે ઉપરાંત પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં નવું જીવન પ્રાપ્ત થાય છે.

**૧૪.સવાલ –** આ નવું જીવન જીવવા આપણને કેવી રીતે શકિત મળે છે?

જવાબ – ***પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં નિત્ય પ્રાર્થના કરવાથી અને આપણામાં વસતા પવિત્ર આત્માથી આ બળ મળે છે.***

**૧૫.સવાલ –** પવિત્ર આત્માનું કાર્ય શું છે?

જવાબ – ૧. આપણને પાપનું ભાન કરાવે છે.

૨. પ્રભુ ઈસુ ખ્રિસ્તનું તે પ્રગટીકરણ કરે છે.

૩. આપણે પવિત્ર જીવન જીવીએ માટે સહાય કરે છે.

**૧૬. સવાલ –** આપણે પવિત્ર આત્માથી કેવી રીતે ભરપૂર થઈ શકીએ?

જવાબ – ૧. આપણું જીવન સંપૂર્ણપણે ખ્રિસ્તને સમર્પિત કરીને.

૨. પ્રે. કૃ. ૨:૩૮, ૩૯ પ્રમાણે તેમનું વચન આપણામાં પૂર્ણ થાય માટે પવિત્ર આત્માને વિનંતિ કરીને.

**૧૭.સવાલ –** આપણે કેવી રીતે પ્રાર્થના કરવી જોઈએ ?

જવાબ – ૧. તમારા હૃદયમાંથી જે શબ્દો તાત્કાલિક અને સ્વાભાવિક નીકળે તે દ્વારા. દાખલા તરીકે :

ઓ ઈશ્વર, મારાં પાપો માફ કરો. આખા દિવસ દરમિયાન મારી સાથે રહો અને સર્વ પ્રકારનાં પાપોથી બચાવો. મારા કુટુંબને આશીર્વાદ આપો . મારા ગામ પર અને આખી ખ્રિસ્તી મંડળી પર તમારી આશિષ આવવા દો.

તમારા સર્વ આશીર્વાદોને માટે હું તમારો આભાર માનું છું. પ્રભુ ઈસુ ખ્રિસ્તને નામે માગું છું.

આમીન.

૨. પ્રભુ ઈસુ ખ્રિસ્તે શીખવેલી પ્રાર્થના બોલીને (અહીં તે પ્રાર્થના પ્રેક્ષકોને શીખવો).

# પ્રાર્થનાઓ

**પહેલા પાઠથી જ શોધકોને સાદી પ્રાર્થના શીખવવી. તેઓ નીચેની પ્રાર્થના સહેલાઈથી મોઢે કરી શકે :**

ઓ પ્રભુ ઈસુ ખ્રિસ્ત તમે મારા પાપથી મલિન થયેલા હૃદયને તમારા રકતમાં ધૂઓ અને મને શુધ્ધ કરો. મને તમારો બનાવો અને તમારો પવિત્ર આત્મા મને આપો. ખ્રિસ્તના નામમાં. આમીન.

**નીચેની પ્રાર્થનાઓ તેઓ મોઢે કરે તે જરૂરી છે :**

૧. હે ઈશ્વરપિતા, તમારા સર્વ આશીર્વાદોને માટે હું તમારો આભાર માનું છું. મારાં પાપ માફ કરો. આખો દિવસ મારી સાથે રહો અને મારી સંભાળ રાખો. મારા કુટુંબને તેમ જ સઘળાં ખ્રિસ્તી ભાઈઓ તથા બહેનોને તમારી આશિષ આપો. પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં. આમીન.

૨. **પ્રભુએ શીખવેલી પ્રાર્થના :**

ઓ સ્વર્ગમાંના અમારા બાપ, તમારું નામ પવિત્ર મનાઓ, તમારું રાજ્ય આવો; જેમ સ્વર્ગમાં તેમ પૃથ્વી પર તમારી ઈચ્છા પૂરી થાઓ. દિવસની અમારી રોટલી આજ અમને આપો. અને જેમ અમે અમારા ઋણીઓને માફ કરીએ છીએ તેમ તમે અમારાં ઋણો અમને માફ કરો. અમને પરીક્ષણમાં ન લાવો, પણ ભૂંડાથી અમારો છૂટકો કરો. કેમ કે રાજ્ય, તથા પરાક્રમ તથા મહિમા સર્વકાળ સુધી તમારાં છે. આમીન. (માથ્થી ૬: ૯–૧૩).

**૩. ભોજન પહેલાંની પ્રાર્થના :**

ઓ સ્વર્ગમાનાં અમારા પિતા, આ ખોરાક માટે તેમ જ તમારી સર્વ કૃપા માટે અમે તમારો આભાર માનીએ છીએ. ઈસુ ખ્રિસ્તના નામમાં માગીએ છીએ. આમીન.

**ગીતો - ભજનો :**

અમારી એ વિનંતિ છે કે શક્ય એટલાં ગીતો અને ભજનો રાગ સાથે મોઢે કરી ગાવામાં આવે.

**<u>નીચેના વિષયોનું પણ પૂરતું શિક્ષણ આપવામાં આવે :</u>**

૧. ઈશ્વરનું વચન :

આપણા શિક્ષણનો પાયો તે ઈશ્વરનાં પવિત્ર વચનો એટલે બાઈબલ શીખવવામાં આવે તે છે. દરેક ખ્રિસ્તી વ્યક્તિની એ ફરજ છે કે તેણે બાઈબલ વાંચવું જોઈએ. જો વાંચતાં ન આવડતું હોય તો બીજા પાસે વંચાવી સાંભળો અને શક્ય હોય તેટલી કલમો મોઢે કરો (ગી.શા. ૧૧૯:૧૧).

૨. પ્રાર્થના અને ઉપકારસ્તુતિ :

(૧) સવાર અને સાંજની ખાનગી વ્યક્તિગત પ્રાર્થના.
(૨) દરરોજની કૌટુંબિક પ્રાર્થના.
(૩) સામુહિક પ્રાર્થના અને ભક્તિ.
(૪) ભોજન લેતાં પહેલાંની પ્રાર્થના.

૩. ઈશ્વરની ભક્તિ કેવી રીતે કરવી.
૪. રવિવાર અને ખ્રિસ્તી તહેવારો પાળવા.
૫. દાનાર્પણ આપવું.
૬. સાક્ષી આપવી અને બીજાને ખ્રિસ્ત પાસે લાવવા પયત્નો કરવા.

૭. ખ્રિસ્તી ભજનસેવા તેમ જ જરૂરિયાતવાળા અને દુ:ખીતની મદદ કરવી.

૮. સ્ત્રીઓ અને છોકરીઓનું પૂરૂં સન્માન સાચવવું જોઈએ. આ કારણે સ્ત્રીને મારઝુડ કરવી તે ઘણું જ અઘટિત કૃત્ય છે.

૯. ખરાબ ગાળો બોલવી, શાપ દેવો, અને સમ ખાવા તે ઘણુ ખોટું છે.

૧૦.ઘર, તેની આજુબાજુની જગા, કપડાં અને શરીર સ્વચ્છ રાખવાં જોઈએ.

૧૧. લગ્ન વ્યવસ્થા ખ્રિસ્તીઓની સાથે જ ગોઠવવી જોઈએ, અન્યધર્મી સાથે નહિ. આ સાથે લગ્નો પણ ખ્રિસ્તી રીતરિવાજ
પ્રમાણે જ થવાં જોઈએ. તે ઉપરાંત છોકરા અને છોકરીની ઉંમર સરકારી કાયદા પ્રમાણે હોવી જોઈએ (છોકરો ૨૧ વર્ષનો અને છોકરી ૧૮ વર્ષની).

૧૨. બાળકના જન્મ પછી યોગ્ય સમયે આભારસ્તુતિની સભા રાખી શકાય.

૧૩. દરેક ખ્રિસ્તી વ્યકિતના મરણ પછી ખ્રિસ્તી વિધિ પ્રમાણે જ દફનક્રિયા થવી જોઈએ. જો આ શક્ય ન હોય તો ખ્રિસ્તી પ્રાર્થના કરવી જ જોઈએ. જો ઉપદેશક હાજર ન હોય તો ગામમાંનો ખ્રિસ્તી આગેવાન આ ફરજ બજાવી શકે છે.

૧૪.ખ્રિસ્તી ભ્રાતૃભાવમાં જીવનના એક ભાગ તરીકે, દરેકે ઈશ્વરના ઘરમાં એટલે પ્રભુમંદિરમાં ભેગા મળવું જોઈએ. ઈશ્વરસ્તુતિમાં ભાગ લેવો જોઈએ. જ્યારે પ્રભુભોજનની વ્યવસ્થા હોય ત્યારે તે સંગતમાં જોડાવું જોઈએ. પ્રભુભોજન બધાં વિશ્વાસુઓ માટે ખુલ્લું હોવું જોઈએ.

# શોધકોને શીખવવા માટેના ૧૬ અગત્યના મુદ્દા

## (બાપ્તિસ્માની તૈયારી પહેલાં રજુ કરવા)

સુવાર્તાપ્રચારના કાર્યમાં એક જુથ તરીકે કાર્ય કરતાં નીચેના ૧૬ મુદ્દા અમને ઘણા ઉપયોગી થયા હોવાથી તે બીજી જગાએ પણ મદદરૂપ થશે એવી અમારી આશા છે. પ્રથમ અમે શોધકોની મુલાકાત લેતા અને તારણ અંગેની જરૂરિઆત તેમને સમજાવતા. દાખલા તરીકે, "સઘળાંએ પાપ કર્યું છે", "ઈસુ ખ્રિસ્તનું લોહી આપણને બધાં પાપથી શુધ્ધ કરે છે". શબ્દ વગરના પુસ્તકનો છૂટથી ઉપયોગ કરતા–કાળાં, રાતાં, ધોળાં અને સોનેરી પાનાંનો તારણનો માર્ગ સમજાવવા ઉપયોગ કરતાં. આ ટૂંકી પ્રાર્થના પણ શીખવતાં, "ઓ પ્રભુ ઈસુ ખ્રિસ્ત, મારૂં કાળું હૃદય ધૂઓ અને તમારા રકત વડે શુધ્ધ કરી મને તમારો બનાવો". આ પછી ખ્રિસ્તી જીવનમાં જે સમાયેલું છે તે તેઓની આગળ રજૂ કરતાં.

૧. **તારણ :** સૌથી પ્રથમ જરૂરી તે તારણ છે. તારણનો અર્થ પાપોની માફી. (કલોસી ૧:૧૪; ૧ યોહાન. ૧:૯). એટલે પ્રભુ ઈસુ ખ્રિસ્તને તારણહાર તરીકે સ્વીકારવા (૧ યોહાન ૧:૧૨; પ્રકટી. ૩:૨૦); નવો જન્મ પામવો (યોહાન ૩:૭); ખ્રિસ્ત ઈસુમાં નવી ઉત્પત્તિ (૨ કરિંથી ૫:૧૭); આપણાં નામ સ્વર્ગમાં હલવાનના જીવનના પુસ્તકમાં નોંધાયેલાં હોવાં (લૂક ૧૦:૨૦; પ્રકટી. ૨૧:૨૭).

૨. **સાક્ષી :** દરેક ખ્રિસ્તીએ પોતાનાં પાપ માફ થયાં છે તે અને પોતે પ્રભુનો બાળક થયો છે તે દર્શાવવા પવિત્ર આત્માની દોરવણીથી સાક્ષી આપવી (રોમન ૮:૧૬; ૧ યોહાન ૫:૧૦). આ આંતરિક ખાતરી છે. ખ્રિસ્તી થતાં તરત જ બીજાને સાક્ષી આપવી (રોમન ૧૦:૯, ૧૦; માથ્થી ૧૦:૩૨, ૩૩). તમારા

જીવનના બદલાણના પ્રતીક તરીકે તમારી અંગત સાક્ષી આપવી એટલે કે બીજાને કહેવું.

૩. **પવિત્ર આત્માનુંશ ભરપૂરીપણું :** ફકત પવિત્ર આત્મા આપણને મળે તે જ પૂરતું નથી (રોમન :૧૬); પરંતુ આપણે પવિત્ર આત્માથી ભરપૂર થવાનું છે (એફેસી ૫:૧૮). પવિત્ર આત્મા આપણને પવિત્ર જીવન જીવવા સહાય કરશે (૧ પિતર ૧:૧૫, ૧૬). ઈશ્વરે આપણને અશુધ્ધતાને સારૂ નહિ, પણ પવિત્રતામાં તેડ્યા છે. તે તમને તેમનો પવિત્ર આત્મા આપે છે (૧ થેસ્સા. ૪:૭, ૮); અને તે આપણને સાક્ષી આપવા શકિત આપશે. પ્રે. કૃ. ૧:૮ પ્રમાણે આપણે ઈશ્વર પાસે તે કૃપાદાન માગી સ્વીકારવું જોઈએ (લૂક ૧૧:૧૩, પ્રે. કૃ. ૨:૩૮, ૩૯).

૪. **પ્રાર્થના :**

૧. વ્યકિતગત પ્રાર્થના : ઉભા રહીને કે ઘૂંટણે પડીને સવારે અને સાંજે વ્યકિતગત રીતે પ્રાર્થના કરવી જોઈએ. આનો અર્થ એ કે તમને મળેલા નવા તારણહાર કે મિત્ર સાથેની વાતચીત (માથ્થી. ૬:૬; ફિલિપી ૪:૬,૭).

૨. સામુહિક પ્રાર્થના : જ્યાં શક્ય હોય ત્યાં દરરોજ, નહિ તો ઓછામાં ઓછું દર રવિવારે મંડળીનાં સભ્યોએ સાથે મળીને પ્રાર્થના અને ભકિત કરવાં જોઈએ (માથ્થી. ૧૮:૧૯,૨૦; હિબ્રૂ. ૧૦:૨૪, ૨૫).

૩. ભોજન પહેલાંની પ્રાર્થના. ઈશ્વરે આપણને જે ખોરાક પૂરો પાડ્યો તે માટે આભાર માની પ્રાર્થના કરો. જમ્યા બાદ પણ વધુ આભારની પ્રાર્થના થઈ શકે છે (યોહાન ૬:૧૧).

૫. **દૈનિક શાસ્ત્રવાચન :** જેઓ અભણ હોય તેમણે દરરોજની પ્રાર્થના વખતે મોઢે કરેલાં સોનેરી વચનો બોલવાં જોઈએ (ગી. શા. ૧૧૯:૧૧; યર્મિયા ૧૫:૧૬). જેઓને વાંચતાં આવડે છે તેઓ અવશ્ય બાઈબલ વાંચે એવો આગ્રહ રાખશો.

૬. **બીજાંઓને ખ્રિસ્ત પાસે લાવવાં :** પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં આપણને જે તારણ

મળેલું છે તે બીજાને પણ મળે માટે પ્રયત્ન કરીએ (યોહાન ૧:૪૧, ૪૨; ૨ કરિંથી ૫:૨૦; હઝ. ૩૩:૧-૯).

### ૭. ખ્રિસ્તી જીવન જીવવું:

૧. હવે જ્યારે તમે ખ્રિસ્તી થયા છો ત્યારે તમે જે કામધંધો કરો છો તે વધારે સારી રીતે અને વધુ મહેનત કરીને કરો. તે ઉપરાંત વધુ વિશ્વાસુ અને ભરોસાપાત્ર બનો, જેથી જેમની સાથે તમે કામ કરો છો તેમને લાગે કે તમારા અંગત જીવનમાં બદલાણ થયું છે. તમો કોઈને લાંચ આપો નહિ અને લાંચ લો નહિ (કલોસી ૩:૨૨-૨૪; નીતિ. ૧૫:૨૭).

૨. જેઓ ખ્રિસ્તીઓ છે તેઓની સાથે જ નહિ, પરંતુ અન્યધર્મીઓ પર પ્રેમ, સહનશીલતા, નમ્રતા, વિવેક દર્શાવી સાચા ખ્રિસ્તી તરીકે વર્તો (૧ પિતર ૪:૮); જેઓને માન આપો છો તેઓને વધુ માન આપો. (રોમન. ૧૨:૧૦)

૩. ઝઘડવાનું અને ગાળાગાળી કરવાનું બંધ કરો (એફેસી ૪:૨૯-૩૨).

૪. વિશ્રામવાર એટલે રવિવાર પવિત્ર પાળો. તે દિવસે વેચો નહિ. વેચાતું લો નહિ અને બીજું બીનજરૂરી કાર્ય ન કરો; પરંતુ ભકિત કરવામાં દિવસ પસાર કરો. તે ઉપરાંત પ્રભુને માટે કાર્ય કરો અને આરામ પણ લો (યશાયા ૫૮:૧૩, ૧૪; લૂક ૪:૧૪; પ્રે. કૃ. ૨૦:૭).

૫. તમારી કમાણીનો દશમો ભાગ ઈશ્વરને આપો (ઉત. ૨૮:૨૨).

૬. દુ:ખ, માંદગી અને મુશ્કેલીમાં એકબીજાને મદદ કરો. વળી દુશ્મનો પર પ્રેમ દર્શાવો (માથ્થી ૫:૪૪).

૭. તમારાં શરીરો, કપડાં, વાસણો અને ઘરો સાફ રાખતાં શીખો, કારણ કે ખ્રિસ્તી વ્યકિતનાં ઘર, શરીર અને હૃદય ચોકખાં હોવાં જોઈએ (હિબ્રૂ. ૧૦:૨૨).

૮. વિશ્વાસુ અને શોધકોએ એકબીજાને સલામ કરવા માટે "જય મસીહ" શબ્દોનો ઉપયોગ કરવો તે વધારે સારું છે.

૮. **મૂર્તિપૂજા :** કોઈ પણ પ્રકારની મૂર્તિપૂજા ન કરો. તે ઉપરાંત કોઈપણ અન્યધર્મી તહેવારો અને વિધિઓથી દૂર રહો (૧ કરિંથી ૧૦:૧૪).

૯. **ખ્રિસ્તી લગ્નો :** આમાં બે મુખ્ય બાબતો છે.

૧. જુવાન ખ્રિસ્તી છોકરા અને છોકરીએ જેઓ ખ્રિસ્તી મંડળીના ભ્રાતૃભાવમાં હોય તેમની સાથે જ લગ્ન કરવાં. આ લગ્નો ખ્રિસ્તી વિધિ અને રીતરસમ પ્રમાણે આપેલા સમયે કરવાં (૨ કરિંથી ૬:૧૪, ૧૫).

૨. આ લગ્નો સરકારી કાયદા પ્રમાણે વયમર્યાદા માં રહીને જ કરવાં જોઈએ. અત્યારના કાયદા પ્રમાણે છોકરો ૨૧ વર્ષ અને છોકરી ૧૮ વર્ષ કરતાં મોટાં હોવાં જોઈએ.

૧૦. **ખ્રિસ્તીઓમાં અન્ય નાતજાતના વાડા ન હોવા જોઈએ:** પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં આપણે બધાં એક અને સરખાં છીએ (ગલાતી ૩:૨૮). ખ્રિસ્તીઓ તરીકે આપણે નવા ભ્રાતૃભાવમાં આવેલાં છીએ.

૧૧. **તમારા જૂના અન્યધર્મી રીતરિવાજો બંધ થવા જોઈએ.** તેનું કારણ એ કે ખ્રિસ્તી થઈને તમે નવા ભાઈચારામાં આવેલા છો. આને લીધે મૃત્યુ પછીની અન્યધર્મી વિધિઓમાં અથવા બીજા વિધર્મી રીતરિવાજોમાં જોડાશો નહિ. આપણને ૨ કરિંથી ૬:૧૭માં કહેવામાં આવ્યું છે કે "તમે તેઓમાંથી નીકળી આવો, અને અલગ થાઓ. મલિન વસ્તુને અડકો મા".

૧૨. **બાપ્તિસ્મા માટેનું શિક્ષણ :** ખ્રિસ્ત અને તેમના શિક્ષણ વિષે કાર્યકર પાસેથી શીખવાનું તરત જ શરૂ કરો, જેથી બાપ્તિસ્મા માટે તમે યોગ્ય સમયે તૈયાર થઈ શકો (માર્ક ૧૬:૧૬; પ્રે.કૃ. ૨:૩૮).

૧૩. **સતાવણી :** મુશ્કેલ સમય અને સતાવણી આવે તો જરા પણ આશ્ચર્ય ન

પામશો (માથ્થી ૫:૧૦–૧૨; ૧ પિતર ૪:૧૨–૧૬). યાદ રાખજો કે પ્રભુ ઈસુ ખ્રિસ્ત તમારા જીવંત, પ્રેમાળ અને મહાન તારણહાર છે. તેઓ મદદ માટેની તમારી હાંક સર્વ સમયે અને સર્વ સ્થળે સાંભળશે (ગી. શા. ૧૨૧:૨; હિબ્રૂ. ૧૩:૫, ૬).

૧૪. **ખ્રિસ્તી દફનક્રિયા :** જ્યારે કોઈપણ ખ્રિસ્તી વ્યકિત મૃત્યુ પામે ત્યારે ખ્રિસ્તી તરીકે તેની દફનક્રિયા કરવી જોઈએ. શક્ય બધી જ રીતે ખ્રિસ્તી પ્રાર્થના કરી દફનાવો. મૃત્યુ પછી જે જમણવાર થાય છે તે અથવા કોઈપણ પ્રકારની મૂર્તિપૂજા આ મૃત્યુ સાથે ન જોડો. આ ઉપરાંત સાચા ખ્રિસ્તીઓએ વિધર્મી મિત્રોના મૃત્યુ પછીના અન્યધર્મી જમણોમાં કદી પણ ભાગ ન લેવો.

૧૫. **મૃત્યુ પછી :** ઈશ્વરનાં વચનો ઘણાં સ્પષ્ટ છે કે મૃત્યુ પછી ચોર્યાસી લાખ ફેરા જેવું કશું છે જ નહિ. જ્યારે ખ્રિસ્તી વ્યકિત મૃત્યુ પામે છે ત્યારે તેના માટે સ્વર્ગમાં સ્થાન તૈયાર હોય છે (યોહાન ૧૪:૧–૩). આપણું પાર્થિવ શરીર બદલાઈ જશે અને પ્રભુ ઈસુ ખ્રિસ્તમાં આપણને મહિમાવંત નવું શરીર પ્રાપ્ત થશે (ફિલિપી ૩:૨૧).

૧૬. **વાંચતાં શીખવું :** જ્યાં સુધી શક્ય બને ત્યાં સુધી શોધકે બાપ્તિસ્મા લેતાં પહેલાં વાંચતાં શીખવું જોઈએ, જેથી ઈશ્વરનાં જે પવિત્ર વચનો– બાઈબલ તમે વાંચી શકો. વાંચતાં શીખવામાં બીજા ઘણા લાભો પણ મળે છે.

# ગ્રામ્ય અને નવી મંડળીઓમાં ભકિતસભા ચલાવવાની સરળ રૂપરેખા :

## (સ્થાનિક આગેવાનો માટે)

ભકિતસભાની આ રૂપરેખા અથવા માળખું જે ગ્રામ્ય આગેવાનો તાલીમ લીધા વગરના છે તેમના માટે તૈયાર કરવામાં આવી છે. અમે ઈચ્છીએ છીએ કે તેઓ તેને મોઢે કરે, જેથી મંડળીમાંની ભકિતસભામાં તેઓ યોગ્ય દોરવણી આપી શકે. અમારા અનુભવે અમને એ પણ માલૂમ પડ્યું છે કે ફકત અભણ આગેવાનો માટે જ આ નથી; પરંતુ જેમને વાંચતાં લખતાં આવડે છે તેઓ પણ તેનો ઉપયોગ કરી આશીર્વાદ મેળવી શકે છે.

**નોંધ :** *(શિક્ષક કે આગેવાન માટે)* જ્યાં કહીં આ નિશાન, એટલે કે – નાની લીટી, આવે ત્યારે આગેવાને થોભવાનું છે, જેથી સભાજનો તેમની પાછળ પાછળ બોલેલો ભાગ અથવા વાક્ય બોલે. આ સુચના સભાના આખા કાર્યક્રમને લાગુ પડે છે.

૧. શાંત પ્રાર્થના *(બધા ઘૂંટણે પડે)*
દરેક વાક્ય પછી આગેવાન થોભશે, જેથી સભાજનો તે પર વિચાર કરી મનમાં પ્રાર્થના કરે.
   ૧. પ્રભુ ઈસુ ખ્રિસ્તની હાજરી તમારી મધ્યે છે એવો અનુભવ કરો.
   ૨. પ્રભુ ઈસુ ખ્રિસ્ત આપણી મધ્યે છે, માટે તેમનો આભાર માનો.
   ૩. આ ભકિતસભા માટેઈશ્વર દરેકનાં હૃદયો તૈયાર કરે માટે પ્રાર્થના કરો.

૨. પ્રાર્થના *(આગેવાન કરાવે અને બધાં ઘૂંટણે પડેલાં રહે).*

૩. પ્રભુએ શીખવેલી પ્રાર્થના જે અન્યત્ર આપેલી છે તે બધાં સાથે બોલે.

૪. ગીત \ ભજન

૫. પ્રાર્થના (ઈશ્વરનું વચન વાંચતાં પહેલાં)

આગેવાનની પાછળ પાછળ દરેક વાક્ય સ્પષ્ટ ઉચ્ચાર સાથે સભાજનો બોલે. ઓ પ્રભુ– તમે અમારી આંખો ઉઘાડો– કે અમે –તમારા નિયમોની– અદ્‌ભુત વાતોનું– અવલોકન કરી શકીએ –તમને સમજીએ– અને તે વચનો પ્રમાણે –જીવન જીવીએ. પ્રભુ ઈસુ ખ્રિસ્તને નામે. આમીન.

૬. આગેવાનની પાછળ પાછળ નીચેની કલમો બોલવી

(૧) સઘળાંએ પાપ કર્યું છે– અને ઈશ્વરના મહિમા વિષે –સઘળા અધૂરા રહે છે (રોમન ૩:૨૩).

(૨) પાપનો મુસારો મરણ છે– પણ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને આશરે – ઈશ્વરનું કૃપાદાન– અનંતજીવન છે (રોમન ૬:૨૩).

(૩) તું તેનું નામ– ઈસુ પાડશે,– કેમ કે જે પોતાના લોકને – તેઓનાં પાપથી તારશે – તે એ જ છે (માથ્થી ૧:૨૧).

(૪) તેમના પુત્ર ઈસુનું રકત– આપણને સઘળાં પાપથી– શુધ્ધ કરે છે (૧ યોહાન ૧:૭).

(૫) ઈસુએ કહ્યું– જે મારી પાસે આવે છે– તેને હું કાઢી નહિ જ મૂકીશ (યોહાન ૬:૩૭).

(૬) ઈશ્વરના દીકરાએ –મારા પર પ્રેમ રાખ્યો અને મારે સારુ– પોતાનું અર્પણ કર્યું (ગલાતી ૨:૨૦).

(૭) આપણા આત્માની સાથે – આત્મા પોતે સાક્ષી આપે છે કે – આપણે ઈશ્વરનાં છોકરાં છીએ (રોમન ૮:૧૬).

(૮) છ દિવસ સુધી– કામ કરવામાં આવે – પણ સાતમા દિવસે યહોવાને સારૂ પવિત્ર– એવો વિશ્રામનો સાબ્બાથ છે (નિર્ગ. ૩૧:૧૫).

મલિન વસ્તુને અડકો મા– એટલે હું તમારો અંગીકાર કરીશ (૨ કરિંથી ૬:૧૭).

(૧૦) તમે બધાં ખ્રિસ્તમાં એક છો (ગલાતી ૩:૨૮).

(૧૧) અવિશ્વાસીઓની સાથે – અઘટિત સંબંધ ન રાખો– કેમ કે ન્યાયીપણાને અન્યાયપણા સાથે – સોબત કેમ હોય?– અજવાળાને અંધકારની જોડે – શી સંગત હોય? (૨ કરિંથી ૬:૧૪).

(૧૨)જે યહોવાહે – આકાશ તથા પૃથ્વી ઉત્પન્ન કર્યાં છે – તેમની તરફથી– મને સહાય મળે છે (ગી. શા. ૧૨૧:૨).

૭. **વિશ્વાસનામું :** (બધાં ઊભાં રહે અને આગેવાનની પાછળ પાછળ સભાજનો સમજાય તેવાં ટૂંકા વાક્યોમાં તે બોલે)

## પ્રેરિતોનું વિશ્વાસનામું

સર્વસત્તાધારી ઈશ્વરપિતા,
આકાશ અને પૃથ્વીના કર્તા,
તેમના પર હું વિશ્વાસ કરૂં છું,
વળી તેમના એકનાએક પુત્ર ઈસુ ખ્રિસ્ત,
આપણા પ્રભુ,
તેમના પર હું વિશ્વાસ કરૂં છું.
તે પવિત્રઆત્મા દ્વારા ગર્ભે રહ્યા,
કુંવારી મરિયમને ઉદરે જન્મ્યા,
પોંતિયસ પિલાતની હકૂમતમાં દુઃખ ભોગવ્યું,
વધસ્તંભે જડાયા,
મરણ પામ્યા, તથા દટાયા.
અધઃસ્થાનમાં ઉતર્યા;
તે ત્રીજે દિવસે મૂએલામાંથી ઉત્થાન પામ્યા,

સ્વર્ગમાં ચઢી ગયા,
અને સર્વસમર્થ ઈશ્વરપિતાને જમણે હાથે બિરાજમાન છે;
તે ત્યાંથી જીવતાં તથા મૂએલાનો ન્યાય કરવા સારૂ આવનાર છે.
વળી પવિત્ર આત્મા પર હું વિશ્વાસ કરૂં છું;
અને પવિત્ર સાર્વત્રિક મંડળી,
સંતોની સંગત,
પાપોની ક્ષમા,
દેહનું પુનરૂત્થાન,
તથા અનંતજીવન,
એ સર્વ હું માનું છું. આમીન.

૮. **દશ આજ્ઞાઓ** (સભાજનો એક પછી એક બોલે)
આ આજ્ઞાઓ અન્યત્ર ટૂંકા સ્વરૂપમાં આપવામાં આવી છે.

૯. **ગીત \ ભજન**

૧૦.**દાનાર્પણ** (મંડળીની વ્યવસ્થા પ્રમાણે લેવામાં આવે)

૧૧. **દાનાર્પણ પર આશીર્વાદ માગવામાં આવ** (પ્રાર્થના ઘૂંટણે પડીને અથવા ઊભા રહીને કરવામાં આવે).

૧૨. **ઉપદેશકનો ઉપદેશ** – ભાષણ

૧૩.**પ્રાર્થના** (આ પ્રાર્થના મધ્યસ્થીની હોઈ શકે, જેમાં સભાજનો જુદી જુદી જરૂરિઆતો જણાવે. આ પ્રાર્થના સભાના કાર્યક્રમની અનુકૂળતા પ્રમાણે અન્ય સ્થળે પણ ગોઠવી શકાય).

૧૪.**આશીર્વાદ.** આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તની કૃપા તથા ઈશ્વરપિતાનો પ્રેમ અને પવિત્ર આત્માની સંગત હમણાંથી તે સર્વકાળ સુધી તમ સર્વની સાથે રહો. આમીન.

અનુક્રમ નંબર ૬ માં સભાજનોની આત્મિક જરૂરિઆત પ્રમાણે નીચેની કલમોનો પણ ઉપયોગ કરી શકાય :

(૧) જેનું ઉલ્લંઘન માફ થયું છે, તથા જેનું પાપ ઢંકાઈ ગયું છે તેને ધન્ય છે (ગી. શા. ૩૨:૧).

(૨) મેં તારો ઉધ્ધાર કર્યો છે... તું મારો છે (યશાયા ૪૩:૧).

(૩) તમે જાણો છો કે – વિનાશી વસ્તુઓ વડે – એટલે રૂપા અથવા સોના વડે નહિ– પણ ઈસુના મૂલ્યવાન રકત વડે – તમારો ઉધ્ધાર કરવામાં આવ્યો છે (૧ પિતર ૧:૧૮, ૧૯).

(૪) જો કોઈ માણસ ખ્રિસ્તમાં છે – તો તે નવી ઉત્પત્તિ છે – જે જૂનું હતું તે સર્વ જતું રહ્યું છે – જુઓ, સર્વ નવું થયું છે (૨ કરિંથી ૫:૧૭).

(૫) હું તમને નવી આજ્ઞા આપું છું કે – તમે એક બીજા પર પ્રેમ રાખો ,– જેવો મેં તમારા પર પ્રેમ રાખ્યો – તેવો તમે પણ એક બીજા પર પ્રેમ રાખો – જો તમે એક બીજા પર પ્રેમ રાખો – તો તેથી સર્વ માણસો જાણશે – કે તમે મારા શિષ્યો છો (યોહાન ૧૩:૩૪, ૩૫).

(૬) કશાની ચિન્તા ન કરો – પણ દરેક બાબતમાં – પ્રાર્થના અને વિનંતિઓ વડે – આભારસ્તુતિ સહિત– તમારી અરજો ઈશ્વરને જણાવો (ફિલિપી ૪:૬).

(૭) જ્યારે લોક તમારી નિંદા કરશે – ને પૂંઠે લાગશે – ને મારે લીધે તમારી વિરૂધ્ધ –તરેહ તરેહની ભૂંડી વાત અસત્યતાથી કહેશે– ત્યારે તમને ધન્ય છે. –તમે આનંદ કરો તથા ઘણા હરખાઓ – કેમ કે આકાશમાં તમારો બદલો મોટો છે (માથ્થી ૫:૧૧, ૧૨).

(૮) જેમણે તમને તેડ્યા છે – તે જેવા પવિત્ર છે– તેવા તમે પણ સર્વ પ્રકારના

આચરણમાં– પવિત્ર થાઓ – કેમ કે લખેલું છે કે – હું પવિત્ર છું– માટે તમે પણ પવિત્ર થાઓ (૧ પિતર ૧:૧૫, ૧૬).

(૯) પવિત્ર આત્મા તમારા પર આવશે – ત્યારે તમે સામર્થ્ય પામશો– અને ... તમે મારા સાક્ષી થશો (પ્રે. કૃ. ૧:૮).

(૧૦) જો તમે ભૂંડા છતાં– તમારાં છોકરાંને સારાં દાન આપી જાણો છો, – તો આકાશમાંના બાપની પાસેથી જેઓ માગે – તેમને તે પવિત્ર આત્મા આપશે – તે કેટલું વિશેષ ખાતરીપૂર્વક છે? (લૂક ૧૧:૧૩).

(૧૧) આપણે પવિત્ર આત્માનું વચન – વિશ્વાસથી પામીએ (ગલાતી ૩:૧૪).

(૧૨)તું બીશ મા– હું તને બળવાન કરીશ– તને સહાય કરીશ– વળી મારા પોતાના ન્યાયના જમણા હાથથી– હું તને પકડી રાખીશ (યશાયા ૪૧:૧૦).

**નોંધ:** આ સાદી ભજનસેવાનો એક હેતુ એ પણ છે કે સભાજનો શક્ય એટલો તેમાં ભાગ લે; તેઓ ફકત સાંભળનારા જ થાય નહિ. આગેવાને સભાજનોને જુદી જુદી સેવા કરવા તક અને ઉત્તેજન આપવું જોઈએ.

# પવિત્ર આત્માનું વ્યક્તિત્વ અને કાર્ય

પવિત્ર આત્માના મહાન વિષય પર નીચે મુજબ બાઈબલ અભ્યાસ આપવામાં આવ્યો છે, જેથી કાર્યકર તેની પત્ની સાથે તેનો અભ્યાસ કરે અને અમને આશા છે કે આ વિષય તેમને અવશ્ય મદદરૂપ થશે.

પવિત્ર આત્મા આપણાં સઘળાં કાર્યો નું સબળ ઉદ્‌ભવસ્થાન છે. વળી તે આપણને પવિત્ર જીવન જીવવા દોરવણી આપે છે.
આ પ્રમાણે હોવાથી તેના વિષે પ્રભુનાં વચનોમાંથી શક્ય એટલો અભ્યાસ કરવો ખૂબ જરૂરી છે. આ મારફતે ઈશ્વરે જે વચનો આપેલાં છે તે પૂરેપૂરી રીતે આપણા હૃદય અને જીવનમાં પૂરાં કરાવે અને આપણને વાપરે એવી અમારી પ્રાર્થના છે.

અમારૂં એ સૂચન છે કે પતિપત્ની ભેગાં મળી સવારનો જે શાંત સમય છે ત્યારે તેનો અભ્યાસ કરે. જુદા જુદા વિભાગ પ્રમાણે પ્રાર્થનાસહિત અમુક કલમો લઈ તેઓ શીખે અને પવિત્ર આત્માથી ભરપૂર થાય એ જરૂરી છે. કાર્યકર ભલે તે ગામડામાં અગર શહેરમાં કાર્ય કરતો હોય, પરંતુ દરેકને દરરોજ પવિત્ર આત્માની જરૂર છે. એક વખત તમને તે મળ્યાની ખાતરી થાય પછી તમે સાથી વિશ્વાસુઓને તેની અગત્યતા વિષે શીખવો. પવિત્ર આત્મા એ એક અદ્‌ભુત કૃપાદાન છે.

શરૂની મંડળી વૃધ્ધિ પામી તેનું રહસ્ય આ પવિત્ર આત્માનું કાર્ય વિશ્વાસુઓમાં જોવા મળ્યું તે છે. આ અંગેની નોંધ આપણને પ્રેરિતોનાં કૃત્યોના પુસ્તકમાં જોવા મળે છે. આ એક ખુલ્લું રહસ્ય છે કે આપણે પણ તે સમયના વિશ્વાસુઓના પગલે અનુસરી શકીએ છીએ.

## ૧. પવિત્ર આત્માનું વ્યકિતત્વ

પવિત્ર આત્માનો એક વ્યકિત તરીકે ઉલ્લેખ થયો છે. તેને એક વ્યકિત તરીકે (પુલ્લિંગમાં) સંબોધવામાં આવે છે, આ માત્ર કોઈ શકિત જ નથી એક વ્યકિત છે.

(૧) તે બોલે છે (પ્રે. કૃ. ૧:૧૬; ૮:૨૯; ૧૦:૧૯; ૧૧:૧૨; ૧૩:૨; ૨૧:૧૧; ૨૮:૨૫).

(૨) તે ચમત્કાર કરે છે (પ્રે. કૃ. ૨:૪; ૮:૩૯).

(૩) તેની વિરૂધ્ધ તમે પાપ કરી શકો છો; જેમ કે જૂઠું બોલવું (પ્રે. કૃ. ૫:૩); પરીક્ષણ કરવું (૫:૯); સામા થવું (૭:૫૧); ખિન્ન કરવો (એફેસી ૪:૩૦); દુર્ભાષણ કરવું (માર્ક ૩:૨૯).

(૪) તે દિલાસો આપે છે (પ્રે. કૃ. ૯:૩૧; અને યોહાન ૧૪:૧૬, ૨૬; ૧૫:૨૬; ૧૬:૭; સાથે સરખાવો. પ્રભુ ઈસુ ખ્રિસ્ત માટે ૧યોહાન ૨:૧માં મધ્યસ્થ, દિલાસો આપનાર, સહાયક શબ્દો વાપર્યા છે).

(૫) તે સેવકોને મોકલે છે (પ્રે. કૃ. ૧૩:૪ અને લૂક. ૯:૨, ૧૦:૧ સાથે સરખાવો, જ્યાં પ્રભુ ઈસુ ખ્રિસ્ત સેવકોને કાર્ય કરવા મોકલે છે).

(૬) તે અધ્યક્ષો (દેખરેખ રાખનાર) નીમે છે (પ્રે. કૃ. ૨૦:૨૮ આને ૧ કરિંથી ૧૨:૮-૧૧ સાથે સરખાવો) .

(૭) તે દોરવણી આપે છે (યોહાન ૧૬:૧૩; પ્રે. કૃ. ૮:૨૯; ૧૫:૨૮; ૧૬:૬, ૭).

(૮) તે સાક્ષી આપે છે (પ્રે. કૃ. ૫:૩૨; ૨૦:૨૩; રોમન ૮:૧૬).

(૯) તે આપણા માટે પ્રાર્થના કરે છે (રોમન ૮:૨૬).

આ પ્રમાણે શરૂના ખ્રિસ્તીઓ તેને એટલે પવિત્ર આત્માને દોરનાર કહે છે. આ આત્માને તેઓ પ્રભાવ અગર છાપ કહેતા નથી. શું હું આશીર્વાદ કે આશીર્વાદ આપનારને શોધું છું? હું ફકત શકિત પ્રાપ્ત કરૂં તેમ નહિ કિન્તુ પવિત્ર આત્માને શોધું તે ઘણુ જરૂરી છે, કારણ કે શકિત આપનાર તે છે. જો પવિત્ર આત્મા મારામાં છે તો શું તેનાં કાર્યો મારા જીવનમાં જોવા મળે છે?

## ૨. પવિત્ર આત્મા મારા માટે શું કરશે ?

પ્રભુ ઈસુ ખ્રિસ્તની શિષ્યો સાથેની લાંબી વાતમાં (વાંચો યોહાન ૧૪,૧૫ અને ૧૬ અધ્યાય) તેમણે પવિત્ર આત્મા માટે કહ્યું કે, "તે જ્યારે આવશે ત્યારે તે આ પ્રમાણે કરશે" (યોહાન ૧૪:૧૬, ૧૭, ૨૬; ૧૫:૨૬; ૧૬:૭, ૮, ૧૩, ૧૪ વાંચો). આ કલમોમાં પવિત્ર આત્માનું આવવું જાણે સર્વસ્વ છે. શિષ્યો માટે પવિત્ર આત્મા આવે તે એક આશા હતી. આજે પણ આપણા માટે તે જ આશા છે. જો પવિત્ર આત્માનું ભરપૂરીપણું મારા જીવનમાં આવે તો તેનું પરિણામ શું આવે? તે મારા માટે શું કરે?

(૧) તે પાપ વિષે મને ખાતરી કરાવશે (માલાખી ૩:૧–૩; યોહાન ૧૬:૮).
(૨) તે સહાયક થશે (યોહાન ૧૫:૨૬; ૧૬:૧૪).
(૩) તે મને પ્રાર્થના કરતાં શીખવશે (રોમન ૮:૨૬).
(૪) તે પરીક્ષણં વખતે મદદગાર થશે (યશાયા ૫૯:૧૯).
(૫) તે મારામાં પ્રભુ ઈસુ ખ્રિસ્તનું રૂપ મુકશે (૨ કરિંથી ૩:૧૮, છેલ્લો ભાગ).
(૬) તે મારૂં હૃદય પ્રેમથી ભરી દેશે (યોહાન ૧૩:૩૪, ૩૫; રોમન ૫:૫).
(૭) તે મને સાક્ષી આપવા આત્મિક બળ આપશે (પ્રે. કૃ. ૧:૮).
(૮) તે મારી નિષ્ફળ સેવા ફળવંત બનાવશે (યોહાન ૧૫: ૮, ૧૬; રોમન ૧૫:૧૯; ૧ પિતર ૧:૧૨).

## ૩. શરૂની મંડળીમાં પવિત્ર આત્મા દ્વારા પચાસમાના દિવસે અને ત્યાર બાદ થયેલું કાર્ય જે "પ્રેરિતોનાં કૃત્યો" માં નોંધવામાં આવ્યું છે તે :

**પચાસમાના દિવસ પહેલાં :**

૧ કરિંથી ૧૫:૩-૬ પ્રમાણે ૫૦૦ કરતાં વધારે ભાઈઓને પ્રભુનું દર્શન થયું. પ્રે. કૃ. ૧:૪, ૫, ૮ પ્રમાણે ઈશ્વરના વચનની રાહ જોવાની હતી, કે તમે પવિત્ર આત્માથી બાપ્તિસ્મા પામશો. પ્રે. કૃ. ૧:૧૩-૧૫ માં આપણે જોઈએ છીએ કે ૧૨૦ માણસો સંગતમાં ભેગાં થયાં હતાં.

**પચાસમાના દિવસે અને તે પછી:**

(૧) પ્રે. કૃ. ૨:૪૧ ત્રણ હજાર માણસો એક દિવસમાં બાપ્તિસ્મા પામ્યાં.

(૨) પ્રે. કૃ. ૨:૪૭ રોજરોજ લોકો તારણ પામતા હતા.

(૩) પ્રે. કૃ. ૪:૪ તારણ પામેલાંની સંખ્યા પાંચ હજારની થઈ.

(૪) પ્રે. કૃ. ૫:૧૪ વધારે ને વધારે.

(૫) પ્રે. કૃ. ૬:૧, ૨ સંખ્યા વધતી જતી હતી.

(૬) પ્રે. કૃ. ૬:૭ સંખ્યા ઘણી વધી ગઈ.

(૭) પ્રે. કૃ. ૬:૭ ઘણા યાજકો પણ વિશ્વાસને આધીન થયા.

(૮) પ્રે. કૃ. ૮:૬, ૧૨ લોકોએ તેની (ફિલિપની) વાતો પર એક ચિત્તે ધ્યાન આપ્યું, અને પુરુષો તથા સ્ત્રીઓએ પણ બાપ્તિસ્મા લીધું.

(૯) પ્રે. કૃ. ૯:૩૧ મંડળીઓ દૃઢ થઈને વધતી ગઈ.

(૧૦) પ્રે. કૃ. ૯:૩૫ બધા રહેવાસીઓ પ્રભુ તરફ વળ્યા.

(૧૧) પ્રે. કૃ. ૯:૪૨ ઘણાએ પ્રભુ પર વિશ્વાસ કર્યો.

(૧૨) પ્રે. કૃ. ૧૧:૧૯-૨૧ ઘણા લોકો વિશ્વાસ કરીને પ્રભુ તરફ વળ્યા.

(૧૩) પ્રે. કૃ. ૧૧:૨૨-૨૪ ઘણા લોક પ્રભુની મંડળીમાં ઉમેરાયા.

(૧૪) પ્રે. કૃ. ૧૨:૨૪ ઈશ્વરની વાત પ્રસરતી અને વૃધ્ધિ પામતી ગઈ.

(૧૫) પ્રે. કૃ. ૧૪:૧ ઘણા જ યહૂદીઓએ તથા ગ્રીક લોકોએ વિશ્વાસ કર્યો.

(૧૬) પ્રે. કૃ. ૧૬:૫ મંડળીઓનો વિશ્વાસ દઢ થતો ગયો, તેઓની સંખ્યા રોજ રોજ વધતી ગઈ.

(૧૭) પ્રે. કૃ. ૧૭:૪ ઘણી આબરૂદાર ગ્રીક સ્ત્રીઓ સત્સંગમાં ભળી.

(૧૮) પ્રે. કૃ. ૧૭:૧૦–૧૨ તેઓ પૂરેપૂરા ઉમંગથી નિત્ય ધર્મશાસ્ત્રનું શોધન કરતા હતા, તેઓમાંના ઘણાએ વિશ્વાસ કર્યો.

(૧૯) પ્રે. કૃ. ૧૮:૮ આખા ઘરનાં માણસોએ વિશ્વાસ કર્યો અને બાપ્તિસ્મા પામ્યાં.

(૨૦) પ્રે. કૃ. ૧૯:૧૭–૨૦ પ્રભુની વાત પરાક્રમથી પ્રસરતી ગઈ ને પ્રબળ થઈ.

(૨૧) પ્રે. કૃ. ૧૯:૨૬ આખા આસિયામાં ઘણા લોકોનાં મન ફેરવાયાં. પ્રે. કૃ. ૧ પ્રમાણે ૧૨૦ પવિત્ર આત્મા મેળવવા મળ્યા હતા.

(૨૨) પ્રે. કૃ. ૨૧:૧૮–૨૦ પરંતુ ૨૧ અધ્યાયમાં જોઈએ છીએ કે હજારો વિશ્વાસીઓ થયા હતા.

**એક અગત્યનો પ્રશ્ન**

પવિત્ર આત્મા વિષે બાઈબલ અભ્યાસ કર્યા પછી આપણે પોતાને પૂછીએ, મારા પોતાના જીવનમાં પવિત્ર આત્માના પરાક્રમ વિષે હું કેટલું જાણું છું, જે મારફતે હું સાચો ખ્રિસ્તી થાઉં અને પવિત્ર આત્મા મારામાં કાર્ય કરે? શું મને તે કૃપાદાન મળ્યું છે? વાંચો પ્રે. કૃ. ૨:૩૮ અને ૧૯:૨.

૪. પવિત્ર આત્માથી હું પોતે કેવી રીતે ભરપૂર થઈ શકું? (પ્રે. કૃ. ૨:૪). પ્રભુ ઈસુ ખ્રિસ્ત વિષે કહેવામાં આવે છે કે તે બે બાબતો કરવા આ જગતમાં આવ્યા.

(૧) તે પોતાના લોકોને તેઓનાં પાપથી તારશે (માથ્થી ૧:૨૧).

(૨) તે પવિત્ર આત્માએ તથા અગ્નિએ તમારું બાપ્તિસ્મા કરશે (માથ્થી ૩:૧૧).

દરેક સાચા ખ્રિસ્તીમાં પવિત્ર આત્મા હોય છે. સાચો ખ્રિસ્તી એટલે જેનાં પાપ માફ કરવામાં આવ્યાં છે (કલોસી. ૧:૧૪) અને જેનો યોહાન ૩:૩ પ્રમાણે નવો જન્મ થયો છે. ૨ કરિંથી ૫:૧૭ પ્રમાણે ખ્રિસ્તમાં તે નવી ઉત્પત્તિ છે. જો કોઈને ખ્રિસ્તનો આત્મા નથી, તો તે ખ્રિસ્તનો નથી (રોમન. ૮:૯).

પ્રભુ ઈસુ ખ્રિસ્તનું જે બીજું કાર્ય છે તે પર વધુ વિચાર કરીએ. તે પવિત્ર આત્માએ તથા અગ્નિએ તમારું બાપ્તિસ્મા કરશે (માથ્થી ૩:૧૧). તો મારે પવિત્ર આત્મા મેળવવા શું કરવું જોઈએ?

(૧) ઈશ્વર સાથે તમારો સંબંધ સીધો કરો (૧ યોહાન ૧:૫–૯). તે ઉપરાંત તારા ભાઈ એટલે બીજાની સાથેનો સંબંધ પણ સીધો કરવો જોઈએ (માથ્થી ૫:૨૩–૨૪).

(૨) સાચી ઈચ્છા સાથે વિનંતિ કરીને માગો અને શોધો (લૂક ૧૧:૯–૧૩; ઉત. ૩૨:૨૪, ૨૬–૨૯).

(૩) પવિત્ર આત્માને વિશ્વાસથી સ્વીકારો (ગલાતી ૩:૧૪). ઈશ્વરનાં વચનોમાં વિશ્વાસ મૂકો (પ્રે. કૃ. ૨:૩૮, ૩૯).

(૪) ઈશ્વરની આજ્ઞાનું સંપૂર્ણપણે પાલન કરો (પ્રે. કૃ. ૫:૩૨). આપણા જીવનની નાનામાં નાની બાબતમાં ઈશ્વરની આજ્ઞા કોઈપણ કિંમતે માનવા તૈયાર રહો.

આવો આપણે નવી રીતે ઈશ્વરને શોધીએ અને તે તેમના પવિત્ર આત્મા દ્વારા આપણને શુધ્ધ કરી ભરપૂર કરશે (એફેસી ૫:૧૮).

# કષ્ટમય અઠવાડિયું

પ્રભુ ઈસુ ખ્રિસ્તના આ પૃથ્વી પરના છેલ્લા દિવસોમાં જે બનાવો બન્યા તેનું બાઈબલ વાચન અને કેટલીક જરૂરી નોંધ નીચે આપવામાં આવી છે. આગેવાનો તથા સભાજનોને તે અવશ્ય ઉપયોગી થશે.

યરૂશાલેમને માર્ગે (માથ્થી ૨૦:૧૭-૧૯)

**૧. ખજૂરીનો રવિવાર : ઈસ્ટર અગાઉનો રવિવાર.**

પ્રભુ ઈસુનો યરૂશાલેમમાં વિજયવંત પ્રવેશ. તે ઉપરાંત લોકો અને વિશેષ કરીને બાળકો તેમનું સ્વાગત કરે છે તે (માથ્થી ૨૧:૧-૧૬; માર્ક ૧૧:૧-૧૧; લૂક ૧૯:૨૮-૪૮; યોહાન ૧૨:૧૨-૧૯).

ઝખાર્યાહ ૯:૯માં જે ભવિષ્યવાણી ઉચ્ચારવામાં આવી હતી તે અહીં કેવી રીતે પૂરી થાય છે તે આપણે જોઈ શકીએ છીએ.

**નોંધ :** પૃથ્વી પરના છેલ્લા દિવસોમાં પ્રભુ ઈસુએ ઉપદેશ દ્વારા મંદિરમાં શિક્ષણ આપ્યું. આ લોકો આજુબાજુના ગામોમાંથી પર્વ ઉજવવા યરૂશાલેમમાં એકત્ર થયા હતા. રાતના સમયે તે તેમનાં મિત્રો લાજરસ, માર્થા અને મરિયમને ત્યાં બેથાનિયામાં જતા અથવા જૈતૂન પહાડ પર વિતાવતા (માથ્થી ૨૧:૧૭; માર્ક ૧૧:૧૧; લૂક ૧૯:૪૭; ૨૧:૩૭, ૩૮; ૨૨:૫૩).

**૨. સોમવાર :**

બેથાનિયાથી પાછા વળતાં એક અંજીરના ઝાડને પ્રભુ સુકવી નાખે છે. તેઓ મંદિરમાં શિક્ષણ આપે છે (માથ્થી ૨૧:૧૮-૪૬; માર્ક ૧૧:૧૨-૩૩; લૂક ૨૦ મો અધ્યાય).

**નોંધ :** છેલ્લા દિવસોમાં  પ્રભુ ઈસુએ જે બે ઝાડ વિષે શીખવ્યું તેની સરખામણી કરો. પહેલું ઝાડ અંજીરનું હતું, જેના પર ફળ ન હતાં, તેથી  તેને સુકવી નાખવામાં આપ્યું. ફળ ન હોવાથી તે બીનઉપયોગી હતું. આ વાત યહૂદી પ્રજાને, વિશેષ કરીને તેમના ધાંર્મિક આગેવાનોને લાગુ કરી શકાય. આ આગેવાનો લીલાં પાંદડાં જેવા હતા, તેઓ દેખાવ માટે ઘણું બધું કરતા, પરંતુ તેમના જીવનમાં જે ફળ હોવાં જોઈએ તે હતાં નહિ. ઝાડ વિષેની બીજી નોંધ યોહાન ૧૫:૧-૮ માં મળે છે. તેમના મૃત્યુ પહેલાંની રાતે તેઓ પોતાને ખરા દ્રાક્ષાવેલા તરીકે જણાવે છે, અને તેમના સાચા શિષ્યો ડાળીઓ સમાન છે.

**૩. મંગળવાર :**

આ દિવસ તેમણે મંદિરમાં લોકોને ઉપદેશ આપવામાં ગાળ્યો . આ દિવસો દરમિયાન પ્રભુએ પોતાની સગવડો અને આરામ વિષે જરાપણ ખ્યાલ કર્યો નથી. તેમનો એક જ ધ્યેય હતો કે લોકોની આંખો ખૂલે અને તેઓ વચનોનો સ્વીકાર કરે; પરંતુ લોકોએ તો તેમના શિક્ષણનો નકાર જ કર્યો (માથ્થી ૨૨:૧-૧૩).

યશાયાહ ૫૩:૧-૬, યોહાન ૧૨:૨૩-૫૦ અને હિબ્રૂ. ૧૨:૨ વાંચો.

(૧) યશાયા ૫૩:૧ને યોહાન ૧૨:૩૭, ૩૮ સાથે સરખાવો.

(૨) યોહાન ૧૨:૩૨, ૩૩ પ્રમાણે તેમનું જે ભયંકર મૃત્યુ થવાનું હતું તે પ્રભુ જાણતા હતા. તોપણ તેમને તે દ્વારા મહિમા મળનાર છે એવું તે જણાવતા હતા (યોહાન ૧૨:૨૩-૨૮). હિબ્રૂ. ૧૨:૨ માં જણાવ્યા પ્રમાણે આનંદને તુચ્છ ગણી તેઓ વધસ્તંભનું કારમું દુ:ખ સહન કરે છે.

(૩) યોહાન ૧૨:૪૪-૫૦ માં તેમના ગંભીર શબ્દો જોવા મળે છે. મૃત્યુ પહેલાં છેલ્લો સમય તેઓ શિષ્યો સાથે ગાળે છે.

**૪. બુધવાર:**

સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે આ દિવસ પ્રભુ ઈસુએ મંદિરમાંથી

નીકળ્યા પછી પોતાનાં મિત્રોને ત્યાં બેથાનિયામાં ગાળ્યો. માથ્થી ૨૪:૧ અને ૨૪ તથા ૨૫ અધ્યાયોમાં જે શિક્ષણ આપે છે તે ત્યારે આપવામાં આવ્યું હોય તેવો મોટા ભાગના વિદ્વાનોનો અભિપ્રાય છે (માથ્થી ૨૬:૬).

તે દરમિયાન જે યહૂદી પર્વો આ દિવસોમાં યરૂશાલેમમાં પાળવામાં આવતાં હતાં તેનું મહત્વ જોઈએ. તે પર્વો દરમિયાન જ પોતાનું મૃત્યુ થાય એવું તેમણે પસંદ કર્યું (માર્ક. ૧૪:૧).

## પાસ્ખાપર્વ અને બેખમીર રોટલીનું પર્વ

નિર્ગમન ૧૨:૧-૨૮ વાંચો. કલમ ૫માં આપણે જોઈએ છીએ કે મારી નાખવામાં આવનાર હલવાન એબરહિત હોવું જોઈએ. તે ઉપરાંત ઈસ્ત્રાએલની આખી મંડળીએ તેને કાપવું જોઈએ (કલમ ૬). હલવાનનું રકત બારસાખો પર છાંટવું (કલમ ૭). આનો અર્થ કે જે લોકો ઘરમાં હોય તેમનો બચાવ થાય (કલમ ૧૩). વર્ષોથી આ પર્વ યહૂદી લોકો પાળતા આવ્યા છે. માર્ક ૧૪:૧માં લખાયા પ્રમાણે તે સમયે ઘણાં હલવાનો ભેગાં કરવામાં આવ્યાં હોવાં જોઈએ. આ બધાંની વચ્ચે પ્રભુ ઈસુ ખ્રિસ્તપોતે ઈશ્વરનું એક હલવાન છે તે જાહેર કરે છે (યોહાન ૧:૨૯). આ બલિદાન આખા જગતનાં પાપનું પ્રાયશ્ચિત છે (૧ યોહાન ૨:૨).

૫. ગુરૂવાર :

**આ દિવસે ઘણી બીનાઓ બની :**

(૧) છેલ્લું ભોજન : પ્રભુ ઈસુએ જેનું પવિત્ર પ્રભુ ભોજન તરીકે લોકો માટે નિર્માણ કર્યું (માથ્થી ૨૬:૨૬-૨૮; માર્ક ૧૪:૨૨-૨૫; લૂક ૨૨:૧૪-૨૦; ૧ કરિંથી ૧૧:૨૩-૨૬).

(૨) પ્રભુ ઈસુ શિષ્યોના પગ ધૂએ છે (યોહાન ૧૩:૧-૧૭).

(૩) પોતાના શિષ્યો સાથે પ્રભુની લાંબી વાતચીત (યોહાન ૧૩, ૧૪, ૧૫, ૧૬ અધ્યાયો).

(૪) શિષ્યો માટે પ્રભુની છેલ્લી પ્રાર્થના (યોહાન ૧૭ મો અધ્યાય).

(૫) ગેથશેમાને બાગમાંનું તેમનું કષ્ટ અને પ્રાર્થના (માથ્થી ૨૬:૩૬–૪૬; માર્ક ૧૪:૩૨–૪૨; લૂક ૨૨:૩૯–૪૬).

(૬) યહૂદા પ્રભુ ઈસુ ખ્રિસ્તને દગો દે છે અને મુખ્ય યાજકના ત્યાં ન્યાય માટે લઈ જવાયા (માથ્થી ૨૬:૪૭–૬૮; માર્ક ૧૪:૪૩–૬૫; લૂક ૨૨:૪૭–૭૧; યોહાન ૧૮:૧–૧૪).

(૭) પિતરનો નકાર (માથ્થી ૨૬:૬૯–૭૫; માર્ક ૧૪:૬૬–૭૨; લૂક ૨૨:૩૧–૩૪, ૫૪–૬૨; યોહાન ૧૮:૧૫–૨૭).

**૬. ભલો શુક્રવાર : (વહેલી સવારથી લઈને આખા દિવસના બનાવો )**

(૧) પ્રભુ ઈસુ ખ્રિસ્ત પર આરોપો મુકવામાં આવ્યા. તેમને રોમન હાકેમ પૉંતિયસ પિલાત પાસે લઈ જવામાં આવ્યા (માથ્થી ૨૭:૧–૨૩; માર્ક ૧૫:૧–૧૪; લૂક ૨૩:૧–૫; યોહાન ૧૮:૨૮–૪૦; ૧૯:૧–૧૫).

(૨) વધુ ન્યાયચૂકાદા માટે ઈસુને હેરોદ પાસે લઈ જવામાં આવ્યા (લૂક ૨૩:૬–૧૧).

(૩) હેરોદ ઈસુને ફરીથી પિલાત પાસે મોકલે છે (માથ્થી ૨૩:૧૧).

(૪) આખરે પિલાત પ્રભુ ઈસુને મોતની સજા ફરમાવે છે (માથ્થી ૨૭:૨૪–૨૬; માર્ક ૧૫:૧૫; લૂક ૨૩:૨૩, ૨૪; યોહાન ૧૯:૧૬).

(૫) પ્રભુ ઈસુને વધસ્તંભે જડવામાં આવે છે. તેઓ મૃત્યુ પામે છે અને તેમને કબરમાં દાટવામાં આવે છે (માથ્થી ૨૭:૩૫–૬૦; માર્ક ૧૫:૨૪–૪૭; લૂક ૨૩:૩૩–૫૩; યોહાન ૧૯:૧૭–૪૨).

**જૂના કરારની જે ભવિષ્યવાણીઓ પૂરી થઈ તે.**

જુઓ યશાયાહ અધ્યાય ૫૩.

(૧) કલમ ૭ "તેમણે નમ્ર થઈને પોતાનું મોં ઉઘાડ્યું નહિ..." તેમના ન્યાયચૂકાદાના સમયે તેમણે કશો ઉત્તર આપ્યો નહિ (માથ્થી ૨૭:૧૨, ૧૪; લૂક ૨૩:૯; યોહાન ૧૯:૯,૧૦).

(૨) કલમ ૯ "તેમની કબર દુષ્ટોની ભેગી ઠરાવેલી હતી... તે દ્રવ્યવાનની સંઘાતે હતા" (માથ્થી ૨૭:૫૭–૬૦).

(૩) કલમ ૧૨ "તે અપરાધીઓમાં ગણાયા". તેમને બે ચોર સાથે વધસ્તંભે જડવામાં આવ્યા (લૂક ૨૩:૩૨,૩૩; પ્રકટીકરણ ૭:૯–૧૭ જુઓ જે ભલા શુક્રવારના પરિણામનો એક ભાગ હતો)

**૭. શનિવાર: (યહૂદી સાબ્બાથવાર)**
**પ્રભુના મિત્રો અને દુશ્મનોએ શું કર્યું ?**

(૧) તેમના દુશ્મનોએ કબર પર મહોર મારી અને સિપાઈઓએ કબર પર જાપ્તો રાખ્યો .

(૨) તેમના મિત્રો–સ્ત્રીઓએ તેમના મૃત શરીર પર લગાડવા સુગંધી દ્રવ્યો તૈયાર કર્યાં (લૂક ૨૩:૫૪–૫૬).

**૮. ઈસ્ટર રવિવાર: પુનરુત્થાનનો દિવસ**

(૧) પ્રભુ ઈસુ ખ્રિસ્ત મૃત્યુમાંથી સજીવન થયા (માથ્થી ૨૮:૬).

(૨) પથ્થરને ગબડાવી મૂકવામાં આવ્યો હતો (માર્ક ૧૬:૪ અને કબર ખાલી હતી માથ્થી ૨૮:૬).

(૩) મરિયમ માગદાલેણે પ્રભુ ઈસુને સજીવન જોયા (માર્ક ૧૬:૯; યોહાન ૨૦:૧૪–૧૮).

(૪) પ્રભુ ઈસુ ખ્રિસ્તને માર્ગમાં બીજી સ્ત્રીઓ મળી (માથ્થી ૨૮:૫, ૯).

(૫) પિતરે ઈસુ ખ્રિસ્તને જોયા (લૂક ૨૪:૩૪).

(૬) એમ્મોસ જતા બે શિષ્યોની સાથે ઈસુ જોડાય છે (લૂક ૨૪:૧૩–૩૦).

(૭) પુનરૂત્થાનના દિવસે સાંજના પ્રભુ ઈસુ બીજા શિષ્યોને દેખા દે છે (લૂક ૨૪:૩૬–૪૩; યોહાન ૨૦:૧૯–૨૪; વધુમાં માથ્થી ૨૮; માર્ક ૧૬:૧–૧૬; લૂક ૨૪:૧–૪૯; યોહાન ૨૦, ૧ કરિંથી ૧૫:૩–૭, ૧૨–૨૦ વાંચો).

ખાસ યાદ રાખો કે પુનરૂત્થાનના આ દિવસને પ્રભુનો દિવસ કહેવામાં આવ્યો. શનિવાર જે અઠવાડિયાનો છેલ્લો દિવસ છે તે યહૂદીઓ માટે આજે પણ સાબ્બાથવાર તરીકે ઉજવવામાં આવે છે. જ્યારે ખ્રિસ્તીઓ માટે અઠવાડિયાનો પહેલો દિવસ રવિવાર તે પુનરૂત્થાનના દિવસને કારણે પ્રભુના દિવસ તરીકે પાળવામાં આવે છે.

**ઈસ્ટર પછીનો સોમવાર**

વાંચો ૧ કરિંથી ૧૫:૨૦–૨૬, ૫૫–૫૮; કલોસી ૩:૧–૪.

# બાઈબલમાંથી મોઢે કરવાનાં ૩૬ સોનેરી વચનો

## શોધકો માટેનાં ૧૨ વચનો

૧. સઘળાંએ પાપ કર્યું છે, અને ઈશ્વરના મહિમા વિષે સઘળા અધૂરાં રહે છે (રોમન ૩:૨૩).

૨. પાપનો મુસારો મરણ છે, પણ આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તને આશરે ઈશ્વરનું કૃપાદાન અનંતજીવન છે (રોમન ૬:૨૩).

૩. ઈશ્વરે જગત પર એટલી પ્રીતિ કરી કે તેમણે પોતાનો એકાકીજનિત દીકરો આપ્યો, એ સારૂ કે જે કોઈ તેમના પર વિશ્વાસ કરે તેનો નાશ ન થાય, પણ તે અનંતજીવન પામે (યોહાન ૩:૧૬).

૪. ખોવાયેલું શોધવા તથા તારવા સારૂ માણસનો દીકરો આવ્યો છે (લૂક ૧૯:૧૦).

૫. આપણે જ્યારે પાપી હતા, ત્યારે ખ્રિસ્ત આપણે સારૂ મરણ પામ્યા (રોમન ૫:૮).

૬. ઓ વૈતરૂ કરનારાઓ તથા ભારથી લદાયેલાઓ, તમે સઘળા મારી પાસે આવો, ને હું તમને વિસામો આપીશ (માથ્થી ૧૧:૨૮).

૭. બીજા કોઈથી તારણ નથી; કેમ કે જેથી આપણું તારણ થાય એવું બીજું કોઈ નામ આકાશ તળે માણસોમાં આપેલું નથી (પ્રે. કૃ. ૪:૧૨).

૮. આપણે સર્વ ઘેટાંની પેઠે ભટકી ગયાં છીએ, દરેક પોતપોતાને માર્ગે વળી ગયો છે, અને યહોવાહે તેમના પર આપણા સર્વના પાપનો ભાર મૂક્યો છે (યશાયા ૫૩:૬).

૯. જે મારી પાસે આવે છે તેને હું કાઢી નહિ જ મૂકીશ (યોહાન ૬:૩૭).

૧૦ જે માણસ પોતાનાં ઉલ્લંઘનો છુપાવે છે તેની આબાદી થશે નહિ; પણ જે કોઈ તેમને કબૂલ કરીને તેનો ત્યાગ કરે છે, તેઓ પર દયા કરવામાં આવશે (નીતિવચન ૨૮:૧૩).

૧૧. તમે પહેલાં તેમના રાજ્યને તથા તેમના ન્યાયીપણાને શોધો, એટલે એ બધાં વાનાં પણ તમને અપાશે (માથ્થી ૬:૩૩).

૧૨. કેમ કે જો માણસ આખું જગત મેળવે, ને પોતાના જીવની હાનિ પામે, તો તેને શો લાભ થાય? (માર્ક. ૮:૩૬).

## ખ્રિસ્તીઓ (વિશ્વાસુઓ) માટેનાં ૧૨ વચનો

૧. જેઓ મને પ્રભુ, પ્રભુ કહે છે, તેઓ સર્વ આકાશના રાજ્યમાં પેસશે એમ તો નહિ, પણ જેઓ મારા આકાશમાંના બાપની ઈચ્છા પ્રમાણે કરે છે તેઓ જ પેસશે (માથ્થી ૭:૨૧).

૨. માટે માણસોની આગળ જે કોઈ મને કબૂલ કરશે, તેને હું પણ મારા આકાશમાંના બાપની આગળ કબૂલ કરીશ. પણ માણસોની આગળ જે કોઈ મારો નકાર કરશે, તેનો નકાર હું પણ મારા આકાશમાંના બાપની આગળ કરીશ (માથ્થી ૧૦:૩૨, ૩૩).

૩. જેમ તે પ્રકાશમાં છે, તેમ જો આપણે પ્રકાશમાં ચાલીએ, તો આપણને એકબીજાની સાથે સંગત છે, અને તેમના પુત્ર ઈસુનું રકત આપણને સઘળાં પાપથી શુધ્ધ કરે છે (૧ યોહાન ૧:૭).

૪. જ્યારે લોક તમારી નિંદા કરશે ને પૂઠે લાગશે, ને મારે લીધે તમારી વિરૂધ્ધ તરેહ તરેહની ભૂંડી વાત અસત્યતાથી કહેશે, ત્યારે તમને ધન્ય છે. તમે આનંદ કરો તથા ઘણા હરખાઓ, કેમ કે આકાશમાં તમારો બદલો મોટો છે (માથ્થી ૫:૧૧, ૧૨).

૫. પ્રભુ તારા ઈશ્વર પર તું તારા પૂરા હૃદયથી ને તારા પૂરા જીવથી, ને તારા પૂરા

મનથી પ્રીતિ કર. પહેલી ને મોટી આજ્ઞા એ છે. અને બીજી આજ્ઞા એના જેવી જ છે, એટલે જેવી પોતા પર તેવી પોતાના પડોશી પર તું પ્રીતિ કર (માથ્થી ૨૨:૩૭-૩૯).

૬. હવે રીસ, ક્રોધ, અદાવત, નિંદા, તમારા મુખમાંથી નીકળતાં બીભત્સ વચન એ સર્વ તજી દો. એકબીજાની સાથે જૂઠું ન બોલો (કલોસી ૩:૮, ૯).

૭. ઈશ્વર વિશ્વાસુ છે, તે તમારી શકિત ઉપરાંત પરીક્ષણ તમારા પર આવવા દેશે નહિ, પણ તે સહન કરી શકો , માટે પરીક્ષણ સાથે છૂટકારાનો માર્ગ પણ રાખશે (૧ કરિંથી ૧૦:૧૩).

૮. જો તમે ભૂંડા છતાં તમારાં છોકરાંને સારાં દાન આપી જાણો છો, તો આકાશમાંના બાપની પાસેથી જેઓ માગે, તેમને તે પવિત્ર આત્મા આપશે, તે કેટલું ખાતરીપૂર્વક છે? (લૂક ૧૧:૧૩).

૯. ખ્રિસ્તના પ્રેમથી આપણને કોણ જુદા પાડશે? શું વિપત્તિ, કે વેદના, કે સતાવણી, કે દુકાળ, કે નગ્નતા, કે જોખમ, કે તરવાર? (રોમંન ૮:૩૫).

૧૦ હું તો દ્રાક્ષાવેલો છું, ને તમે ડાળીઓ છો, જે મારામાં રહે છે, અને હું તેનામાં તે જ ઘણાં ફળ આપે છે; કેમ કે મારાથી નિરાળા રહીને તમે કંઈ કરી શકતા નથી (યોહાન ૧૫:૫).

૧૧. જ્યાં બે અથવા ત્રણ મારે નામે એકઠા થયેલા હોય ત્યાં તેઓની વચમાં હું છું (માથ્થી ૧૮:૨૦).

૧૨. આખા જગતમાં જઈને આખી સૃષ્ટિને સુવાર્તા પ્રગટ કરો (માર્ક ૧૬:૧૫).

## બાળકો માટેનાં ૧૨ વચનો

૧. બાળકોને મારી પાસે આવવા દો, ને તેઓને વારો મા, કેમ કે ઈશ્વરનું રાજ્ય એવાંઓનું છે (માર્ક ૧૦:૧૪).

૨. હું ઉત્તમ ઘેટાંપાળક છું; ઉત્તમ ઘેટાંપાળક ઘેટાંને સારૂ પોતાનો જીવ આપે છે (યોહાન ૧૦:૧૧).

૩. મનમાં જેઓ શુધ્ધ છે તેઓને ધન્ય છે; કેમ કે તેઓ ઈશ્વરને જોશે (માથ્થી ૫:૮).

૪. હે ઈશ્વર, મારામાં શુધ્ધ હૃદય ઉત્પન્ન કરો (ગી. શા. ૫૧:૧૦).

૫. સર્વ દુ:ખથી યહોવાહ તારૂં રક્ષણ કરશે, તે તારા આત્માની સંભાળ રાખશે (ગી. શા. ૧૨૧:૭).

૬. માગો તો તમને અપાશે; શોધો તો તમને જડશે; ઠોકો તો તમારે સારૂ ઉઘાડાશે (માથ્થી ૭:૭).

૭. જો તમે માણસોને તેઓના અપરાધ માફ કરો, તો તમારા આકાશમાંના બાપ તમને પણ માફ કરશે, પણ જો તમે માણસોને તેઓના અપરાધ માફ નહિ કરો, તો તમારા બાપ તમારા અપરાધ પણ માફ નહિ કરશે (માથ્થી ૬:૧૪, ૧૫).

૮. શેતાનની સામા થાઓ એટલે તે તમારી પાસેથી નાસી જશે (યાકૂબ ૪:૭).

૯. તમે તમારૂં અજવાળું લોકોની આગળ એવું પ્રકાશવા દો, કે તેઓ તમારી રૂડી કરણીઓ જોઈને આકાશમાંના તમારા બાપની સ્તુતિ કરે (માથ્થી ૫:૧૬).

૧૦. જો તમે મારા પર પ્રેમ રાખો છો તો મારી આજ્ઞાઓ પાળશો (યોહાન ૧૪:૧૫).

૧૧. જાગતા રહો અને પ્રાર્થના કરો, કે તમે પરીક્ષણમાં ન પડો (માર્ક ૧૪:૩૮).

૧૨. મારા બાપના ઘરમાં રહેવાનાં ઠેકાણાં ઘણાં છે, નહિ તો હું તમને કહેત; કેમ કે હું તમારે માટે જગા તૈયાર કરવાને જાઉં છું. અને જો હું તમારે માટે જગા તૈયાર કરીશ, તો હું પાછો આવીશ, અને તમને મારી પાસે લઈ જઈશ; જેથી જ્યાં હું છું ત્યાં તમે પણ રહો (યોહાન ૧૪:૨, ૩).

# નવી અને ગ્રામ્ય મંડળીઓ માટે કેટલીક સાદી પ્રાર્થનાઓ:

## પુખ્ત ઉંમરના માટે દરરોજની પ્રાર્થના

હે સ્વર્ગમાંના અમારા પિતા, તમારા સર્વ પ્રેમ અને કૃપા માટે હું તમારો આભાર માનું છું. મારાં સઘળાં પાપ માફ કરો. આખો દિવસ મારી સાથે રહો અને પાપ કરવાથી મને દૂર રાખો. સાચા ખ્રિસ્તી તરીકે જીવન જીવવા તમારો પવિત્ર આત્મા મને આપો.

બીજાઓને હું તમારી પાસે લાવી શકું માટે મારી સહાય કરો. મારા કુટુંબ પર તમારો આશીર્વાદ આવવા દો અને અમને બધાંને તમારી નજીક રાખો. મારા ગામના વધુ લોકો તમને ઓળખી સાચા વિશ્વાસુઓ બને એવું થવા દો.

એક બીજા પર સાચો પ્રેમ કરીએ માટે અમારી સહાય કરો.

પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં માગીએ છીએ . આમીન.

## બાળકો માટે પ્રાર્થનાઓ.

### સવારની પ્રાર્થના

ઓ પ્રભુ ઈસુ, રાત્રી દરમિયાન મારી સંભાળ રાખવા માટે તમારો આભાર માનું છું. આખો દિવસ મારી સાથે રહો અને મને સર્વ પ્રકારનાં પાપોથી દૂર રાખો. મને સારૂં બાળક બનાવો; હું જે કાંઈ કરૂં તેમાં મારી મદદ કરો અને મને તમારો આશીર્વાદ આપો. પ્રભુ ઈસુ ખ્રિસ્તના નામમાં માગું છું . આમીન.

### સાંજની પ્રાર્થના

હે સ્વર્ગમાંના અમારા પિતા, દિવસ દરમિયાન મારી સંભાળ રાખી માટે હું તમારો આભાર માનું છું. મારાથી આજે જાણે અજાણે જે કાંઈ પાપ થયાં હોય તેની મને માફી આપી તમારા આશીર્વાદથી ભરપૂર કરો. મારાં માબાપ, ભાઈઓ, બહેનો અને બધાં સગાંને તમારી આશિષ આપો. રાત્રી દરમિયાન સારી ઊંઘ

આપી મારૂં રક્ષણ કરો. પ્રભુ ઈસુને નામે માગું છું. આમીન.

પ્રભુએ શીખવેલી પ્રાર્થના તેઓ સવાર અને સાંજ બોલે માટે ઉત્તેજન આપવું.

**ભોજન પહેલાંની પાર્થના (કુટુંબ માટે)**

ઓ પ્રભુ, આ ખોરાક પર તમારો આશીર્વાદ આવવા દો. અમે તે ખાઈએ અને જરૂરી શારીરિક અને આત્મિક બળ મેળવી તમારી સેવા કરીએ. જેમ અમને તમે ખોરાક આપો છો તેમ સર્વને જરૂરી ખોરાક પૂરો પાડો. પ્રભુ ઈસુના નામમાં. આમીન.

**ભોજન પછીની પ્રાર્થના**

હે ઈશ્વર, આ ખોરાક માટે અને સર્વ તમારા આશીર્વાદો માટે અમે તમારાં આભારી છીએ. ખ્રિસ્ત ઈસુમાં માગીએ છીએ. આમીન.

**બાઈબલ વાચન પહેલાંની પ્રાર્થના**

તમારા નિયમશાસ્ત્રની આશ્ચર્યકારક વાતોનું અવલોકન કરવા માટે મારી આંખો ઊઘાડો (ગી. શા. ૧૧૯:૧૮).

અમારી એ વિનંતિ છે કે સભાજનો પ્રભુમંદિરમાં પોતાની સાથે બાઈબલ અવશ્ય લાવે અને ભજનસંગ્રહમાં નું ગીત ૫૪૨ સાથે ગાય (તે સમયે જમણા હાથમાં બાઈબલ રાખીને હાથ ઉંચો કરી ગાઓ).

કેવો અદ્દભુત, ભંડાર આ,
દેવનું અવાચ્ય દાન આ,
બંને સાથે ફરીશું
મારૂં બાઈબલ ને હું.

**ભજન સેવા શરૂ કરતાં પહેલાંની પ્રાર્થના**

હે યહોવાહ, મારા ખડક તથા મને ઉધ્ધારનાર, મારા મુખના શબ્દો તથા મારા હૃદયના વિચારો તમારી આગળ માન્ય થાઓ (ગી. શા. ૧૯:૧૪).

**ઉધ્ધાર એટલે કે તારણ શોધનારની પ્રાર્થના**

ઓ પ્રભુ ઈસુ ખ્રિસ્ત, પાપને કારણે મલિન થયેલ મારા હૃદયને તમે લો. તમે વહેવડાવેલા રકતમાં મને ધૂઓ અને મને શુધ્ધ એટલે ઉજળો કરો. મને તમારો બનાવો. પ્રભુ ઈસુ ખ્રિસ્તના મહાન નામમાં હું માગું છું. આમીન.

**નોંધ:** આ સાદી પ્રાર્થનાઓ જેઓને પ્રાર્થના કરતાં બરાબર આવડતું ન હોય તેમને મદદરૂપ થવા દોરવણીરૂપ છે. અમે આશા રાખીએ છીએ કે નવા વિશ્વાસુઓને પોતાના શબ્દોમાં જેટલું બને તેટલું વહેલું પ્રાર્થના કરવા આગેવાન ઉત્તેજન આપશે.

# ગીતોનું સાંકળિયું


| વાર્તા | ગીત | ભ.સં. ગીત નં. |
|---|---|---|
| ૧. | આવો આપણે સહુ ગાઈએ | ૨૪ |
| ૨. | મુજ પાપના ડાઘ ધોશે કોણ | ૨૮૦ |
| ૩. | આવી આનંદી નાતાલ | ૨૯ |
| ૪. | ઘેર વળો રે ઘેર વળો | ૨૩૫ |
| ૫. | આવો જગના લોક સઘળા | ૨૬૭ |
| ૬. | સૂણો સૂણો ત્રાતાની આ વાત જો | ૨૪૪ |
| ૭. | મારો પાળક દેવ છે | ૧૮ |
| ૮. | મહાન વૈદ પાસ છે, દયા ભરેલ ઈસુ | ૨૪૮ |
| ૯. | જે હાથ પૂર્વે શકિતમાન હતો | ૩૯૬ |
| ૧૦. | આકાશમાં મારો છે મુકામ | ૪૧૮ |
| ૧૧. | જુઓ આ થંભને ધારી રે | ૧૧૦ |
| ૧૨. | ઈસુ જે બાળનો તારણહાર | ૪૯૫ |
| ૧૩. | સ્વર્ગ ભુવન મારૂં વહાલું ભુવન હાં | ૪૧૧ |
| ૧૪. | હું તો પાપી દીન બિચારો | ૨૭૭ |
| ૧૫. | જીવનદાતા પવિત્ર આત્મા | ૨૧૧ |
| ૧૬. | પ્રાર્થ કરો સહુ ખ્રિસ્ત જનો | ૩૧૭ |
| ૧૭. | ધીરો મીઠો પ્રેમી અવાજ | ૨૭૬ |
| ૧૮ | શુભ દિન આદિતવાર | ૪૧ |
| ૧૯. | આપો પ્રભુને આનંદે | ૩૪૫ |
| ૨૦. | દશ કુમારિકાઓ નીકળી | ૧૪૨ |

| | | |
|---|---|---|
| ૨૧. | મારો ખ્રિસ્ત પ્રભુજી આવશે ર | ૧૩૮ |
| ૨૨. | રાખજો દીવા સળગતા રાખજો ર | ૩૯૨ |
| ૨૩. | સાચું સદાય બોલતાં ખોટું કર તું દૂર | ૪૮૩ |
| ૨૪. | પ્રેમ ઈસુનો છે અવિનાશી | ૧૭૫ |
| ૨૫. | હોડી હંકારો, નાવિક, મારી | ૪૦૦ |
| ૨૬. | હે સતસ્વામી સતના બેલી | ૩૧૮ |
| ૨૭. | દેવે નરનારીનું જોડું જોડિયું | ૪૩૪ |
| ૨૮. | ખ્રિસ્ત તો આવશે | ૧૪૦ |
| ૨૯. | પરમેશ્વર બોલાવે, આવો રે | ૨૬૮ |
| ૩૦. | તન, મન, ધન, પ્રભુ તુજ ચરણે | ૩૨૯ |
| ૩૧. | આત્મિક શણગાર સજો, વિરલા રે | ૩૮૬ |

# ૨૪ આવો, આપણે યહોવાની આગળ ગાઈએ

*૮, ૬ સ્વરો*
**Tune : Evan or Ortonville**

## વાર્તા - ૧
## (ગીતશાસ્ત્ર ૯૫)

*કર્તા : ચાર્લ્સ વેસ્લી. ૧૭૦૭-૮૮*
*અનુ. : એમ. ઝેડ. ઠાકોર*

૧ આવો, આપણે સહુ ગાઈએ, ઈશ્વર સ્તુતિનાં ગાન,
રે, ભાવે ભેળાં થાઈએ, ને તેને દઈએ માન.

૨ તેની સમીપ સહુ નમીએ, આભાર ને સ્તુતિ સાથ,
બહુ માનથી તેને ભજીએ, તે છે પવિત્ર નાથ.

૩ ઈશ્વર છે મહા ગૌરવવાન, સહુ ભૂપ તણો તે ભૂપ,
સહુ દેવોથી તે શક્તિમાન, તેના ગુણ છે અનુપ.

૪ તેના હાથમાં જગનાં ઊંડાણ, તેનો તે છે સૃજનાર,
ગિરિ-શિખરો તેનાં જાણ, જગનો તે પાલનહાર.

૫ મા'સાગર તેણે બનાવ્યા, ને તેમને આપી હદ,
કોરી ભોંય પર જન વસાવ્યાં, તેનો પ્રેમ છે બેહદ.

૬ આવો, શીશ નામી ભજીએ, ઈશ્વરકર્તાની પાસ,
તેના ચારાના લોક છીએ, ને તેનાં ઘેટાં ખાસ.

* * *

# ૨૮૦ ઈસુનું રુધિર

*૭, ૮, ૭, ૮ સ્વરો*
*"What can wash away my stain"*
**Tune : S. S. 338**

## વાર્તા-૨

*કર્તા : આર. લાઉરી*
*અનુ. : કા. મા. રત્નગ્રાહી*

૧ મુજ પાપના ડાઘ ધોશે કોણ ? ઈસુનું રુધિર છે વ્હેતું;
મુજને સાજો કરશે કોણ ? ઈસુનું રુધિર છે વ્હેતું.

*ટેક : અમૂલ્ય છે ખરે, શ્વેત બરફ સમ કરે;*
*અન્ય ઝરો ન મળે, ઈસુનું રુધિર છે વ્હેતું.*

૨ શુદ્ધ કરનારું જોઉં એ જ, ઈસુનું રુધિર છે વ્હેતું;
મુજ માફીનો ઉત્તર તે જ, ઈસુનું રુધિર છે વ્હેતું.

૩ બીજાથી પાપ દૂર ન થાય, ઈસુનું રુધિર છે વ્હેતું;
મુજ પાસે નહિ સુકૃત કાંય, ઈસુનું રુધિર છે વ્હેતું.

૪ મુજ શાંતિ ને આશા એ જ, ઈસુનું રુધિર છે વ્હેતું;
મારું ન્યાયીપણું પણ તે જ, ઈસુનું રુધિર છે વ્હેતું.

***

## ૬૯ આવી આનંદી નાતાલ

*ગરબીનો ઢાળ (તાલ : કેહરવા)*
*(મારા પ્રાણપ્રિય ઈસુ - એ રાગ)*

### વાર્તા-૩

*કર્તા : કા. મા. રત્નગ્રાહી*

*ટેક : આવી આનંદી નાતાલ, જન્મ્યો ખ્રિસ્ત, પ્રભુ, ભૂપાળ.*

૧ રાજાઓનો રાજા અને સૃષ્ટિનો સૃજનાર;
સ્વર્ગી ગૌરવ મૂકી લીધો માનવનો અવતાર. આવી.

૨ જગસ્વામીએ જગ પર કીધી ભારે અદ્ભુત મ્હેર;
કન્યા મરિયમ પેટે જન્મ્યો દાઊદ કેરે શહેર. આવી.

૩ દૂતો શ્વેતાંબર પહેરેલા આકાશે દેખાય;
મનહર સુંદર રાગે તેઓ ખ્રિસ્ત જયંતી ગાય. આવી.

૪ હે જગવાસી, જાગૃત થાજો હર્ષે ગાઓ ગાન;
તમ કાજે આ છે શુભ વાર્તા, સુણો દઈને ધ્યાન. આવી.

૫ તારે કાજે, મારે કાજે, સૌ માનવને કાજ;
શુભ વાર્તા આ સૌને કાજે, જન્મ્યો ત્રાતા આજ. આવી.

૬ હે જગવાસી, હર્ષ કરીને દો ત્રાતાને માન;
જન્મેલા રાજાનાં ગાઓ જય જય કરતાં ગાન. આવી.

૭ આવ્યો છે એ જગને કાજે, છોડી સ્વર્ગી ધામ;
ગૌરવના રાજાને આપો, મનડાં માંહે ઠામ. આવી.

૮ ગભાણે પોઢેલો તે પણ રહેવા દો નહિ ત્યાંય;
આપો હૈયું રહેવા તેને, રહેશે સ્વર્ગી રાય. આવી.

૯ ઉરે ખ્રિસ્ત રહે તો પૂરી શાંતિ, આનંદ થાય;
ખ્રિસ્ત જયંતી સુખકર થાશે, દુઃખડાં સર્વ જાય. આવી.

* * *

## ૨૩૫ ઘેર વળો, ભટકેલા !

*વિક્રાંત*

*કર્તા : જે. વી. એસ. ટેલર*

### વાર્તા-૪

*ટેક : ઘેર વળો, રે, ઘેર વળો, સહુ જે ભટકેલા;*
*ઘેર વળો, તમ જે જગમાં, ખાધાં દુઃખ, ઠેલા.*

૧ કાં ઘર મૂકી તો હમણાં તમ દૂર ફરો છો ?
દોષ તણું જ્યમ દુઃખ વધે ત્યમ કાજ કરો છો ? ઘેર.

૨ ઈસુ તો તેડ્યાં જ કરે બહુ પ્રેમ કરીને;
મોત સહ્યું નિજ પ્રેમ થકી વધસ્તંભ ધરીને. ઘેર.

૩ આત્માનો અવાજ ખરે સામર્થ્ય ભરેલો;
પ્રેમ થકી તે બોધ કરે, હમણાં ફર વહેલો. ઘેર.

૪ મંડળી તે પણ 'આવ' કહી બહુ આશ જણાવે;
ચાહના બહુ દેખાડી તને તુજ ભાવ મનાવે. ઘેર.

૫ જ્ઞાન કહે, તમ સર્વ જણો, તજજો મન ઘેલું;
વાર વિલંબ કરે મરશો, લો સત્ય કહેલું. ઘેર.

૬ મોત થયે નહિ માફ પછી, ન પછી ફરવાનું;
આ જગના દિન અલ્પ ઘણા, એમાં તરવાનું. ઘેર.

***

## ૨૬૭ આમંત્રણ

*કર્તા : ધીરજલાલ એસ. ગુર્જર*

### વાર્તા-૫

*ટેક : આવો જગના લોક સઘળા, ઈસુ રાજા બોલાવે છે.*

૧ જેનું જગમાં માન નહિ કાંઈ, જેનું જગમાં સ્થાન નહિ કાંઈ,
તેને નામે રાજ્ય લેવા - ઈસુ રાજા બોલાવે છે.

૨ શિરે કંટક તાજ નિશાની, છાપ હજી છે કૂખ વીંધ્યાની;
વીંધાયેલા હાથ પ્રસારી - ઈસુ રાજા બોલાવે છે.
૩ આવો, ભાઈ, આવો, બહેની, આવી કરને પારખ તેની;
તારા સઘળા ભાર ઊંચકવા - ઈસુ રાજા બોલાવે છે.

* * *

## ૨૪૪ તારણના ભોજનમાં સૌને નોતરો

રાગ : ગરબી

કર્તા : કા. મા. રત્નગ્રાહી

### વાર્તા-૬

૧ સુણો, સુણો ત્રાતાની આ વાત જો; તારણના ભોજનમાં સૌને નોતરો.

૨ ફરજો, ફરજો ગુર્જર દેશે, ભ્રાત જો; તારણના ભોજનમાં સૌને નોતરો.

૩ જાજો, જાજો શહેરો ને સહુ ગામ જો; તારણના ભોજનમાં સૌને નોતરો.

૪ જઈ રસ્તે, ચકલે ને સર્વ ઠામ જો; તારણના ભોજનમાં સૌને નોતરો.

૫ ભૂખ થકી બહુ જણનો જાયે પ્રાણ જો; તારણના ભોજનમાં સૌને નોતરો.

૬ જુઓ, જુઓ માગે બહુ જણ ત્રાણ જો; તારણના ભોજનમાં સૌને નોતરો.

૭ તમ પર રાખે આશા વહાલો દેશ જો; તારણના ભોજનમાં સૌને નોતરો.

૮ આપો, આપો જઈને શુભ ઉપદેશ જો; તારણના ભોજનમાં સૌને નોતરો.

૯ રાખો, રાખો ચિંતા સૌની ભ્રાત જો; તારણના ભોજનમાં સૌને નોતરો.

૧૦ પ્રીતે, પ્રીતે કહેજો સૌને વાત જો; તારણના ભોજનમાં સૌને નોતરો.

* * *

## ૧૮ યહોવા મારો પાળક છે

દોહરા

### વાર્તા-૭
### (ગીતશાસ્ત્ર ૨૩)

*કર્તા : જે.વી.એસ.ટેલર*

૧ મારો પાળક દેવ છે, અછત કદી નહિ થાય;
લીલે બીડે તે મને સુવાને લઈ જાય.

૨ શાંત નદીના તીર પર, દોરે ઝાલી હાથ;
મારો જીવ દિને દિને, બળ પકડે સાક્ષાત્.

૩ સત્ય તણો જ્યાં પંથ છે, ત્યાં જ ચલાવે પાય;
એવું દેવ કરે સદા, નામ તણે મહિમાય.

૪ મોત તણી છાંયે થઈ, મારે ફરવું થાય;
તેવા ભયની ખીણમાં, બીક ન જાણું કાંય.

૫ કાંકે તું મુજ પાસ છે, દૂર નથી કો વાર;
તુજ સોટી ને લાકડી, દિલાસો દેનાર.

૬ મારું ભોજન સિદ્ધ પણ વૈરી સમ્મુખ થાય;
માથે ચોળે તેલ તું, મુજ પ્યાલું ઊભરાય.

૭ જીવનના દિન સર્વમાં, પ્રેમ, દયા મુજ પાસ;
ઈશ્વરમંદિરમાં સદા, હું રાખું મુજ વાસ.

* * *

## ૨૪૮ મહાન વૈદ

૮, ૭ સ્વરો ને ટેક

**"The great Physician now is near"**
**Tune : S. S. 49**

### વાર્તા-૮

*કર્તા : ડબ્લ્યુ. હંટર*

*અનુ. : જે. વી. એસ. ટેલર*

૧ મહાન વૈદ પાસ છે, દયા ભરેલ ઈસુ;
બધે કરે દિલાસો તે, સુણો કહે જે ઈસુ. દૂતના.

*ટેક : દૂતના વખાણમાં, માણસોના ગાનમાં,*
*શ્રેષ્ઠ સર્વ તાનમાંઈસુ ધન્ય ઈસુ. દૂતના.*

૨ ક્ષમા કરે કુકર્મની, દયાને કાજ ઈસુ;
ધરો સુચાલ ધર્મની, આપે સુતાજ ઈસુ. દૂતના.

૩ સજીવ તો થયેલ જે, ત્રિધન્ય થાય ઈસુ;
ધરી મહા કરેલ છે, ભજું સુરાય ઈસુ. દૂતના.

૪ અધર્મ દોષ દૂર છે, કરે ઉપાય ઈસુ;
ઉમંગ પૂર્ણ ઉર છે, ધરે સુન્યાય ઈસુ. દૂતના.

૫ તમો બધા વખાણજો પવિત્ર નામ ઈસુ;
ધરી સુધર્મ માનજો, અપાર નામ ઈસુ. દૂતના.

૬ જુવાન, વૃદ્ધ, સહુ કરો, કહે જે કામ ઈસુ;
શ્રમે સુભાવ સહુ ધરો, બૂઝી સુનામ ઈસુ. દૂતના.

૭ પછી ચઢે તો સ્વર્ગમાં, પ્રત્યક્ષ થાય ઈસુ;
વખાણીશું સુસ્વર્ગમાં ત્રિધન્ય રાય ઈસુ. દૂતના.

* * *

## ૩૯૬ સાજાપણું આપનાર હાથ

હર્ષધ્વજા

કર્તા : એમ. ઝેડ. ઠાકોર

### વાર્તા-૯

૧ જે હાથ પૂર્વે શક્તિમાન હતો, રોગી તણા રોગ પ્રેમે હરતો;
જે હાથથી રોગ નિવારણ છે; તે હાથ એવો જ આજે પણ છે.

૨ જે હાથથી આંધળાં જોઈ શક્યાં, લૂલાં હર્ષે કૂદતાં ઘેર ગયાં,
જે હાથથી રોગ નિવારણ છે; તે હાથ એવો જ આજે પણ છે;

૩ જે હાથથી મૃત જીવંત થયાં, જે હાથથી કુષ્ટ રોગો જ ગયા,
જે હાથથી રોગ નિવારણ છે; તે હાથ એવો જ આજે પણ છે.

૪ જે હાથથી તાવ ને દુઃખ ગયાં, જે હાથથી ક્ષુધિત તૃપ્ત થયાં,
જે હાથથી રોગ નિવારણ છે; તે હાથ એવો જ આજે પણ છે.

૫ રે તે જ હાથે સ્પર્શ તું કરજે, વ્યાધિ બધા તું દયાથી હરજે,
રે તે જ હાથે ફરી જીવન દે; રે તે જ હાથે ખરું તારણ દે.

* * *

## ૪૧૮ આકાશમાં મુકામ

*૮, ૬ સ્વરો ને ટેક*

"Now I can read my title clear"

### વાર્તા-૧૦

૧ આકાશમાં મારો છે મુકામ, મને તો છે ખાતરી;
ત્યાં નોંધાવ્યું છે મારું નામ, ને મુક્તિ છે મારી.
*ટેક : ખમીશું આંધી, બંધ થશે જલદી, પછી લંગર નાખીશું. (૨)*

૨ જો મારી સામા ઊઠે લોક, ને તીર ફેંકે શેતાન,
તો પણ મલકાવીશ મારું મુખ, થઈને હિમ્મતવાન.

૩ જો રેલની પેઠે દુઃખ આવે, ને ચિંતા લાગે બહુ,
આકાશમાં દેવ મને લાવશે, દુઃખ, ચિંતા મટશે સહુ.

૪ ત્યાં નહાશે મારો જીવ થાકેલ, સત શાંતિસાગરમાં,
ને દુઃખ તો આવશે નહિ બિલકુલ, મન શાંત રહેશે સદા.

* * *

## ૧૧૦ વધસ્તંભ

*(રાગ : પદ કે ગઝલ ઢાળ. તાલ : કેહરવા)*

*કર્તા : કા. મા. રત્નગ્રાહી*

### વાર્તા-૧૧

*ટેક : જુઓ આ થંભને ધારી રે; વેઠે પ્રભુ વેદના ભારી રે.*

૧ ખીલાથી તેનું અંગ ભંજાયું, રુધિરની થઈ ધાર,
સહે છે પીડા એ ભારી રે. જુઓ.

૨ પાપનો દંડ છે આકરો કેવો, જુઓ જુઓ સહુ કોઈ;
માગે દુઃખ પ્યાસથી વારિ રે. જુઓ.

૩ બૂમ પાડે છે ઉગ્ર તે કેવી, "મૂકી દીધો કેમ, દેવ?"
કહે છે ઈસુ પોકારી રે. જુઓ.

૪ આપણાં પાપનો બોજ ધરીને, બનીને બદલો આપ;
સાધે છે મુક્તિ તે સારી રે. જુઓ.

૫ પાપ નિવારવા આપ મૂઓ છે, ટાળવા પાપનો શ્રાપ;
ઉઘાડવા સ્વર્ગની બારી રે.
જુઓ.

૬ થંભની ઉપર ઊંચો થયો છે, જીવન દેવાને એ;
નિહાળજે દષ્ટિએ તારી રે.
જુઓ.

૭ રુધિરધાર જે અંગથી વહેતી ધોશે સહુ તુજ પાપ;
દેશે સહુ ડાઘ વિદારી રે.
જુઓ.

૮ પ્રેમ અનુપ ને રે'મનો ભૂપ એ બોલાવે પાપીને પાસ;
નિહાળજે દષ્ટિએ તારી રે.
જુઓ.

* * *

## ૪૯૫ બાળકનો તારણહાર ઈસુ

૧૦, ૧૦, ૬ સ્વરો

**"Jesus, my Saviour, to Bethlehem came"**
*Tune : S. S. 40*

**વાર્તા-૧૨**

*અનુ.: જે.એસ.સ્ટીવન્સન*

૧ ઈસુ જે બાળનો તારણહાર, જન્મ્યો ગભાણે નાતાલને વાર,
રે તેની પ્રીતિ અનંત ને અપાર, અવતર્યો મારે કાજ !

૨ ઈસુ જે બાળનો તારણહાર, તે વધસ્તંભે થયો રે મરનાર,
રે તેની પ્રીતિ અનંત ને અપાર, મર્યો તે મારે કાજ !

૩ ઈસુ જે બાળનો તારણહાર, ઊઠીને નીકળ્યો કબરની બહાર,
રે તેની પ્રીતિ અનંત ને અપાર, ઊઠ્યો છે મારે કાજ !

૪ ઈસુ જે બાળનો તારણહાર, સ્વર્ગે ચઢી કરે નિત્ય ઉદ્ધાર,
રે તેની પ્રીતિ અનંત ને અપાર, જીવે છે મારે કાજ !

૫ ઈસુ જે બાળનો તારણહાર, સ્વર્ગેથી પાછો છે તે ઊતરનાર,
રે તેની પ્રીતિ અનંત ને અપાર, આવશે તે મારે કાજ !

* * *

## ૪૧૧ સ્વર્ગી ભુવન

કર્તા : સી. એમ. જસ્ટીન

વાર્તા-૧૩

*ટેક :* *સ્વર્ગ ભુવન મારું વ્હાલું ભુવન હાં,*
*મારે જાવું મારા સ્વર્ગ ભુવનમાં.*

૧ હ્યાં હું પરદેશી ને મુસાફિર,
અલ્પ સમય મારે રહેવું જગતમાં. સ્વર્ગ.

૨ દુઃખ ને ભૂખ તહીં, ન થાક ને તાપ કંઈ,
શોક ન તૃષા મારા સ્વર્ગી સદનમાં. સ્વર્ગ.

૩ ખ્રિસ્ત પ્રભુ, મારા તારણહારા,
તારી કૃપાએ આવું તારા ભુવનમાં. સ્વર્ગ.

૪ સ્વર્ગભુવન, સ્વામી, તારી કૃપા પામી,
અહોનિશ વાસ કરું સ્વર્ગી ભુવનમાં. સ્વર્ગ.

૫ નહિ પરદેશી, નહિ મુસાફિર,
સર્વ સુખાકારી મારા ખ્રિસ્તભુવનમાં. સ્વર્ગ.

# ૩. પસ્તાવો અને પાપની કબૂલાત

## ૨૭૭ આશ્રયની માગણી

ચરણાકુ

વાર્તા-૧૪

કર્તા : જે. વી. એસ. ટેલ

૧ હું તો પાપી દીન બિચારો, તું તો મારો તારણહારો,
આપ કૃપા બહુ કીજે જી. હે પ્રભુ...

*ટેક :* *હે પ્રભુ, દર્શન દેજે જી; તુજ શરણે મને લેજે જી.*

૨ તું તો થઈ સહુ જગનો રાજા, દેહ ધરી તેં પાપી કાજા;
દાસ કરી મને લેજે જી. હે પ્રભુ...

૩ હ્યાં શેતાન વડો દુઃખદાયક, છે સહુ ભૂતળનો તે નાયક;
તેને બાંધી દેજે જી. હે પ્રભુ...

૪ હું તો વિધવિધમાં બહુ ભૂલ્યો, વાત વૃથામાં બહુ બહુ ફૂલ્યો
શુદ્ધ વિવેક જ દેજે જી. હે પ્રભુ...

૫ પૂર્ણ પરાક્રમ તારું જાણું, પ્રેમ,દયા પણ અનહદ માનું;
શુદ્ધ બુદ્ધ વાર્તા દેજે જી. હે પ્રભુ...

* * *

## ૨૧૧ પવિત્રાત્માને આમંત્રણ

*કર્તા : કા. મા. રત્નગ્રાહી*

### વાર્તા-૧૫

૧ જીવનદાતા, પવિત્ર આત્મા, અમમાં વસવા આવો રે;
પચાસમાના બળવાન આત્મા, કરુણા અમ પર લાવો રે.
૨ પચાસમે દિન જેમ પધાર્યા, બળ તેવું તો ધરજો રે;
તરસ્યા થઈને અમો તલપીએ, વૃષ્ટિ ભારે કરજો રે.
૩ સચેત કરવા વહેલા પધારો, મંદ ગતિ થઈ છે ભારી રે;
નબળી હાલત નાથ અમારા, થશે ન તમ વણ સારી રે.
૪ જાગ્રત કરજો, જાગ્રત કરજો, વહેલા વહેલા અમને રે;
આત્મિક શણગાર પે'રાવો અમને, કરગરીએ છીએ તમને રે.
૫ મનડાનો તો મેલ અમારો અગ્નિ થઈને બાળો રે;
અજવાળું અંતરમાં પાડી અંધારાને ટાળો રે.
૬ ઈસુ તણું જે રૂપ મનોહર, તેના જેવા કરજો રે;
પરાક્રમી કરજો, ઓ સ્વામી, નિરબળતાને હરજો રે.

* * *

## ૩૧૭ પ્રાર્થના કરવા વિષે

*વિશેષક*

### વાર્તા-૧૬

*કર્તા : એમ. ઝેડ. ઠાકોર*

૧ પ્રાર્થ કરો સહુ ખ્રિસ્તી જનો, નિત પ્રાર્થ કરો;
પ્રાર્થ કરો દિનરાત તમો, નહિ થાક ધરો;
ગાન કરો સતશાસ્ત્ર ભણો, અતિ ભાવ થકી;
પ્રાર્થ કરો તમ પ્રાર્થ કરો, નિશદિન નકી.
૨ પ્રાર્થ કરો સહુ ખ્રિસ્તી જનો, બહુ જીત થશે;
પ્રાર્થ તણા સત્‌શસ્ત્ર વડે, અરિ દૂર ખસે;

પ્રાર્થ કરો વિશ્વાસ થકી, સહુ દુઃખ જશે;
પ્રાર્થ કરો દિનરાત તમો, સત સુખ થશે.

૩ પ્રાર્થ કરો સહુ ખ્રિસ્તી જનો દુર્બુદ્ધ જશે,
પ્રાર્થ વડે મળતા બળથી, મન શુદ્ધ થશે;
પ્રાર્થ કરો નિત જાગૃત રહી, નહિ થાક ધરો;
ખ્રિસ્ત તણી શુભ સેવ કરી, ભવ પાર તરો.

૪ પ્રાર્થ કરો સહુ ખ્રિસ્તી જનો, સહુ ભ્રાન્ત ટળે;
પાપ ટળે, મન શાંત વળે, શુભ ત્રાણ મળે;
દાસ કહે તમ પ્રાર્થ તણો, નિત શ્વાસ ધરો;
જીવનના સહુ દિવસમાં, નિત પ્રાર્થ કરો.

* * *

# ૨૭૬ ઈસુનો અવાજ

*કર્તા : ધીરજલાલ એસ. ગુર્જર*

## વાર્તા-૧૭

*ટેક : ધીરો મીઠો પ્રેમી અવાજ, પ્રભુ ઈસુનો કોઈ સાંભળો આજ,*
*સુણો કરતો મધુર રણકાર, ઠોકી રહ્યો છે કોઈનું હ્રદય દ્વાર.*

૧ છે કોઈ હૈયું બેચેન બનેલું, જગ ચિંતાના ભારે ભરેલું,
ખૂલશે શું પ્રભુ ઈસુને માટ, સ્વર્ગની ત્યાં થશે શરૂઆત.
૨ છે કોઈ આંખો આંસુ ભરેલી, વ્હાલાંથી તરછોડાયેલી,
પ્રભુ ઈસુના વીંધાયેલ હાથ એકેક આંસુને લૂછશે આજ.
૩ છે કોઈ હૈયું ગમગીન બનેલું, દુશ્મન ઘાથી વીંધાયેલું,
ઘા રુઝવવા હ્રદયના તમામ, પ્રભુ ઈસુ આપે સ્વર્ગીય બામ.
૪ કોણ તરછોડે આ પ્રેમી અવાજ ? કોણ તરછોડે વીંધાયેલ હાથ ?
ના, ના, એમ નહિ કરો કોઈ, છેલ્લો ટકોરો કદાચ આ હોય.

* * *

## ૪૧ રવિવાર

ગરબી

### વાર્તા-૧૮

કર્તા : કા. મા. રત્નગ્રાહી

*ટેક : શુભ દિન આદિતવાર, આનંદકાર ઘણો છે;*
*હેતે હૈયામાં વિચાર, આ દિન પ્રભુ તણો છે.*

૧ કબર ઉપર વિજય પામી, થયો સજીવન આપણો સ્વામી;
મૃત્યુ તણું દુઃખ વામી, આનંદકાર ઘણો છે. શુભ.

૨ ત્રાતાનો વિજયી પ્રેમ સંભારી, સ્તુતિ કરી બહુ થઈએ આભારી;
રાખવી રીત આ સારી, આનંદકાર ઘણો છે. શુભ.

૩ આ દિને ઈશ્વરમંદિરે જઈએ, ભક્તિના કાર્યમાં સામેલ થઈએ
શિક્ષણ શાસ્ત્રનું લઈએ, આનંદકાર ઘણો છે. શુભ.

૪ સંસારી કામથી નિવૃત્તિ લીજે, શાસ્ત્રકથામૃત પાન જ કીજે;
જેથી પ્રભુજી રીઝે, આનંદકાર ઘણો છે. શુભ.

૫ પ્રભુ તણો આ દિન છે સારો, સદાના વિશ્રામનો એ ઈશારો;
શુભ રીતે તે વિચારો, આનંદકાર ઘણો છે. શુભ.

***

## ૩૪૫ પ્રભુને આપવા વિષે

કર્તા : દાનિયેલ ડાહ્યાભાઈ

### વાર્તા-૧૯

*ટેક : આપો પ્રભુને આનંદે, વહાલાંઓ દેવનાં.*

૧ આપો સહુ શક્તિ પ્રમાણે, સંતોષ થકી દર ટાણે;
નવ હાથ ડાબો જાણે રે, વહાલાંઓ.-

૨ ધનવાન હતો રાજન જે પણ છેક થયો નિરધન તે;
કરવા સુખી આપણને રે, વહાલાંઓ.-

૩ આપો બહુ હેત કરીને, ત્રાતાની પ્રીત સ્મરીને,
મન, ભાવ સત્ય ધરીને રે, વહાલાંઓ.-

૪ આપો ને તમને અપાશે, સ્વરનાં દ્વારો ઉઘડાશે;
આશિષ બહુ ઉભરાશે રે, વહાલાંઓ.-

***

# ૧૪૨ દશ કુમારિકાઓનું દષ્ટાંત

ગરબી

કર્તા : કા. મા. રત્નગ્રાહી

૧ દશ કુમારિકાઓ નીકળી, ગઈ વરને મળવા બા'ર;
મળવા ચાલી સુંદર વરરાજાને.

૨ સહુ મશાલો લઈને નીકળી, થઈ વરને આવતાં વાર;
મળવા ચાલી સુંદર વરરાજાને.

૩ સહુ ઊંઘી ગઈ ઝોકાં ખાઈ, મધરાતે પડ્યો પોકાર;
મળવા આવો સુંદર વરરાજાને.

૪ હતી પાંચ ડાહી મહીં સુંદરી, તેઓ થઈ ગઈ તૈયાર;
મળવા ચાલી સુંદર વરરાજાને.

૫ હતી પાંચ તેમાંની મૂરખી, ન'તું તેલ પાસે લગાર;
મળવા ચાલી સુંદર વરરાજાને.

૬ તેમની મશાલો હોલવાઈ જાય છે, મંડી વિમાસવા તે વાર;
મળવા ચાલી સુંદર વરરાજાને.

૭ ગઈ ચૌટામાં દીવેલ ખોળવા, વીત્યો વખત રહી ગઈ બા'ર;
મળવા ચાલી સુંદર વરરાજાને.

૮ આવી પાછી, જુઓ, સહુ બાળાઓ, દીઠાં બંધ કરેલાં દ્વાર;
મળવા આવી સુંદર વરરાજાને.

૯ રૂએ, પોકારે સર્વ સુંદરીઓ, અરે પ્રભુ, તું દ્વાર ઉઘાડ;
મળવા આવી સુંદર વરરાજાને.

૧૦ પ્રભુ કહે, સુણો, સહુ સુંદરીઓ, તમે રહ્યાં ન કેમ તૈયાર?
મળશો નહિ સુંદર વરરાજાને.

૧૧ હું તો પિછાણું નહિ, બાળા, તમને, તમે સદાય રહેશો બા'ર;
મળશો નહિ સુંદર વરરાજાને.

* * *

# ૭. પુનરાગમન

## ૧૩૮ સ્વર્ગી આશા

ગરબી

કર્તા : કા. મા. રત્નગ્રાહી

### વાર્તા-૨૧

*ટેક : મારો ખ્રિસ્ત પ્રભુજી આવશે રે, અમને લેવા સ્વર્ગી ધામ.*

૧ સ્વરની શોભા હું શી કહું રે, એ તો દિવ્ય અનુપમ ઠામ. મારો.
૨ ત્યાં તો દુઃખ,પીડા,નહિ રોગ છે રે, આધિ, વ્યાધિનું નહિ નામ. મારો.
૩ આંખો આંસુ નહિ વે'વડાવશે રે, ચકને મળશે ત્યાં આરામ. મારો.
૪ સ્વરની જ્યોતિ ઈસુ પ્રભુ રે, ત્યાં તો ભાણ તણું નહિ કામ. મારો.
૫ ત્યાં તો ભેટ થશે પિતા તણી રે, જેને જોવાની છે હામ. મારો.
૬ લાખો દૂતો ત્યાં તો ભેટશે રે, રટતાં ઈસુ કેરું નામ. મારો.
૭ વહાલાં માતપિતા ને બાળકો રે, સૌને જોઈશું તે સુખધામ. મારો.
૮ પાપી જગમાં હમણાં વાસ છે રે, એ તો નિસાસાનું ઠામ. મારો.
૯ અમે સ્વર્ગ ભણી ચક રાખીએ રે, એ તો આત્માનો આરામ. મારો.
૧૦ અમને મોત નહિ ગભરાવશે રે, પ્રભુએ કાઢ્યો ડંખ તમામ. મારો.

* * *

## ૩૯૨ તમારા દીવા સળગતા રાખો

*(લૂક ૧૨ : ૩૫; માથ્થી ૨૪ :૧૩-૧૪)*

### વાર્તા-૨૨ *(રાગ : હંસલો ચાલ્યો જવાનો એકલો રે)*

કર્તા : સુરેન્દ્ર આસ્થાવાદી

૧ રાખજો દીવા સળગતા રાખજો રે,
વાયરે જો જો ન હોલવાઈ જાય... (૨)... રાખજો.
૨ રાખજો કમર કસેલી રાખજો રે,
કમરબંધ ન સરકી જાય... (૨)...રાખજો.
૩ અંતની ઘડીઓ હવે તો આવશે રે,
ઘરમાં ઘૂસી જાએ જ્યમ ચોર... (૨)...રાખજો.

४ જાણજો દુશ્મનનાં ધાડાં આવશે રે,
ત્યારે યુદ્ધ થશે ઘનઘોર... (૨)...રાખજો.

૫ દેવની વાણી જગતમાં વ્યાપશે રે,
ત્યારે થાશે જગતનો અંત... (૨)...રાખજો.

૬ અંતે ટકે તે તારણ પામશે રે,
પ્રાર્થના કરજો રાખીને ખંત... (૨)...રાખજો.

* * *

## ૪૮૩ નીતિબોધ

દોહરા

*કર્તા : જે.વી.એસ. ટેલર*

### વાર્તા-૨૩

સાચું સદાય બોલતાં ખોટું કર તું દૂર;
સત્ય જ ઈશ્વરને ગમે, ફાવે સત્ય જરૂર.
જૂઠાનો તું દ્વેષ કર, ભળ સાચાની સાથ;
સર્વ તારા કામમાં સત્ય જ વદ દિન રાત.

* * *

## ૧૭૫ પ્રભુ ઈસુનો પ્રેમ

*સિંહાનો કનરો*

*કર્તા : સી. એમ. જસ્ટીન*

### વાર્તા-૨૪

*ટેક : પ્રેમ ઈસુનો છે અવિનાશી, જઈ વળગું હું તેને નિરાશી.*

૧ આ ભૂતળમાં કો નવ દીઠો, સાગર પ્રેમ તણો કો નિવાસી.પ્રેમ.

૨ જૂઠા પ્રેમી, જૂઠા રહેમી, અલ્પ સમયના ભૂતળવાસી.પ્રેમ.

૩ પાપથી મરતાં જેણે બચાવ્યાં, અખંડ રહ્યો તેનો પ્રેમ વિકાસી.પ્રેમ.

૪ અવર ન કો દેખું દુનિયામાં, તુજ વિણ પ્રેમ જે ઊઠતો પ્રકાશી પ્રેમ.

૫ ધન, ધન, પ્રિય ઈસુ, તુજને, દાસ થઈ હું ગાઉં ઉલ્લાસી.પ્રેમ.

* * *

## ૪૦૦ હોડી હંકારો

*કર્તા : ગેર્શોમ એસ. દાસ*

**વાર્તા-૨૫**

૧ હોડી હંકારો, નાવિક, મારી, જવું છે પેલે પાર આશા તમારી...હોડી.

૨ આણી પેરનું નહિ ધામ અમારું, પેલી મેરનું ખરું સુખ દેનારું......હોડી.

૩ ઝોલાં ખાએ છે નાવ અતિ લ્યાં, માર્ગ સૂઝે નહિ મારે જવું ક્યાં....હોડી.

૪ હળવે હંકારો પાર ઉતારો, જળે સતાવે પવન ધુતારો........હોડી.

૫ જળચર પ્રાણી જળમાં વસે છે, દેખી મુજ નાવ તે સામે ધસે છે...હોડી.

૬ ખડકો અતિ મહીં છુપા રહ્યા છે, કંઈક નાવોના ત્યાં ભૂકા થયા છે..હોડી.

૭ નાવિક ખરો પ્રભુ ઈસુ તું મારો, ભવસાગરમાં દો સૌને સહારો....હોડી.

* * *

## ૩૧૮ સત્યની વહાર માટે વિનંતી

*(છબી ખૂબ સારી-એ રાગ)*

**વાર્તા-૨૬**

*કર્તા : આર. પી. ક્રિસ્ટી*

*ટેક : હે સતસ્વામી, સતના બેલી, સત્યની વા'રે ચઢજો રે.*

૧ અસત જગતમાં અતિ ઘણું છે, સતમાં પગ મુજ ધરજો રે. હે.

૨ પળ પળ અમને અસત નડે છે, ભય તેનું તો હરજો રે. હે.

૩ બોલે, ચાલે, ગુપ્ત વિચારે, મમ સંગે સંચરજો રે. હે.

૪ પારખ સતની કાંચન સરખી અગન ભઠ્ઠીમાં કરજો રે. હે.

૫ અસત તણો પરિહાર કરાવી સત્ય તણો જય કરજો રે. હે.

* * *

## ૪૩૪ લગ્નપ્રસંગે ગાવાનું

ઘોળ

*ટેક: દેવે નર નારીનું જોડું જોડિયું, એમાં ઉત્તમ અર્થ દેખાય;*
*પ્રભુ, આશિષ આપજો.*

૧ જગનાં વાનાંનો ઉપભોગ પામતાં સદા સારાં સંપીલાં જ થાય; પ્રભુ.

૨ એકમેક સાથે પ્રીતિએ ચાલે, સાચા બંધનમાં રહે સદાય; પ્રભુ.

૩ પ્રભુ, જોડું જોડે જો તું પોતે, એ તો અતિ સુંદર દેખાય; પ્રભુ.

૪ ઘરદ્વારની રક્ષા પ્રભુ કરે ત્યારે સર્વ સફળ જ થાય; પ્રભુ.

૫ જગમાં જ્યાં લગ જીવે આ જોડું, સુખદુઃખમાં થજો સહાય; પ્રભુ.

૬ સર્વ રૂડાં કામોમાં ફળે ઘણાં, જેમાં તુજ મહિમા જ દેખાય; પ્રભુ.

૭ પવિત્રતાનું તેજ દીસે ઘણું, જેમાં ઈસુનું નામ વખણાય; પ્રભુ.

૮ સર્વ સદ્‌ગુણોમાં વૃદ્ધિ પામજો, જેમાં સત વિશ્વાસ જણાય; પ્રભુ.

૯ તારી સર્વ સભા વિષે માગીએ, સત ભક્તિમાં વધો સદાય; પ્રભુ.

૧૦ પિતા, પુત્ર, પવિત્ર આત્મા, રહેજો સંગ તમોમાં સદાય; પ્રભુ.

***

## ૧૪૦ ખ્રિસ્તનું પુનરાગમન

ઝૂલણા વૃત્ત

**વાર્તા-૨૮**

*કર્તા : એલિશા ઈ. શાસ્ત્રી*

*ટેક: ખ્રિસ્ત તો આવશે વાર નહિ લાગશે, ભેટવા વાટ જો ભ્રાત મારા.*

૧ હોય નિશા ઘણી ઘોર બિહામણી, આવતાં ભાણને ભોમ પાસે;
એમ સૌ ભ્રષ્ટતા ચાલતી હાલની, જાણીને જાગવું દેવદાસે.

૨ જિંદગી જાય છે વેગથી આપણી, લાગ છે સેવનો એટલામાં,
કાળને કામમાં લાવવા ભૂલ મા, દિલથી ખ્રિસ્તની રાહ જોતાં,

૩ શાસ્ત્રમાં વાંચતાં નીરખો વાક્યને, કોલ આપે પ્રભુ આવવાનો;
કેમ કે લોક મારા બધા ત્યાં રહે, જ્યાં રહું આપ ત્યાં મુજ દાસો.

૪ આભમાં ફૂંકશે દૂત રણશિંગડું, જાગશે સંત સૌ તે જ વારે;
દોડશે હર્ષથી ભેટવા નાથને, સૌ મૂઆ જીવતા એક હારે.

૫ તે સમે વિપત્તિ લોકને બહુ થશે, જે કદી ન થઈ, ન થવાની;
કાળ બિહામણો લાગશે તે સમે, દુ:ખ ને મારથી થાય હાનિ.

૬ બુદ્ધિ ને ન્યાયથી ચાલવું આ જગે, ગાળવી ભક્તિમાં જિંદગાની,
તો પછી ખ્રિસ્તને ભેટતાં ભાવથી બીક તો લેશ નહિ લાગવાની.

* * *

# ૨૬૮ "જ્ઞાન હાંક મારે છે"

**વાર્તા-૨૯** "The Voice of Wisdom cries"

*ટેક : પરમેશ્વર બોલાવે, આવો રે.*

૧ સઘળાં પાપથી ફરો, ને કરો પસ્તાવો;
મુક્તિમાર્ગમાં ચાલો, આવો રે. પરમેશ્વર.

૨ તમે જે ઘરડાં છો, આવો રે,
તમ મોત જલદી આવશે, હાલ મુક્તિનો દિન છે;
પ્રભુ દયા કરશે, આવો રે. પરમેશ્વર.

૩ તમે જે છો જુવાન, આવો રે,
પામો મુક્તિનું દાન, આપો ઈસુને માન,
સૈનિકો થાઓ બળવાન, આવો રે. પરમેશ્વર.

૪ બારણું છે ઉઘાડું, આવો રે,
પણ બંધ થશે જ્યારે, રે શું કરશો ત્યારે?
અફસોસ થશે તમને, આવો રે. પરમેશ્વર.

* * *

## ૩૨૯ આત્મસમર્પણ

*કર્તા : કે. આર. સાંગળે*

### વાર્તા-૩૦

*અનુ. : ડી. પી. મકવાણા*

*(તન, મન, ધન, પ્રભુ, તવ, ચરણી-એ મરાઠી ગીતનું ભાષાંતર)*

*ટેક :* તન, મન, ધન, પ્રભુ, તુજ ચરણે, તુજ સઘળું છે, તેં જ દીધું છે,
અકળિત તુજ કરણી.

૧ મારું છે તે હું જ કમાયો,
મુજ મનના એવા અભિમાને
ખિન્નતા હાલ ઘણી.

૨ હું, મમ ભાર્યા, કન્યા, સુત, સૌ
દાસ છીએ ચરણોના તારા,
પ્રિયતમ તું જ ધણી.

૩ વાત, વિચાર ને વર્તન મમ સૌ
તુજ ઇચ્છાવશ છે, હે સ્વામી !
મન ધરું છું ધરણી.

૪ રસ્તો, સત્ય, જીવન મમ તું,
આશ્રિત લે ભવ પાર ઉતારી
ટાળી બદકરણી.

* * *

## ૩૮૬ આત્મિક શણગાર

*કર્તા : ગેર્શોમ સોમાભાઈ*

### વાર્તા-૩૧

*ટેક : આત્મિક શણગાર સજો, વીરલા રે...એ છે હથિયાર વીરનાં.*

૧ સત્યે તમારી કમ્મર બાંધો તો, વીરતણું ખૂટે નીર ના રે.....એ છે.
૨ બખ્તર પહેરો ન્યાયીપણાનું, રક્ષોને ભાગો શરીરના રે....એ છે.
૩ પહેરો પગરખાં શાંતિ તણાં તો, રણે હઠે કદી વીર ના રે.....એ છે.
૪ ઢાલ ધરી વિશ્વાસની સામે, ઝીલે ઘા તરવાર તીરના રે...એ છે.
૫ ટોપ તારણનો મસ્તકે મૂકો, કદી ઘવાએ શિર ના રે......એ છે.
૬ આત્મા તણી તરવાર ધરો તો, દુશ્મન રણે રહે સ્થિર ના રે..એ છે.
૭ લડો, પડો, પણ લેશ ડરો નહિ, બેલી ઊભા પ્રભુ વીરના રે...એ છે.

* * *

**અનુવાદકનાં અન્ય અનુવાદિત પુસ્તકો :**

૧. ડૉ. ડેવીડ લિવિંગસ્ટન

૨. રેવ. રોબર્ટ હેન્ડરસન

૩. સાત ખતરનાક પાપ

૪. કાલવરીનો અદ્‌ભુત વધસ્થંભ

૫. મેરી જોન્સ અને તેનું બાઈબલ

૬. ઈશ્વર મારા ધંધાના માલિક

૭. સહકારી મંડળી

૮. પ્રબોધકો અને તેમનાં કાર્યો

**સંપાદક ડૉ. ઈમાનુએલ ક્રિશ્ચિયનનાં મૌલિક પુસ્તકો :**

૧. સભાશિક્ષકનો ખુલાસો

૨. અયૂબનો ખુલાસો

૩. યશાયાનો ખુલાસો